શતાબ્દી પ્રકાશ-માળા

સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા સમન્વિત

# સ્વામિનારાયણ પ્રકાશ

વાર્ષિક લવાજમ રૂા. ૧૨૫/-

ફેબ્રુઆરી, ૨૦૨૧

ભૂતળ ભક્તિ પદારથ મોટું...

## ભક્તિપુરુષ પ્રમુખસ્વામી મહારાજની

શ્રીહરિકૃષ્ણ મહારાજ પ્રત્યેની પરાભક્તિ







**પરાભક્તિમાં રમમાણ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ**

અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીથી લઈને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને વર્તમાન સમયે પ્રગટ ગુરુહરિ મહંત સ્વામી મહારાજે જેમની પરાભક્તિ કરીને ભક્તિનો શાશ્વત આદર્શ પૂરો પાડ્યો છે, એ હરિકૃષ્ણ મહારાજની નવધા ભક્તિમાં લીન ગુરુહરિ મહંત સ્વામી મહારાજની સ્મૃતિછબિઓ...



## ભૂતલ ભક્તિ પદારથ મોટું...

# ભક્તિપુરુષ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજને શતાબ્દીએ વંદના...

**સ**ન ૨૦૨૧ના વર્ષનું પરોઢ થયું છે. ૧૯૨૧થી ૨૦૨૧ના આ વર્ષ દરમ્યાન સો સો વર્ષોનાં વ્હાણાં વાઈ ગયાં છે.

**આ** સો વર્ષના ઇતિહાસના સમયપટ પર કેટલાંય વહેણ વહી ગયાં છે - ધાર્મિક, સામાજિક, રાજકીય અને બીજી અનેક બાબતોનાં. આ છેલ્લાં સો વર્ષોને વિશ્વ અનેક બાબતો માટે યાદ રાખશે. પરંતુ તેમાં જેની નોંધ કાયમ આદરપૂર્વક લેવાતી રહેશે એવી એક પવિત્ર બાબત બની હતી - ગુજરાતના એક નાનકડા ખૂણે લપાયેલા ચાણસદ જેવા નાનકડા ગામમાં એક યુગવિભૂતિનો જન્મ.

**યુ**ગવિભૂતિ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનો જન્મ. તા. ૭ ડિસેમ્બર, ૧૯૨૧, સવારના ૮ વાગે. પાટીદાર કુળમાં જન્મેલા પ્રમુખસ્વામી મહારાજ એટલે એક એવું વિરાટ વડલા સમાન શીતળ વ્યક્તિત્વ, જે સ્વામિનારાયણ સંપ્રદાય જ નહીં, ગુજરાત જ નહીં, ભારત જ નહીં, પરંતુ તમામ સીમાડાઓથી પર, સૌ કોઈને પોતાના લાગે. જેના ખોળે માથું મૂકી દેવાનું સૌને સ્હેજે મન થઈ જાય એવા સૌના આત્મીય સ્વજન. જ્યાં સૌ કોઈને શાંતિ અનુભવાય.

**બ્ર**હ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના દિવ્ય જીવનનું આ એકસોમું વર્ષ આરંભાયું છે ત્યારે, સૌનાં ભલા માટે પોતાની જાતને જીવનભર હોમી દેનાર એ મહાપુરુષને કેવી રીતે શતાબ્દી-અંજલિ અર્પવી? એ માટે સૌ કોઈ થનગને છે. ઠેર ઠેર અનેકવિધ ભક્તિપૂર્ણ ભાવોની ભરતી ઊઠી છે. લાખો હૈયે પ્રમુખસ્વામી મહારાજનાં અપાર ઉપકારો અને સંસ્મરણોના દીવડા ઝળહળે છે. 'સ્વામિનારાયણ પ્રકાશ' પણ એમાંથી બાકાત નથી. કેવી રીતે પ્રમુખસ્વામી મહારાજના વિરાટ વ્યક્તિત્વનો આસ્વાદ કરાવી શકાય?

**'સ્વા**મિનારાયણ પ્રકાશે' મંથન કર્યું અને પહેલી બાબત ઊભરી આવી તે છે – એક અજોડ ભક્તિપુરુષ તરીકેની પ્રમુખસ્વામી મહારાજની આગવી ઓળખ. એટલે જ, આ અંકથી શરૂ થતી 'શતાબ્દી પ્રકાશ-માળા'ના આ પ્રથમ મણકામાં ભક્તિની ગરિમા અને ગુણાતીત ભક્તિની ગાથા સાથે આ અંક તેમની પરાભક્તિનું સ્મરણ કરતાં એક ભાવપુષ્પ ધરે છે.

**શું** છે આ ભક્તિનું તત્ત્વ? આવો, પ્રથમ એ સમજીએ. જીવન મ્હોરે છે, પ્રેમમાંથી. એટલે જ વ્યક્તિમાત્રને જીવનભરની ઝંખના રહે છે, પ્રેમ પામવાની. પૃથ્વી પર જન્મેલ એક પણ વ્યક્તિ કે પ્રાણી એવું નહીં હોય કે જેને પ્રેમની ઝંખના ન હોય. પરંતુ પ્રેમ આપવાની અને પ્રેમ પામવાની એ સ્વાભાવિકતામાં જ્યારે નિશાન બદલાય છે, વ્યક્તિને બદલે પરમાત્માનું નિશાન સંધાય છે, ત્યારે એ પ્રેમ, પ્રેમ મટીને ભક્તિ બની જાય છે. એક આધ્યાત્મિક યાત્રા બની જાય છે. મોક્ષની એક કૂંચી બની જાય છે.

**ભા**રત એવી પ્રેમભક્તિની ભૂમિ છે. ભારતીય સંસ્કૃતિનો એ પ્રાણ છે. વૈદિક સમયથી લઈને આજપર્યંત ભક્તિરસે ભારતીય સંસ્કૃતિને પોષી છે, જીવંત રાખી છે. અનેક વિદેશી આક્રમણો વચ્ચે ભક્તિરસના એ પ્રવાહે સંસ્કૃતિને ધબકતી રાખી છે.

“

**‘એક અણુમાં કેટલી તાકાત છે! આખી દુનિયા ખલાસ કરી શકાય અથવા તો સારું સર્જન પણ કરી શકાય. અણુની એવી શક્તિ છે, પણ એના કરતાં પણ ભગવાનની શક્તિ અનંત ગણી છે. માટે ભગવાનનું બળ રાખીશું તો બધાં જ કાર્ય થશે. એમનો મહિમા સમજીને ભક્તિ કરીશું તો શક્તિ મળશે, અને અક્ષરધામ પમાશે.’**

**– પ્રમુખસ્વામી મહારાજ**

”

## ક્રમિકા


૩. શતાબ્દી પ્રકાશમાળા:
ભૂતલ ભક્તિ પદારથ મોટું
– સાધુ અક્ષરવત્સલદાસ

૬. શતાબ્દી સ્મૃતિ

૮. અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીની દિવ્ય ભક્તિ
– સાધુ અક્ષરવત્સલદાસ

૨૦. પરાભક્તિનું મૂર્તિમંત સ્વરૂપ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ
– સાધુ અક્ષરજીવનદાસ

૩૦. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનો ૯૯મો જન્મજયંતી મહોત્સવ

૪૧. લંડનમાં માર્ગને અપાયું ‘પ્રમુખસ્વામી માર્ગ’ તરીકે નામાભિધાન
● યુ.એ.ઈ.માં બી.એ.પી.એસ. હિન્દુ મંદિરને અપાયો ‘ઇન્ટિરિયર ડિઝાઈન ઍવોર્ડ’
● યુ.કે.માં બી.એ.પી.એસ.ને કોરોના મહામારીમાં સેવા બદલ અપાયો કોમ્યુનિટી ઍવોર્ડ

૪૬. અભિનંદન-અક્ષરવાસ

૫૦. યોગાસન


**ભૂ**તળ પર ભક્તિનો આરંભ ક્યારથી થયો હશે એનો ઇતિહાસ લખવો તે આભને માપવા બરાબર છે, પરંતુ એટલું ચોક્કસ છે કે જ્યારથી ભારતીય સંસ્કૃતિનો ઇતિહાસ રચાવો શરૂ થયો છે ત્યારથી, આદિ સમયથી, વૈદિક, પૌરાણિક અને આગમ પરંપરામાં ઠેર ઠેર ભક્તિ-ગંગા વહેતી જોવા મળે છે. ભારતમાં ભક્તિની ભરતી બે સમાંતર પ્રવાહોમાં વહેતી રહી છે. એક પ્રવાહ છે, દક્ષિણમાં આગમ પરંપરાનો. અને બીજો પ્રવાહ છે, ઉત્તરનો નિગમ-વૈદિક પરંપરાનો.

ભક્તિની આ ભારતીય પરંપરામાં શ્રીમદ્ ભાગવત જેવાં પુરાણશાસ્ત્રો પ્રાચીન ભક્તિની એક ચરમસીમા દર્શાવે છે.

**ઉ**ત્તર વૈદિક સમયમાં ભાગવત પરંપરાએ ભક્તિને ખૂબ વેગ આપ્યો. એટલી હદે કે સંસ્કૃત વ્યાકરણના જનક ગણાતા વિખ્યાત વ્યાકરણ-શાસ્ત્રી પાણિનિના સમયમાં શ્રીવાસુદેવની ભક્તિ કરનારા ભક્તો ‘ભાગવત’ તરીકે ઓળખાવા લાગ્યા. ૨૦૦૦ વર્ષ પહેલાં થયેલા ગુપ્ત સામ્રાજ્યના સમ્રાટ સમુદ્રગુપ્ત, ચંદ્રગુપ્ત દ્વિતીય વગેરેને તો ‘પરમ ભાગવત’ તરીકે સંબોધવામાં આવ્યા, જેમના સમયમાં ભક્તિ ખૂબ વ્યાપક બની હતી.[૧]

**ભા**રતની ભક્તિપરંપરામાં એવા આદરણીય ‘ભાગવતો’માં ગ્રીક રાજદૂત હેલિયોડોરસ(Heliodorus)નું નામ પણ ખૂબ આદરપૂર્વક લેવામાં આવતું હતું, જે ઇન્ડો-ગ્રીક સમ્રાટ એન્ટિયાલ્સીદસ નિકેફોરસ[૨] વતી સમ્રાટ કાશીપુત્ર ભગભદ્રના રાજ્ય ખાતે રાજદૂત તરીકે આવ્યો હતો. તેણે મધ્યપ્રદેશમાં વિદિશા ખાતે વાસુદેવની પ્રતિષ્ઠાવેળાએ પોતાની ભક્તિરૂપે રચાવેલો વાસુદેવનો ગરુડસ્તંભ આજેય તેની ભક્તિની સાક્ષી પૂરે છે. તેના શિલાલેખમાં દર્શાવ્યા મુજબ વિદ્વાનોએ સાબિત કરી બતાવ્યું છે કે અહીં ઈ.સ. પૂર્વે ૪થી શતાબ્દીમાં વિષ્ણુ-ભક્તિની સાક્ષી પૂરતું વિશાળ મંદિર હતું.

**ભા**રતની આ ભક્તિ પરંપરાને સતત વહેતી રાખી - તેના વાહક આવા ભાગવત ભક્તોએ. તેમાં દક્ષિણ ભારતના આલવાર ભક્તોને અવશ્ય યાદ કરવા ઘટે. આ આલવાર ભક્તો ગામડે ગામડે ઘૂમીને ભગવાનની લગનીમાં એકતાર થઈ ભક્તિપદો ગાતાં હતાં. સન આઠમી શતાબ્દીથી લઈને બારમી શતાબ્દી સુધી એમણે ભક્તિનું એક મોજું પ્રસરાવ્યું હતું. આ આલવાર ભક્તોનાં ભક્તિપદોએ આમજનતામાં ભક્તિનું એક એવું આંદોલન જગાવ્યું કે એ ભજનોનું નામ જ ‘વૈષ્ણવવેદ’ પડી ગયું.[૩]

---

૧. भगवत्शरण उपाध्याय, *गुप्तकाल का सांस्कृतिक इतिहास*, हिन्दी समिति, उत्तर प्रदेश सूचना विभाग, 2005, पृ. 320.

૨. Antialcidas Nikephoros, BCE 115.

૩. Dr. Malati Malik, *History of India*, New Sarswati House (India) Pvt. Ltd. (New Delhi), 2016. p. 133



गुणातीतोऽक्षरं ब्रह्म भगवान् पुरुषोत्तमः।
जनो जानन्निदं सत्यं, मुच्यते भवबन्धनात्॥

**સ્વામિનારાયણ પ્રકાશ**

**સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા**

**વર્ષ : ૮૩, અંક : ૨, ફેબ્રુઆરી, ૨૦૨૧**

**સંસ્થાપકઃ** બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ સ્વામીશ્રી યજ્ઞપુરુષદાસજી
**પોષક :** બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

સન ૧૯૩૮, શરદપૂનમથી પ્રારંભાયેલું, દર માસની ૧લી તારીખે પ્રકાશિત થતું, શીલ, સંસ્કાર, ભક્તિ-ઉપાસનાની પુષ્ટિ કરતું સંપ્રદાયનું સૌથી જૂનું સામયિક ‘સ્વામિનારાયણ પ્રકાશ’ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું રજિસ્ટર્ડ મુખપત્ર છે. સન ૧૯૫૫થી સંસ્થાનું દર એકાંતર સોમવારે પ્રકાશિત થતું પાક્ષિક, બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ સ્વામી જ્ઞાનજીવનદાસજી દ્વારા સ્થાપિત ‘સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા’ ૪૫ વર્ષ બાદ ૨૦૦૧થી ‘સ્વામિનારાયણ પ્રકાશ’માં સંમિલિત કરવામાં આવ્યું છે.

**પ્રકાશક** : સ્વામિનારાયણ અક્ષરપીઠ
**તંત્રી** : સાધુ સ્વયંપ્રકાશદાસ
**પરામર્શકો** : સાધુ ઈશ્વરચરણદાસ, સાધુ વિવેકસાગરદાસ
**સંપાદકો** : સાધુ અક્ષરજીવનદાસ, સાધુ અક્ષરવત્સલદાસ
**કલાનિર્દેશક** : સાધુ શ્રીજીસ્વરૂપદાસ
**વ્યવસ્થાપકઃ** સાધુ નિખિલેશદાસ

**મૂળ વાર્ષિક લવાજમ** : રૂા. ૧૯૦/-
**ઘટાડેલું લવાજમ** : રૂા. ૧૨૫/-
**પરદેશમાં લવાજમ** : £ ૧૫ (યુરોપ)
: $ ૨૫(યુ.એસ.એ.)

**લેખો અંગે પત્રવ્યવહાર:**
**prakash@in.baps.org**
**‘પ્રકાશ-પત્રિકા’ સંપાદન કાર્યાલય,**
સ્વામિનારાયણ અક્ષરપીઠ, અમદાવાદ - ૩૮૦ ૦૦૪.

**લવાજમ અંગે પત્રવ્યવહાર:**
**magazines@in.baps.org**
**‘પ્રકાશ-પત્રિકા’ લવાજમ કાર્યાલય,**
**સ્વામિનારાયણ અક્ષરપીઠ, અમદાવાદ-૪.**

**Website:**
**www.baps.org, magazines.baps.org**

આલવારો પછી આચાર્યોની શ્રૃંખલા શરૂ થઈ જેમણે ભક્તિ અને તત્ત્વજ્ઞાનને સાથે જોડ્યાં. જેમાં ‘શ્રીકૃષ્ણ ભવતુ મમ અક્ષિવિષય:’ અને ‘ભજ ગોવિંદમ્’ ગાનારા શંકરાચાર્ય પણ હતા. રામાનુજ, નિમ્બાર્ક, મધ્વ, વલ્લભ, ચૈતન્ય વગેરે મહાન આચાર્યો પણ એ ભક્તિ-પરંપરાના પરમ પ્રવર્તકો બની રહ્યા. એ સૌ આચાર્યોએ પોતાની વિદ્વત્તા, ભક્તિ અને તર્કશક્તિ દ્વારા વિશિષ્ટ ભક્તિપરંપરાઓ શરૂ કરી, જેને અનુસરનારા પણ ભક્તિના છડીદારો બની રહ્યા.

૧૨મી શતાબ્દીમાં ગીતગોવિંદના રચયિતા જયદેવે ભક્તિની એવી ઉચ્ચ રચનાઓ પ્રસ્તુત કરી કે જે આજે પણ તેની આગવી ઓળખ જાળવી રાખે છે. બીજી તરફ બંગાળમાં ચંડીદાસ જેવા મહાન ભક્તકવિઓ પાક્યા, જેમણે રચેલાં ભક્તિકીર્તનોનો ગુંજારવ સમગ્ર બંગાળમાં ફેલાઈ ગયો. ચંડીદાસની પરંપરામાં ચૈતન્ય મહાપ્રભુએ ભાવુકતા સભર ભક્તિની લહેર પ્રસરાવી દીધી. એક વિદ્વાન સંન્યાસી હોવા છતાં, શ્રી ચૈતન્ય પોતાના પ્રિય પરમાત્માની ભક્તિ કરવામાં એવા પ્રેમમય બની જતા કે પોતાની જાતની સૂધબૂધ પણ ખોઈ બેસતા. તેમને ભક્તિની સાક્ષાત્ મૂર્તિ તરીકે સૌ ઓળખવા લાગ્યા! તો ઉત્તરમાં સૂરદાસ અને અષ્ટકવિઓ, તુલસીદાસ વગેરેએ પણ ભક્તિની અનોખી આબોહવા વહેતી કરી હતી. આમ, દક્ષિણ, પૂર્વ, ઉત્તરમાં વિસ્તરેલાં ભક્તિ-આંદોલનો ૧૬મી શતાબ્દીમાં પશ્ચિમ ભારતમાં રાજસ્થાન અને ગુજરાતમાં પણ પ્રવેશી ચૂક્યાં હતાં. ગુજરાત અને રાજસ્થાન આવે એટલે નરસિંહ મહેતા અને મીરાં સહેજે હૃદયપટ પર ઊભરી આવે. ‘મેરે તો ગિરધર ગોપાલ દૂસરો ન કોઈ...’ કે ‘વૈષ્ણવજન તો તેને રે કહીએ...’ જેવાં પ્રેમભક્તિમય પદોની અસર આજે પણ એવી ને એવી તાજગીસભર અનુભવાય છે. ૧૮મી સદીના અંતમાં અને ૧૯મી સદીના પ્રારંભે ગુજરાતમાં પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણે ભક્તિનું જે અનોખું આંદોલન જગાવ્યું તે ગુજરાતના સાંસ્કૃતિક ઘડતરમાં બહુ જ મોટું યોગદાનરૂપ બની રહ્યું. મુક્તાનંદ, બ્રહ્માનંદ, પ્રેમાનંદ, નિષ્કુળાનંદ વગેરે મહાન સ્વામિનારાયણીય સંતકવિઓની ભક્તિ-રચનાઓ ગાંધીજીથી લઈને ગામડાંઓમાં ઘૂમતા ભરથરીઓ સુધી સૌ કોઈને ભક્તિની પ્રેરણા આપતાં રહ્યાં છે.

સનાતન હિન્દુ ધર્મની આ ભવ્ય ભક્તિ પરંપરા એ માત્ર લાગણીનો વિષય નથી. તેની પાછળ ઊંડું ચિંતન, યુગોની સાધના અને અનુભવની તાકાત છે.

તેની એક સોડમ અનુભવાય છે - પ્રાચીન ભક્તિસૂત્રોમાં. શાંડિલ્ય ભક્તિસૂત્ર, પરાશર ભક્તિસૂત્ર, નારદ ભક્તિસૂત્ર, ગર્ગ ભક્તિસૂત્ર વગેરે ભક્તિસૂત્રોમાં ભક્તિ પર કેટલું ગહન અને અનુભવપૂર્ણ ચિંતન આપવામાં આવ્યું છે, જેનો (અનુસંધાન પૃ. ૪૪ પર)

# શતાબ્દી સ્મૃતિ

## જુઓ, આ ભક્તોનાં માથાં કેવાં તપી ગયાં છે!


સન ૧૯૭૬ના અસહ્ય ઉનાળાની વાત છે.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ સાબરકાંઠા જિલ્લાનાં ધુળિયાં ગામડાંઓમાં ઘૂમી રહ્યા હતા. ગામડે ગામડે જીવનશુદ્ધિ અને ભક્તિની આહ્લેક લગાવતાં તેઓ તા. ૧૭ એપ્રિલે ગુંદેલ ગામે પહોંચ્યા હતા. બીજે દિવસે સૂર્યગ્રહણ હતું.

સૂર્યગ્રહણ કે ચંદ્રગ્રહણમાં ધાર્મિક નિયમોના પાલનમાં પ્રમુખસ્વામી મહારાજ સદા પર્વતપ્રાય રહે. સ્વામીશ્રીને મન કારણ એટલું જ કે એ નિયમોનું પાલન કરવાની ભગવાનની અને શાસ્ત્રોની આજ્ઞા છે. અને ભગવાનની આજ્ઞાનું પાલન કરવું એ જ એમને મન મોટી ભક્તિ. આજે પણ એવું જ બન્યું. સૂર્યોદયથી ગ્રહણનો વેધ લાગી જવાનો હોવાથી સૂર્યોદય પહેલાં જમી શકાય તેમ હતું. પરંતુ સવારે પ્રાતઃપૂજા બાદ પાણીનું ટીપું પણ પીધા સિવાય સ્વામીશ્રી ગુંદેલમાં ગરીબ ભક્તોનાં ત્રીસેક ઘરોમાં પધરામણીઓ કરીને આગળના પ્રવાસમાં નીકળી ગયા. અહીંથી ગઢડા શામળાજી તથા ઊંચી ધનાલમાં વીસેક ઘરોમાં પધરામણીઓ કરી ભરબપોરે નવા મેત્રાલ ગામે આવી પહોંચ્યા.

૪૫ ડિગ્રી તાપમાને પહોંચી ગયેલી ગરમીએ ધરતીને ભઠ્ઠી બનાવી મૂકેલી. ચારેકોરથી લૂ વરસતી હતી. ધૂળની ડમરીઓ ચઢી હતી. તેમાં નિર્જળ ઉપવાસ સાથે સ્વામીશ્રી ૫૦ ઉપરાંત પધરામણીઓ કરીને અહીં પહોંચેલા. હજી આગળ ત્રણ ગામ ઘૂમવાનાં બાકી હતાં. સાંજે સૂર્યગ્રહણની સભા પણ હતી. આવી પરિસ્થિતિમાં નવા મેત્રાલ ગામ ભરબપોરે દોઢ વાગ્યે સ્વામીશ્રીની નગરયાત્રા માટે થનગનતું હતું. તે જોઈ ડૉક્ટર સ્વામી વ્યથિત થઈ ઊઠ્યા. તેઓ હરિભક્તોને સમજાવવા લાગ્યા કે 'આજે સ્વામીશ્રીએ સવારથી આવી ગરમીમાં પાણીનું ટીપું પણ મોંમાં મૂક્યું નથી. વળી, અત્યારે ગરમી ભયંકર છે. સ્વામીશ્રી ખૂબ ભીડો વેઠીને આવે છે. માટે આ નગરયાત્રા બંધ રાખીએ તો સારું.'

પરંતુ અતિ






ધૂળની ઊડતી ડમરીઓ, આકાશમાંથી વરસતા અંગારા અને ભક્તોની લાગણીઓનાં ઊછળતાં મોજાંઓ વચ્ચે ગામડામાં નગરયાત્રામાં બિરાજેલા પ્રમુખસ્વામી મહારાજની એક વિરલ સ્મૃતિ... (સાથે ડૉક્ટર સ્વામી)

ઘોંઘાટમાંય સ્વામીશ્રીના સરવા કાને આ સાંભળી લીધું. તેમણે ધીમેથી ડૉક્ટર સ્વામીનો હાથ પકડીને ત્યાં ઊભેલા એક ભક્ત કાલિદાસભાઈના માથા પર મૂકી દેતાં કહ્યું: 'જુઓ, તડકે ઊભા રહી આ ભક્તોનાં માથાં કેવાં તપી ગયાં છે! તો આપણે નગરયાત્રામાં બેસવામાં શું વાંધો છે?' ડૉક્ટર સ્વામી સ્તબ્ધ થઈ ગયા! ભક્તોની ભાવનાનું કેવા કોમળ હૃદયે જતન કરી જાણતા હતા સ્વામીશ્રી!

અને ભરબપોરે દોઢ વાગ્યે નગરયાત્રાનાં વાજાં વાગી ઊઠ્યાં. સૌના ઉમંગનો પાર ન રહ્યો. આકાશમાંથી વરસતા અંગારાઓ વચ્ચે નગરયાત્રા પૂર્ણ કરીને સ્વામીશ્રી ઉતારે પધાર્યા ત્યારે શરીર પરસેવે રેબઝેબ હતું. ઉપવાસને કારણે કંઠશોષ પણ કષ્ટદાયક હતો. તેમને શીતળ જળ આપવામાં આવ્યું, પણ તે ન સ્વીકાર્યું! ગ્રહણના વેધના સમયમાં પાણી પીવાનો કોઈ નિષેધ નથી. તેથી સૌએ અતિ આગ્રહ કર્યો ત્યારે તેઓએ માંડ માંડ બે ઘૂંટડા ગળા હેઠે ઉતાર્યા અને સાંજે પાંચ વાગ્યે ગ્રહણની સભામાં પધાર્યા. ઘાસના પૂળા પર કંતાનનું આસન હતું. તે પર પ્રેમપૂર્વક બિરાજી સતત પોણા બે કલાક સુધી તેમણે એવો લાભ આપ્યો કે ગ્રહણમુક્તિ સાથે સૌ જીવનમુક્તિ પણ અનુભવી રહ્યા.

ગ્રહણ બાદ સ્નાન-પૂજા કરીને સ્વામીશ્રીએ પારણાં કરવાને બદલે સામાન્ય ભક્તોના ભાવ પૂરા કરવા તેમના કૂબા જેવાં ઘરોમાં પધરામણી કરવા પર પસંદગી ઉતારી. ભોજન લેવાનું પડતું મૂકીને પાદરડી, રુદ્રમાળ અને રાઘીવાડકંપા એમ ત્રણ ગામો ઘૂમીને ત્યાંના ગ્રામજનોને લાભ આપીને રાત્રે પોણા દસ વાગ્યે નવા મેત્રાલ પરત ફર્યા. અહીં તેઓએ ઠાકોરજી જમાડી આખા દિવસના ઉપવાસને વળાવ્યો. બાદ રાત્રિસભામાં સાડા અગિયાર સુધી સૌને કથાકિલ્લોલ કરાવ્યો.

જો કે સ્વામીશ્રીને મન આ ભીડો કે કષ્ટ નહોતું. તેમને મન તો એ ભક્તિ હતી. એક એક વ્યક્તિમાં ભગવાનના દર્શન કરતાં તેઓ દરેકની સેવામાં ભક્તિ માનતા હતા. એ ભક્તિનો તેમને તો આનંદ હતો. અને હા, માત્ર આજે આવું નહોતું. આ તો રોજની બાબત હતી. એટલે સૌનાં હૈયાં કહી રહ્યાં હતાં: 'સ્વામીશ્રીની આ ભીડાભક્તિને ધન્ય છે!' ◆



# બ્રાહ્મી ભક્તિનો અનોખો આદર્શ અક્ષરબ્રહ્મ

# ગુણાતીતાનંદ સ્વામી

## જેમની પરાભક્તિથી ભગવાન શ્રી સ્વામિનારાયણની ચલમૂર્તિની પૂજાનો સંપ્રદાયમાં આરંભ થયો...

■ સાધુ અક્ષરવત્સલદાસ

પ્રસિદ્ધ ચિંતક શ્રી કિશોરલાલ મશરૂવાળા પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણ માટે લખે છેઃ 'શુદ્ધ ભક્તિમાર્ગ અને શુદ્ધ જ્ઞાનમાર્ગના ચાલક... એવા શ્રી સહજાનંદ સ્વામી હતા.'[૧]

સ્વયં પૂર્ણ અષ્ટાંગ યોગી હોવા છતાં, પ્રખર તપસ્વી હોવા છતાં, વેદ-વેદાંતના પ્રખર જ્ઞાની હોવા છતાં ભગવાન સ્વામિનારાયણે વિરાટ મુમુક્ષુ સમુદાય માટે યોગ-સાધના, તપ-સાધના કે જ્ઞાન-સાધનાની દિશા ન ચીંધી. તેને બદલે ભક્તિનો સરળ અધ્યાત્મ માર્ગ ચીંધીને તેઓએ ભારતની ભક્તિપરંપરાને એક નવું જીવન આપ્યું હતું.

સ્વયં પરબ્રહ્મ પરમાત્મા હોવા છતાં ભક્તિની આદર્શ પરંપરા સ્થાપિત કરવા માટે તેમણે ભક્તિ કરીને બીજાને પણ એવી શુદ્ધ ભક્તિની પ્રેરણા આપી હતી. ૧૧ વર્ષની કુમળી બાળવયે ગૃહત્યાગ કર્યો ત્યારે ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાની બધી જ પ્રિય વસ્તુઓનો ત્યાગ કર્યો હતો, પરંતુ ભક્તિનાં પ્રતીક રૂપ બાલમુકુંદનો બટવો અને માળા સાથે લીધાં હતાં, જે સાત વર્ષના ભારત-પરિભ્રમણ દરમ્યાન એમની ભક્તિની સાખ પૂરતાં રહ્યાં. ભક્તિની એ સુવાસ તો એમના જીવનની અંતિમ ક્ષણો સુધી સૌએ અનુભવી, પરંતુ એમની પરાવાણી અને એમની નિત્ય-ક્રિયાઓમાં પણ પડઘાતી રહી.

૧. કિશોરલાલ ઘનશ્યામલાલ મશરૂવાળા, સહજાનંદ સ્વામી અથવા સ્વામિનારાયણ સંપ્રદાય, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, ૧૯૪૦, પૃ. ૨૮.

ભગવાન સ્વામિનારાયણે સ્વામિનારાયણ સંપ્રદાયનું આગવું દાર્શનિક બંધારણ આપીને ભક્તિ અને તત્ત્વજ્ઞાનને સાથે જોડીને પોતાનાં વચનામૃતમાં ભક્તિનો જે આદર્શ શીખવ્યો છે તે કંઈક નિરાળો છે. તેમણે ભક્તિનો મહિમા એટલી હદે દર્શાવ્યો છે કે તેમના મતે ભક્તિની તુલનામાં જ્ઞાન-વૈરાગ્ય-આત્મનિષ્ઠા અને બ્રહ્મજ્ઞાન પણ નિમ્ન છે. તેમણે કહ્યુંઃ 'જ્ઞાન-વૈરાગ્યમાં દૈવત તો છે, પણ ભક્તિ જેટલું નથી. એવી ભક્તિ તો અતિ દુર્લભ છે.'[૨] તેમણે ભક્તિ વિના બ્રહ્મજ્ઞાનને પણ 'નકારું' એટલે કે નકામું અને અકલ્યાણકારી કહ્યું છે! તેઓ કહે છેઃ 'ભગવાનની ભક્તિ વિના એકલું જે બ્રહ્મજ્ઞાન છે તથા વૈરાગ્ય છે તે તો નકારું જ છે અને સદા અકલ્યાણકારી છે.' એટલું જ નહીં, તેમણે તો અતિ દુર્લભ આત્મનિષ્ઠાને પણ ભક્તિ વિના 'દૂષણ' કહી દીધી. તેઓ કહે છેઃ 'આત્મનિષ્ઠાવાળાને જો ભગવાનને વિશે ભક્તિ ન હોય તો એ એને મોટું દૂષણ છે.'[૩]

તેઓએ ભક્તિનો માત્ર આવો મહિમા નથી કહ્યો, પરંતુ ભક્તિની સરળ અને વ્યવહારુ વ્યાખ્યાઓ પણ આપી છે, તે ભારતીય ભક્તિપરંપરામાં અજોડ કહી શકાય તેવી વ્યાખ્યાઓ છે. જુઓ એવી કેટલીક વ્યાખ્યાઓઃ

૧. ભગવાનના કલ્યાણકારી ગુણને જાણવા અને તેમનો દૃઢ આશરો કરવો તેનું જ નામ ભક્તિ.[૪]

૨. વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૧૦.
૩. વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૬૫.
૪. વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૧૦.

૨. ભગવાન અને ભગવાનના ભક્તને અર્થે પ્રવૃત્તિમાં જોડાવું એનું નામ ભક્તિ.[૫]

૩. નવ પ્રકારે કરીને ભગવાનને ભજવા એને ભક્તિ કહીએ.[૬]

૪. ભગવાનનું ગમતું કરવું એ જ ભક્તિ.[૭]

૫. ધર્મ, અર્થ, કામ સંબંધી ફળની ઇચ્છાનો ત્યાગ કરીને ભગવાનની પ્રસન્નતાને શુભ કર્મ અર્થે કરીએ તો તે શુભ કર્મ ભક્તિરૂપ થઈને મોક્ષને અર્થે થાય છે.[૮]

૬. ભગવાનના મનુષ્ય જેવાં પ્રાકૃત ચરિત્રોમાં પણ જેને દિવ્યપણું જ જણાય અને કોઈ રીતે ભગવાનનાં ચરિત્રોમાં અભાવ આવે નહીં એવી બુદ્ધિને પરમેશ્વરની ભક્તિ કહેવાય.[૯]

આવી ભક્તિ જેનામાં હોય તેનાં લક્ષણો કેવાં હોય? ભક્તિવાળા વ્યક્તિને માપવાના માપદંડ આપણે ભલે ગમે તે રાખતા હોઈએ, પરંતુ સ્વામિનારાયણ ભગવાનના માપદંડ કંઈક નોંખા છે. તેઓ કહે છેઃ ભક્તિવાળો કોણ છે? –

૧. જેનામાં ભગવાન તથા સંતનું વચન માનવાની હિંમત હોય, તથા ભગવાનની મૂર્તિને હૈયામાં ધારવાની શૂરવીરતા હોય.[૧૦]

૨. જે ટેલ-ચાકરી કરે અર્થાત્ જે શરીરથી સેવા કરે.[૧૧]

૩. જેને ભગવાનના સ્વરૂપમાં જ દૃઢ પ્રીતિ વર્તે અને અન્ય માયિક પદાર્થમાં પોતાના મનની વૃત્તિને ધારી શકે નહીં.[૧૨]

૪. જે ભગવાનને વસ્ત્ર-અલંકાર વગેરેથી પ્રેમે કરીને પૂજે.[૧૩]

૫. જેને ભગવાનનાં મનુષ્ય ચરિત્રોના શ્રવણમાં અતિશય રુચિ વર્તે.[૧૪]

૬. જેને ભગવાનની મૂર્તિનું નિરૂપણ કરનાર શાસ્ત્રમાં અતિશય રુચિ વર્તે.[૧૫]

૭. ભગવાનને વિશે એવો પ્રેમ ધરાવતા ભક્તમાં જ જેને પ્રીતિ થાય અને તે વિના તો પોતાના પુત્રાદિકને વિશે પણ પ્રીતિ ન થાય.[૧૬]

૮. જેને ભગવાન સંબંધી ક્રિયારૂપ જ પ્રવૃત્તિ હોય.[૧૭]

ભગવાન શ્રી સ્વામિનારાયણના અનુગામી અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી પણ ભક્તિની કેટલીક અદ્ભુત વ્યાખ્યાઓ કરે છેઃ

૧. ભગવાનના દિવ્યભાવ-મનુષ્યભાવ કલ્યાણકારી સમજાય તે ભક્તિ.[૧૮]

૨. હું અક્ષર છું ને પુરુષોત્તમ મારે વિશે બેઠા છે - એમ કરતા રહેવું તે સૂક્ષ્મ ભક્તિ છે.[૧૯]

અને આ ભક્તિની ચરમ સીમા દર્શાવતાં ભગવાન શ્રી સ્વામિનારાયણે કહ્યુંઃ 'જે બ્રહ્મરૂપ થયો તેને જ પુરુષોત્તમની ભક્તિનો અધિકાર છે.'[૨૦]

આવી આદર્શ બ્રાહ્મી ભક્તિ જીવનમાં આવવી દુર્લભ છે. નારદભક્તિસૂત્રમાં નારદજી સાચું કહે છેઃ

'પ્રકાશ્યતે ક્વાપિ પાત્રે.'[૨૧] અર્થાત્ કોઈક વિરલ સુપાત્રમાં જ આવી ઉત્તમ ભક્તિ પ્રગટ થાય છે.

તો પછી એક સામાન્ય ભક્ત પોતાના જીવનમાં આવી આદર્શ દુર્લભ ભક્તિ કેવી રીતે સિદ્ધ કરી શકે?

નારદભક્તિસૂત્ર કહે છેઃ

'મુખ્યતસ્તુ મહત્કૃપયૈવ ભગવત્કૃપાલેશાદ્વા.'[૨૨]

અર્થાત્ એવી અનન્ય ભક્તિ, તો ભગવાનની કૃપા અથવા મહાન ગુણાતીત સંતની કૃપાથી જ પ્રાપ્ત થાય છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણ પણ વચનામૃતમાં કહે છેઃ 'શુક-સનકાદિક જેવા જે મોટા પુરુષ તેની સેવા અને પ્રસંગથી માહાત્મ્યે સહવર્તમાન એવી જે ભક્તિ તે જીવના હૃદયમાં ઉદય થાય છે.'[૨૩]

આવી દુર્લભ ભક્તિને આપણા જીવનમાં સિદ્ધ કરવી હોય તો નજર સામે ભક્તિનો એક સર્વશ્રેષ્ઠ આદર્શ જોઈએ, જેમનામાંથી આપણને ભક્તિનો ઉચ્ચ આદર્શ શીખવા મળે, અને એમના પગલે પગલે ચાલતાં ચાલતાં આપણે એમની કૃપાના અધિકારી થઈએ તો ભક્તિના એ સર્વોચ્ચ શિખરે આપણે પણ પહોંચી શકીએ.

---

૫. વચનામૃત વરતાલ પ્રકરણ ૧૭.
૬. વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૪૦.
૭. વચનામૃત જેતલપુર પ્રકરણ ૩.
૮. વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૧૧.
૯. વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૧૦.
૧૦. વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૧૫.
૧૧. વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૩૧.
૧૨. વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૪૭.
૧૩. એજન.
૧૪. એજન.
૧૫. એજન.
૧૬. એજન.
૧૭. એજન.
૧૮. સ્વામીની વાતોઃ પ્રકરણ-૫/૨૨૦.
૧૯. એજન, ૬/૪૦.
૨૦. વચનામૃત લોયા પ્રકરણ ૭.
૨૧. નારદભક્તિસૂત્ર, ૫૩.
૨૨. નારદભક્તિસૂત્ર, ૩૮.
૨૩. વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૫.

ભગવાન સ્વામિનારાયણે એવી ભક્તિનો આદર્શ પણ પૂરો પાડ્યો હતો. એ હતા – અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી.

એ માટે ભગવાન સ્વામિનારાયણે અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીની સૌને ઓળખાણ કરાવી હતીઃ આ છે બ્રાહ્મી ભક્તિનો સર્વશ્રેષ્ઠ આદર્શ, જેમાંથી આગામી અનેક યુગો સુધી સૌને પ્રેરણાઓ મળતી રહેશે.

અહીં વાત કરવી છે ગુણાતીતાનંદ સ્વામીની એ અજોડ ભક્તિની, જે યુગો સુધી સ્વામિનારાયણીય ભક્તિનો એક સર્વોત્તમ આદર્શ બની રહેશે.

કેટલાક લોકો એવો તક કરે છે કે ભક્તિ તો આધ્યાત્મિક માર્ગે પા પા પગલી કરનાર માટે છે, જેને 'અહં બ્રહ્માસ્મિ' જેવો સાક્ષાત્કાર હોય તેને ભક્તિ કરવાની આવશ્યકતા નથી.

પરંતુ ગુણાતીતાનંદ સ્વામીનું ભક્તિમય જીવન એ વાતનો છેદ ઉડાડે છે.

ગુણાતીતાનંદ સ્વામીની આધ્યાત્મિક ઊંચાઈ કેવી હતી?

નારદ ભક્તિસૂત્ર કહે છેઃ 'ક્ષણાર્દ્ધમપિ વ્યર્થં ન નેયમ્.'[૨૪]

અર્થાત્ એક ક્ષણ પણ ભક્તિ વિના ન વીતાવવી.

નારદભક્તિસૂત્રનો આ સર્વોચ્ચ આદર્શ ગુણાતીતાનંદ સ્વામીને સહજ સિદ્ધ હતો. એટલે જ સ્વામી એમની વાતોમાં સહેજે કહી ઊઠ્યા હતાઃ 'અમારે તો હજારો ક્રિયા કરાવવી પડે પણ આંખ મીંચીને ઉઘાડીએ એટલી પળ જો ભગવાન વિસરાય તો તાળવું ફાટી જાય... જો તમે તમારો દેહ વિસારો, તો હું મહારાજની મૂર્તિ વિસારું. કેમ જે, જેમ માછલું છે તે જળમાં હાલેચાલે ને ક્રીડા કરે છે તેમ અમે બોલીએ-ચાલીએ ને ક્રિયા કરીએ, પણ ભગવાનને મૂકીને તો કોઈ ક્રિયા કરીએ જ નહીં.'[૨૫]

જેને આવી પરાભક્તિ હોય તેને માટે આઠેય પહોર પરમાત્મા સ્વયં પ્રત્યક્ષ હોય તેમાં શી નવાઈ?

ભગવાન સ્વામિનારાયણની આજ્ઞાથી ગામડે ગામડે વિચરતા ગુણાતીતાનંદ સ્વામી એકવાર સુરત પધાર્યા હતા. તેઓ નિત્ય અન્ય સૌ સંતોના મંડળ માટે ભિક્ષા માગવા ઘરોઘર ઘૂમતા. એક વખત તેમની જોડમાં સદ્‌ગુરુ આનંદાનંદ સ્વામી સાથે આવ્યા હતા. તેવા સમયે ઘરોઘર ઝોળી માગતા ગુણાતીતાનંદ સ્વામીની સાથે તેમણે ભગવાન સ્વામિનારાયણને દિવ્ય દેહે દીઠા! આનંદાનંદ સ્વામી ત્યારે આશ્ચર્યચકિત થઈ ગયા કે જ્યારે તેમણે ભગવાન સ્વામિનારાયણ અને ગુણાતીતાનંદ સ્વામીને વાર્તાલાપ કરતા દીઠા. તેમાં ગુણાતીતાનંદ સ્વામી તરફ મુખ રાખીને સ્વામીની આગળ આગળ પાછા પગલે ચાલતા ભગવાન સ્વામિનારાયણને ગુણાતીતાનંદ સ્વામી કહી રહ્યા હતાઃ 'મહારાજ, આપ પાછા પગલે ન ચાલશો. પાછળ ઉબડખાબડ માર્ગ છે.' ત્યારે ભગવાન સ્વામિનારાયણે તેમને સંબોધીને કહ્યું હતુંઃ 'તમ જેવા સાધુને પીઠ કેમ દેવાય?'

સદ્‌ગુરુ આનંદાનંદ સ્વામીએ નજરોનજર જોયેલો અને કાનોકાન સાંભળેલો આ સંવાદ તેઓ જીવનના છેલ્લા શ્વાસ સુધી ભૂલી શક્યા નહોતા. અમદાવાદની એક સભામાં તેમણે ગુણાતીતાનંદ સ્વામીની ઉપસ્થિતિમાં આ સ્વાનુભવ વર્ણવ્યો હતો.[૨૬]

આનંદાનંદ સ્વામી અને અન્ય એવા અનેક મહાન પરમહંસ સંતો એ ક્ષણોના સાક્ષી હતા, જેમાં ગુણાતીતાનંદ સ્વામી પોતાની અનન્ય પરાભક્તિને કારણે તેઓ શ્રીહરિમાં કેવા તલ્લીન થઈ ગયા હતા તેનું પ્રમાણ સ્વયં ભગવાન સ્વામિનારાયણે જાહેરમાં આપ્યું હતું.

એક વખત વરતાલમાં અઢાર માંદા સાધુઓની ગોદડીઓ ધોઈને, તેને ખભા પર નાખીને ગુણાતીતાનંદ સ્વામી મંદિરમાં પ્રવેશી રહ્યા હતા. ત્યારે તેમને જોતાં જ શ્રીહરિને શરીરે એકદમ ખૂબ પરસેવો વળ્યો ને તેઓએ સેવક ભગુજીને કહ્યું : 'આ સાધુના ખભા પર ભાર છે, તે ભાર મને લાગે છે. માટે એ ગોદડીઓ ઉતારો ત્યારે મને શાંતિ થશે.' પછી ભગુજીએ તેમ કર્યું ત્યારે શ્રીહરિને ઠીક લાગ્યું.

ત્યારબાદ મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી વગેરે પરમહંસોને સ્વામીનો મહિમા કહેતાં તેમણે કહ્યું : 'જેમ સાણસામાં સાપ પકડ્યો હોય, તેમ આ ગુણાતીતાનંદ સ્વામીએ ત્રણેય અવસ્થામાં પોતાના આત્માને વિશે અમારી મૂર્તિને અખંડ પકડી છે. તે અમારે રહેવાનું સાક્ષાત્ અક્ષરધામ છે.'[૨૭]

આવા અનેક પ્રસંગોએ સૌએ શ્રીહરિના મુખેથી આ મહાન સંતનો મહિમા સાંભળ્યો હતો.

એક પ્રસંગે વડતાલમાં સભામાં શ્રીહરિએ મુક્તાનંદ સ્વામીને કહ્યું હતુંઃ 'સ્વામી ! આ ગુણાતીતાનંદ સ્વામી તો અનાદિના મોટા છે. માતાના ગર્ભમાં આવતાં પહેલાં, ગર્ભમાં આવ્યા ત્યારે અને અત્યારે નિરંતર અમારી મૂર્તિ ધારી રહ્યા છે.'

આ હતી સ્વામીની આધ્યાત્મિક ઊંચાઈ. ભગવાન શ્રી

૨૪. નારદભક્તિસૂત્ર, ૭૭.
૨૫. સ્વામીની વાતોઃ પ્રકરણ-૩/૬૫.
૨૬. ગુણાતીતાનંદ સ્વામીનું જીવનચરિત્ર, ભાગ-૧, પૃ. ૪૩૫.
૨૭. એજન, પૃ. ૧૩૮.

સ્વામિનારાયણે પોતાની અંતિમ વેળાએ તેમની સાથેની પોતાની આધ્યાત્મિક એકતાનું બયાન આપીને તેના પર છેલ્લી અને શાશ્વત મહોર પણ મારી દીધી હતી.

વિક્રમ સંવત ૧૮૮૬માં શ્રીહરિએ સ્વધામ પધારવા સંકલ્પ કર્યો અને ઘેરો મંદવાડ ગ્રહણ કર્યો ત્યારે જીવનના છેલ્લા દિવસોમાં કોઈનેય મળવાની તેમણે અનિચ્છા વ્યક્ત કરી દીધી હતી. એ અંતિમ અવસ્થામાં તેઓ માત્ર ગુણાતીતાનંદ સ્વામીને મળવા ઝંખી રહ્યા હતા અને સ્વામીને ખાસ જૂનાગઢથી ગઢપુર બોલાવ્યા હતા. સ્વામી ગઢપુર પહોંચ્યા, ત્યારે તેમને મળતાં ભાવવિભોર થઈને શ્રીહરિ કીર્તન ગાવા લાગ્યા:[૨૮]

*'મીઠા વહાલા કેમ વિસરો મારું,*
*તમથી બાંધેલ તન હો...'*

આ શબ્દો સાથે શ્રીહરિએ ગુણાતીતાનંદ સ્વામી સાથેની પોતાની અનન્ય એકતાનો પરિચય આપીને વિક્રમ સંવત ૧૮૮૬, જેઠ સુદ ૧૦, તા. ૧ જૂન, ૧૮૩૦ના દિને સ્વતંત્ર થકા દેહત્યાગ કરી દીધો.

એટલું જ નહીં, ત્યારબાદ ગઢપુરમાં જ ગુણાતીતાનંદ સ્વામીને દિવ્ય દેહે દર્શન આપીને ભગવાન સ્વામિનારાયણે કહ્યું હતુંઃ 'હું ક્યાં ગયો છું? હું તો તમારામાં અખંડ રહ્યો છું, અખંડ રહ્યો છું, અખંડ રહ્યો છું!'[૨૯]

અને સાચે જ, શ્રીહરિના અંતર્ધાન થયા બાદ હજારો ભક્તોનાં હૈયે દૃઢ અનુભૂતિ થતી હતીઃ 'શ્રીહરિ ગુણાતીતાનંદ સ્વામી દ્વારા પ્રગટ વિચરે છે.'

આમ છતાં સ્વામીની ભક્તિ, ભગવાન સ્વામિનારાયણ પ્રત્યેની પ્રેમલક્ષણા ભક્તિ અજોડ હતી. અને એનું એક સૌથી મોટું પ્રમાણ એટલે એમના પ્રાણસમાન શ્રી હરિકૃષ્ણ મહારાજ.

આ શ્રી હરિકૃષ્ણ મહારાજ એટલે ભગવાન શ્રી સ્વામિનારાયણની નાની ચલમૂર્તિ, જેને ગુણાતીતાનંદ સ્વામી સાક્ષાત્ ભગવાનનું સ્વરૂપ માનીને જીવનભર આરાધતા રહ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે ભગવાન સ્વામિનારાયણની હયાતીમાં સમગ્ર સ્વામિનારાયણ સંપ્રદાયમાં ભગવાન સ્વામિનારાયણની એક જ ધાતુમૂર્તિ સ્થપાઈ હતી, જે વડતાલમાં તેઓએ સ્વહસ્તે વિ. સં. ૧૮૮૧, કારતક સુદ ૧૨, તા. ૩-૧૧-૧૮૨૪ના રોજ પધરાવી હતી, જેનું નામ પણ તેઓએ જ આપ્યું હતું - શ્રી હરિકૃષ્ણ મહારાજ. આ ઉપરાંત તેઓની હયાતીમાં જ હજારો પટપ્રતિમાઓ ઘરોઘર પૂજાવા લાગી હતી, પરંતુ તેઓની ધાતુમાંથી નિર્મિત ચલમૂર્તિ ક્યાંય નહોતી.

ભગવાન સ્વામિનારાયણના અંતર્ધાન થયા બાદ દોઢ દાયકા સુધી મંદિરોમાં પણ એ પટપ્રતિમાઓ સિવાય ભગવાન સ્વામિનારાયણની કોઈ ધાતુમૂર્તિ સ્થપાઈ નહોતી. સન ૧૮૩૦માં તેઓના અંતર્ધાન થયા બાદ છેક ૩૦ વર્ષ પછી સન ૧૮૬૦માં તેઓની દ્વિતીય અને તૃતીય ધાતુમૂર્તિ ગઢપુરમાં અને જૂનાગઢમાં 'શ્રી હરિકૃષ્ણ મહારાજ' તરીકે મંદિરના ગર્ભગૃહમાં સ્થાપિત થઈ હતી, જેના પ્રેરણામૂર્તિ હતા – ગુણાતીતાનંદ સ્વામી.

પરંતુ, હકીકતે આ પૂર્વે લગભગ ૧૬ વર્ષ પહેલાં એટલે કે સન ૧૮૦૧માં ગુણાતીતાનંદ સ્વામીએ પોતાની વ્યક્તિગત નિત્ય-ભક્તિ માટે ધાતુની ભગવાન સ્વામિનારાયણની ચલમૂર્તિ સંપ્રદાયમાં સર્વપ્રથમ વખત બનાવી હતી. સ્વામીએ આ પ્રથમ ધાતુમૂર્તિ બનાવડાવી તેનો ઇતિહાસ અને સંપ્રદાયમાં મહાપૂજાનો ઇતિહાસ પણ એકબીજા સાથે સંકળાયેલા છે.

ગુણાતીતાનંદ સ્વામીએ સદ્ગુરુ ગોપાળાનંદ સ્વામી પાસે ભક્તોની સુખાકારી માટે મહાપૂજાનો આરંભ કરાવ્યો હતો. સ્વામિનારાયણ સંપ્રદાયમાં મહાપૂજાનો એ સર્વપ્રથમ આરંભ હતો. એ ઐતિહાસિક દિવસ હતો – તા. ૧૬ જૂન, ૧૮૪૫ અને તિથિ હતી જેઠ સુદ એકાદશી (ભીમ એકાદશી), સંવત ૧૯૦૧.

મહાપૂજાની આ રીતે શરૂઆત થઈ ત્યારે મહાપૂજામાં પરંપરાગત રીતે શાલિગ્રામ સ્થાપવામાં આવતા હતા. પરંતુ ગુણાતીતાનંદ સ્વામીના ભક્તિપૂર્ણ હૃદયમાં એ વિચાર ક્યારનોય રમતો હતો કે ભગવાન શ્રી સ્વામિનારાયણની ચલમૂર્તિની નિત્ય મહાપૂજા થવી જોઈએ. આથી તેમણે થોડા જ સમય બાદ જૂનાગઢમાં જ ભગવાન શ્રી સ્વામિનારાયણની ધાતુની નાની ચલમૂર્તિ તૈયાર કરાવડાવી. એ ચલમૂર્તિની સ્વહસ્તે જ પ્રતિષ્ઠા કરીને ગુણાતીતાનંદ સ્વામીએ તેનું નામાભિધાન કર્યું હતું – શ્રી હરિકૃષ્ણ મહારાજ. ભગવાન સ્વામિનારાયણે પોતાના સ્વહસ્તે પોતાની મૂર્તિ હરિકૃષ્ણ મહારાજ તરીકે સ્થાપી, ત્યાર પછીની એ ભગવાન સ્વામિનારાયણની પ્રથમ ધાતુ-મૂર્તિ.

તે સમયે સ્વામિનારાયણ સંપ્રદાયમાં ભગવાન સ્વામિનારાયણની એવી કોઈ ચલમૂર્તિ અસ્તિત્વમાં જ નહોતી કે ભગવાન સ્વામિનારાયણની તેવી ધાતુમૂર્તિ રાખવાની કોઈ પ્રથા પણ નહોતી. હા, ચિત્રપટોની મૂર્તિઓ

૨૮. ગુણાતીતાનંદ સ્વામીનું વિસ્તૃત જીવનચરિત્ર, ભાગ-૧, પૃ. ૨૦૦.
૨૯. એજન, પૃ. ૨૦૬.





અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીની શ્રી હરિકૃષ્ણ મહારાજ પ્રત્યેની પરાભક્તિ અને એ સર્વપ્રથમ ચલમૂર્તિમાંથી પ્રેરણા લઈને સંપ્રદાયના વિદ્વાન સદ્‌ગુરુ નિત્યાનંદ સ્વામીએ પોતાની વ્યક્તિગત સેવા-પૂજા માટે બનાવડાવેલી શ્રીહરિની ભોજન કરતી પ્રાસાદિક મૂર્તિ

અસ્તિત્વમાં હતી.

સન ૧૮૪૫માં અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીએ ભગવાન શ્રી સ્વામિનારાયણની સર્વપ્રથમ ચલ ધાતુમૂર્તિ બનાવડાવીને, સ્વામિનારાયણ સંપ્રદાયમાં ભગવાન શ્રી સ્વામિનારાયણની ચલમૂર્તિની એક નવી ભક્તિપ્રથાનો જાણે આરંભ કર્યો હતો! ભગવાન સ્વામિનારાયણની આ પ્રથમ ચલમૂર્તિ કરાવીને, તેની નિત્ય મહાપૂજા અને પરાભક્તિ કરતા ગુણાતીતાનંદ સ્વામી, સૌ કોઈ માટે ભક્તિનો એક અનોખો આદર્શ બની રહ્યા હતા. એટલી હદ સુધી કે ગુણાતીતાનંદ સ્વામીની શ્રી હરિકૃષ્ણ મહારાજની આ પરાભક્તિ જોઈને સંપ્રદાયના મૂર્ધન્ય વિદ્વાન સંત સદ્‌ગુરુ નિત્યાનંદ સ્વામીને પણ ઈચ્છા થઈ હતી કે મારે પણ ભગવાન સ્વામિનારાયણની આવી ચલમૂર્તિ રાખવી છે. તેમણે ભગવાન શ્રી સ્વામિનારાયણની ભોજન કરતી ચલમૂર્તિ પોતાની વ્યક્તિગત ભક્તિ માટે તૈયાર કરાવડાવેલી, તેના પ્રેરણામૂર્તિ પણ ગુણાતીતાનંદ સ્વામી હતા. આ મૂર્તિ આજે પણ જૂનાગઢના મંદિરમાં બિરાજિત થઈને સૌને દર્શન આપે છે.

શ્રી હરિકૃષ્ણ મહારાજની મૂર્તિની સેવા-પરિચર્યા એ જાણે ગુણાતીતાનંદ સ્વામીનું નિત્ય અનુસંધાન બની ગયું હતું.

ભગવાન સ્વામિનારાયણે તેઓને જૂનાગઢ મંદિરના મહંત તરીકે નિયુક્ત કરીને સમગ્ર સોરઠના સત્સંગનું સુકાન સોંપ્યું હતું. લાખો હરિભક્તોના વ્યવહાર અને મોક્ષનું સુકાન સંભાળતા ગુણાતીતાનંદ સ્વામીએ ગામડે ગામડે વિચરણ કરીને હરિભક્તોમાં નિષ્ઠા, ભક્તિ અને ધર્મ-નિયમનાં અનોખાં વાવેતર કર્યાં હતાં. પરંતુ આ બધી પ્રવૃત્તિઓ વચ્ચે અહોરાત્ર કથાવાર્તામય રહેતા ગુણાતીતાનંદ સ્વામીને ઠાકોરજી શ્રી હરિકૃષ્ણ મહારાજની મૂર્તિનું અનુસંધાન ક્ષણમાત્ર ચુકાતું નહોતું.

શ્રીહરિકૃષ્ણ મહારાજ એટલે પ્રત્યક્ષ ભગવાન શ્રી સ્વામિનારાયણ, અને ગુણાતીતાનંદ સ્વામી એટલે એમના અદના સેવક. આ હતી સ્વામીની એક આગવી ઓળખ. કેટલાય લોકો ગુણાતીતાનંદ સ્વામીને ભગવાનનું સાક્ષાત્ સ્વરૂપ માનીને આદર આપતા. પણ સ્વામીએ હરિકૃષ્ણ મહારાજના સેવક તરીકેની પોતાની આ ઓળખ ક્યારેય ઝાંખી પાડવા દીધી નહોતી. પોતાના ઈષ્ટદેવ વિના એમને ક્યારેય કોઈ પૂજન, માન-સન્માન ખપતાં નહીં.

સ્વામીની કૃપાથી કેટલાય ભક્તોને નિરાવરણ સ્થિતિ પ્રાપ્ત થઈ જતી અને તેઓને સ્વામીમાં સાક્ષાત્ સ્વામિનારાયણ ભગવાનનાં દર્શન થતાં. પણ સ્વામીની ઠાકોરજી પ્રત્યેની સેવકાઈ એવી ને એવી બરકરાર.

સ્વામી જૂનાગઢમાં બિરાજતા હોય ત્યારે શ્રી હરિકૃષ્ણ મહારાજની મહાપૂજા કરવા સ્વયં બિરાજે. મહાપૂજામાં ગુણાતીતાનંદ સ્વામી આરતી ઉતારે ત્યારે બોટાદના તુલસી દવેને તેમનામાં સ્વામિનારાયણ ભગવાનનાં દર્શન થતાં. આથી, ભાવાવેશમાં આવી જઈને તુલસી દવે તેમના હાથમાંથી આરતી લઈને સ્વામીની આરતી ઉતારવા માંડતા. અન્ય લોકો તેમને ઠપકો દેતા અને કહેતાઃ ''સાધુની આરતી કેમ ઉતારે છે?''

તુલસી દવે જવાબ આપતાઃ ''હું તો સ્વામીમાં શ્રીજીમહારાજની મૂર્તિ અખંડ દેખું છું.'' આમ છતાં, સ્વામી તો તેમની આરતી કોઈ ઉતારે ત્યારે અવશ્ય ઠાકોરજીને સાથે રાખીને સેવકભાવનું અનોખું દર્શન કરાવતા.

એક દિવસ મહાપૂજા થતી હતી. સ્વામી થાંભલા સમીપે વિરાજમાન થયા હતા. તે વખતે ગોવિંદભાઈ નામના એક ભક્ત ત્યાં બેઠા હતા. તેમને ગુણાતીતાનંદ સ્વામીના સ્થાને ભગવાન સ્વામિનારાયણનાં દર્શન થવાં લાગ્યાં. મહાપૂજામાં આરતી થતી હતી તે જોઈ તે એકદમ બોલ્યાઃ ''મને આરતી કરવા દ્યો. અહીં મહારાજ વિરાજ્યા છે.'' એમ કહીને તેઓ ગુણાતીતાનંદ સ્વામીની આરતી ઉતારવા માટે આગ્રહ કરવા લાગ્યા.

ત્યારે સ્વામીએ તેમને કહ્યુંઃ ''બોલશો નહીં. અમારી આરતી ન ઉતારાય.'' તોપણ તેમણે તો બોલવાનું ચાલુ જ રાખ્યું અને પૂજારીના હાથમાંથી આરતી લઈ સ્વામીની આરતી ઉતારવા લાગ્યા. તેથી સ્વામીએ તરત જ પોતાના ખોળામાં શ્રીહરિકૃષ્ણ મહારાજની મૂર્તિ રાખી. અને પોતે ઠાકોરજીના સેવક છે એ ભાવનામાં સહેજ પણ ચૂક પડવા ન દીધી.[૩૦]

સાક્ષાત્કારની સર્વોચ્ચ ભૂમિકાએ હોવા છતાં આવી સહજ દાસત્વભક્તિ તો ગુણાતીત જ અદા કરી શકે!

ગુણાતીતાનંદ સ્વામી માટે આ હરિકૃષ્ણ મહારાજ જાણે સર્વસ્વ બની ગયા હતા! આથી સ્વામી જૂનાગઢ છોડીને અન્યત્ર વિચરણ કરવા જતા ત્યારે સાથે એ હરિકૃષ્ણ મહારાજને લઈને વિચરવા નીકળતા, જેને સ્વામી 'ઠાકોરજી' તરીકે સંબોધતા. 'ઠાકોરજી' શબ્દ, હિન્દી ભાષાના 'ઠાકુર' શબ્દ પરથી આવ્યો છે. ઠાકુરનો અર્થ ભગવાનની મૂર્તિ થાય છે.[૩૧] તેની સાથે સાથે 'રાજા-માલિક-સ્વામી' એવો અર્થ પણ થાય છે.

પરમાત્માનો રોમરોમમાં સાક્ષાત્કાર હોવા છતાં ગુણાતીતાનંદ સ્વામી માટે પોતાના માલિક એટલે કે ઠાકોરજીને ધરાવ્યા સિવાય તેમને કશું જ ન ખપે, ઠાકોરજીનું એમને પળેપળ એવું અનુસંધાન! તેઓ પધરામણીએ પધારે ત્યારેય ઠાકોરજી સાથે જ હોય. તેમના સ્વાગત-સામૈયાંઓ થાય તેમાંય ઠાકોરજી સાથે જ હોય.

જુઓ કેટલાક પ્રસંગો –

એકવાર સ્વામી માણાવદરમાં હરિભક્તોના આગ્રહથી તેમની સાથે ગાડામાં બેસી શેરડીનાં ખેતરોમાં પધાર્યા હતા. અહીં શેરડીના વાઢવાળા હરિભક્તો સારી સારી શેરડી લાવ્યા અને સ્વામીને શેરડી જમવા આગ્રહ કર્યો. ત્યારે તે સુધારીને ઠાકોરજીને ધરાવીને સ્વામી તેમાંથી થોડી જમ્યા અને બીજી પ્રસાદી સૌને વહેંચી દીધી. વાડીમાં શેરડીના રસમાંથી ગોળ પણ બની રહ્યો હતો. ઊનો ગોળ તૈયાર થયો એટલે હરિભક્તોએ સ્વામીને ગોળ અંગીકાર કરવા આગ્રહ કર્યો. પરંતુ સ્વામીએ તે પહેલાં ઠાકોરજીને ધરાવ્યો અને

૩૦. ગુણાતીતાનંદ સ્વામીનું વિસ્તૃત જીવનચરિત્ર, ભાગ-૧, પૃ. ૩૯૦.

૩૧. ઠાકુર શબ્દ પરથી હિન્દીમાં ઠાકુરદ્વારા (મંદિર), ઠાકુરસેવા (ભગવાનનું પૂજન), ઠાકુરપ્રસાદ (ભગવાનને ધરેલું નૈવેદ્ય), ઠાકુરી (સ્વામીત્વ આધિપત્ય) વગેરે શબ્દો બન્યા છે.

ત્યારબાદ અંગીકાર કર્યો.[૩૨]

એક વખત સ્વામી વિચરણ કરતાં કરતાં વણથળી પાસેથી પસાર થતા હતા. અહીં રસ્તામાં કલ્યાણભાઈના શેરડીનો વાઢ આવતાં તેમાં પધરામણીએ પધાર્યા. અહીં તેમણે ભોજનનો આગ્રહ કરતાં સ્વામીના સેવક માધવપ્રિયદાસે પોતાની પાસે બાજરાનો લોટ હતો તેનો રોટલો બનાવ્યો અને વંતાક હતાં તેનો ઓળો બનાવ્યો. કલ્યાણભાઈના પુત્ર દેવજીભાઈ ઊનો ગોળ લાવ્યા અને દહીં લાવ્યા. તેને ભાંગી છાશ કરી. ઠાકોરજીને થાળ ધરાવ્યા બાદ સ્વામીએ તે ભોજન અંગીકાર કર્યું.[૩૩]

એકવાર સ્વામી ઉપલેટામાં પધરામણીઓમાં નીકળ્યા હતા. પ્રથમ લાલાભાઈને ઘેર પધાર્યા. અહીં ઠાકોરજીના સ્વાગતમાં સ્વામી પોતે *'મારે મોહોલે આવો, હસીને બોલાવો રે, રંગભીના છેલા નંદજીના છો જી રાજ...'* એ કીર્તન બોલવા લાગ્યા. પછી લાલાભાઈએ અને તેમના દીકરા રામે ઠાકોરજી અને સ્વામીનું પૂજન કર્યું અને ધોતિયાં ઓઢાડ્યાં. સ્વામીએ તેને માથે હાથ મૂકીને કહ્યું: ''ભક્ત સારા થશે.'' એટલામાં સાકરનો થાળ આવ્યો. સ્વામીએ તે ઠાકોરજીને ધરાવ્યો અને સૌને પ્રસાદી વહેંચી.[૩૪]

સ્વામી પધરામણીઓમાં પધારે ત્યારે સામાન્ય ભક્તોનાં ખોરડાંઓ હોય, રાજદરબારો હોય કે ભક્તની સામાન્ય વાડી હોય, સ્વામીને મન ઠાકોરજી પહેલાં જ હોય.

જીવનના છેલ્લા દિવસોમાં ૮૨ વર્ષીય સ્વામી ગોંડલમાં બિરાજતા હતા ત્યારે ગોંડલ નરેશ દરબાર સંગ્રામસિંહજીએ તેઓને વિનંતી કરી કે ''આપ અમારા દરબારી બાગમાં પધરામણી કરો એવી વિનંતી છે.''

તેમની વિનંતી સ્વીકારીને ઠાકોરજીને લઈને સ્વામીશ્રી સૌ સંતમંડળ સહિત દરબાર સંગ્રામસિંહજીને ત્યાં દરબારી બાગમાં પધાર્યા. અહીં ઠાકોરજી અને સ્વામીનું પૂજન કરીને દરબારે પુષ્કળ મેવો સ્વામીને અર્પણ કર્યો. સ્વામીએ સંતોને કહ્યું: ''આ મેવો સુધારી ઠાકોરજીને ધરાવો અને પછી પ્રસાદી સૌને વહેંચી આપો.''[૩૫]

જૂનાગઢના બાબી વંશના નવાબી પરિવાર માટે ગુણાતીતાનંદ સ્વામી એક અનોખા ઓલિયા સમાન વિભૂતિ હતા. આથી તેમની વિનંતીથી તેમના મહેલોમાં સ્વામી પધારે કે બાબી વંશના અન્ય ગરાસદાર નવાબોને ત્યાં સ્વામી પધારે, એ પછી માણાવદરના ગઝેફરખાન હોય, બાંટવાના નથુખાન હોય કે ગીદડના સામતખાન અને અનવરખાન હોય, તેમની વિનંતીથી તેમના મહેલોમાં સ્વામી પધારે, પણ ઠાકોરજી અવશ્ય સાથે હોય.

એકવાર સ્વામી માણાવદર પધાર્યા ત્યારે નવાબ ગઝેફરખાનના નવાબી પરિવારે સ્વામીનું સ્વાગત કર્યું. સ્વામી માણાવદર પધાર્યા છે તેના સમાચાર ગીદડના નવાબ સામતખાને જાણ્યા. તેથી તેમણે પણ પોતાના કારભારીને સ્વામીને તેડી લાવવા માટે મોકલ્યા. નવાબ સાહેબનું ભાવભર્યું આમંત્રણ સ્વીકારીને સ્વામી ગીદડ પધાર્યા. નવાબ સાહેબે પોતાના પાયદળ, સવારો અને પોલીસ વગેરે લશ્કરી ઠાઠ સાથે સ્વામીનું અપૂર્વ સામૈયું કર્યું. નવાબ સાહેબ તરફથી દરબારી માણસો દરબારગઢમાં સ્વામી અને સૌ સદ્‌ગુરુઓની પધરામણી માટે ગાડી, ઘોડાઓ તથા અન્ય વાહનો લઈને આવ્યા. 'સ્વામીને ઘોડી ઉપર જ બેસારવા કે જેથી આખા ગામને તેમનાં દર્શન થાય' – તે પ્રમાણેનું સૂચન નવાબે પોતાના કારભારીને કર્યું હતું. તેથી નવાબનો આગ્રહ જોઈ સ્વામીશ્રી ગોદડી ઓઢીને ઘોડી ઉપર વિરાજ્યા. આ પ્રમાણે ધામધૂમથી સૌ દરબારગઢમાં આવ્યા.

દરબારગઢમાં સ્વામીને ઊંચા આસન ઉપર પધરાવ્યા. ઠાકોરજીને સાથે લઈને સ્વામી બિરાજ્યા. પછી એ મુસ્લિમ નવાબે પોતાના રાજગોર પાસે સ્વામીનું પૂજન કરવા જણાવ્યું ત્યારે સ્વામીએ પોતાનું નહીં, પ્રથમ ઠાકોરજીનું પૂજન કરાવ્યું. ત્યારબાદ સ્વામીનું પૂજન થયું. પછી ઠાકોરજી સહિત સ્વામી અને સંતોની સવાસો દીવાની આરતી ઉતારી.[૩૬]

ગુણાતીતાનંદ સ્વામી સોરઠ-સૌરાષ્ટ્રનાં ગામડાંઓથી લઈને ચરોતર સુધી સતત વિચરણરત રહેતા. પરંતુ સ્વામી યાત્રા-પ્રવાસમાં હોય, ત્યારે ઠાકોરજી સાથે જ હોય. પ્રવાસ દરમ્યાન પણ સમયે સમયે ઠાકોરજીની ભક્તિમાં સ્વામી ક્યારેય ચૂક પડવા ન દે. સમયે ભોજન, સમયે આરામ, સમયે ઉત્થાપન અને સમયે સ્નાન. પ્રવાસ દરમ્યાન જ્યાં વિશ્રામનું સ્થળ આવે એટલે સ્વામી ઠાકોરજીના સ્નાન-થાળ વગેરેની સેવા અવશ્ય સાચવી લે.

સતત પ્રવાસરત રહેતા સ્વામીનો ઉતારો ગમે ત્યાં હોય, નદીને કાંઠે હોય, ખેતરમાં હોય, ગામની સીમમાં વડ-પીપળની છાયામાં હોય, કોઈના વાડામાં કે કોઢમાં હોય. પણ ઠાકોરજીની સેવા-સરભરા સમયે સમયે સાચવવામાં સ્વામી સાવધાન હોય.

---

૩૨. ગુણાતીતાનંદ સ્વામીનું વિસ્તૃત જીવનચરિત્ર, ભાગ-૨, પૃ. ૬૯.

૩૩. એજન, પૃ. ૭૧.

૩૪. એજન, પૃ. ૩૮૪.

૩૫. એજન, પૃ. ૨૬૬.

૩૬. ગુણાતીતાનંદ સ્વામીનું વિસ્તૃત જીવનચરિત્ર, ભાગ-૨, પૃ. ૨૬૯.

એકવાર સ્વામીએ પ્રવાસ દરમ્યાન થાણાગાલોલ ગામ બહાર નદીકાંઠે વડ નીચે ઉતારો કર્યો. સ્વામી સંઘ સાથે પધાર્યા છે તે ખબર ગામમાં પડવાથી હરિભક્ત જસા રાજગોર સ્વામીનાં દર્શને આવ્યા. ઠાકોરજીના થાળનો સમય થયો હતો એટલે સ્વામીએ તેને કહ્યું: ‘‘ઠાકોરજીને થાળ ધરાવવો છે, રાંધવા માટે વાસણો લાવો.’’

એટલે જસા રાજગોરે નવાં વાસણો કુંભારને ત્યાંથી મંગાવી દીધાં. તેમજ અડદની દાળ અને બાજરાનો લોટ પણ લઈ આવ્યા. સંતોએ રસોઈ કરી, એટલે ઠાકોરજીને અડદની દાળ તથા બાટીનો થાળ ધરાવ્યો, ત્યારબાદ સ્વામી તથા સૌ સંતો હરિભક્તો જમ્યા.[૩૭]

એકવાર પ્રવાસ દરમ્યાન સ્વામી ચાડિયામાં રામ ભંડેરીના વાડામાં કોઢ હતી તેમાં ઊતર્યા હતા. આસપાસનાં ગામોના ઘણા હરિભક્તો સ્વામીનાં દર્શને આવ્યા. સભામાં સ્વામીએ ભગવાન સ્વામિનારાયણના મહિમાની ઘણી વાતો કરી. એ દરમ્યાન બપોરનો સમય થયો એટલે રસોઈ તૈયાર કરાવીને સ્વામીએ ઠાકોરજીને થાળ ધરાવ્યો. પછી સૌને જમાડ્યા.[૩૮]

એકવાર સ્વામી જાળિયા પધાર્યા હતા. અહીં બપોરના આરામ પછી મુખ ધોઈ, કોગળા કરી, જળપાન કર્યું. પછી પોતાને આસને ગાદી-તકિયે વિરાજમાન થયા અને એક સાધુ પાસે ‘વચનામૃત’ વંચાવવા લાગ્યા. એટલામાં ઠાકોરજીને જગાડવાનો સમય થયો, એટલે ઠાકોરજીને જગાડીને, હરિભક્તો બાજરાનો તાજો પોંક પાડીને લાવ્યા હતા તે સ્વામીએ ઠાકોરજીને ધરાવ્યો. ત્યારબાદ સ્વામીએ તે ઊના પોંકની પ્રસાદી સૌને આપી.[૩૯]

એકવાર ઝાંઝમેરથી વહેલી સવારે ચાલતાં પ્રવાસ કરતાં સ્વામી ગામ દૂધીવદર આવ્યા. અહીં ફોફળ નદીમાં સૌએ સ્નાન કરી, પૂજા કરી. ઠાકોરજીના થાળનો સમય થયો હતો એટલે વામનપ્રસાદજી તથા હરિસ્વરૂપદાસજીએ બાજરાનો રોટલો તથા કઢી તૈયાર કરી દીધાં. તે ઠાકોરજીને ધરાવીને સ્વામી જમ્યા.[૪૦]

૩૭. ગુણાતીતાનંદ સ્વામીનું વિસ્તૃત જીવનચરિત્ર, ભાગ-૧, પૃ. ૩૬૨.

૩૮. એજન, પૃ. ૪૭૨.

૩૯. ગુણાતીતાનંદ સ્વામીનું વિસ્તૃત જીવનચરિત્ર, ભાગ-૨, પૃ. ૩૭૬.

૪૦. એજન, પૃ. ૩૮૮.



## ગુણાતીત-સેવા શ્રી હરિકૃષ્ણ મહારાજની...

સન ૧૮૪૫થી લઈને સન ૧૮૬૭ સુધી એટલે કે લગભગ ૨૨ વર્ષો સુધી અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીએ જેમની નિત્યપૂજા કરી હતી એ શ્રી હરિકૃષ્ણ મહારાજની મૂર્તિની સેવા, સ્વામીના અંતર્ધાન થયા બાદ સ્વામીના મૂર્ધન્ય શિષ્ય માધવચરણદાસ સ્વામી કરી રહ્યા હતા. માધવચરણદાસ સ્વામી પાસેથી એ મૂર્તિ તેમના શિષ્ય કૃષ્ણચરણદાસ સ્વામીના મંડળમાં આવી હતી.

સન ૧૯૦૯-૧૯૧૦માં શ્રી કૃષ્ણચરણદાસ સ્વામીની સાથે તેમના લાડકવાયા શિષ્ય જ્ઞાનજીવનદાસજી (એટલે કે બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ) જોડાયા, ત્યારથી તેમની અનન્ય ભક્તિ જોઈને કૃષ્ણચરણદાસ સ્વામીએ પોતાના મંડળના અઢાર સંતોમાંથી જ્ઞાનજીવન સ્વામી પર જ આ મૂર્તિની સેવા કરવાનો કળશ ઢોળ્યો હતો. આ સેવા સોંપતાં કૃષ્ણચરણદાસ સ્વામી બોલ્યા હતા, ‘જ્ઞાનજી, તમારે મહારાજને વિશે બહુ ભક્તિભાવ છે. તે તમો હરિકૃષ્ણ મહારાજની પૂજા કરો.’ અને તે ક્ષણથી આ મૂર્તિ એ જ્ઞાનજીવન સ્વામીની એક માત્ર સર્વોચ્ચ મૂડી બની રહી હતી. પ્રભુપ્રેમના પ્યાસી નાનકડા સાધુએ આ દુર્લભ મૂર્તિની અજોડ પ્રેમલક્ષણા ભક્તિ કરીને જાણે હરિકૃષ્ણ મહારાજને રાજી કરી લીધા હતા.

સન ૧૯૧૧માં, ૮ જુલાઈના રોજ, વિ.સં. ૧૯૬૭ના અષાઢ સુદ ૧૨ના મળસ્કે જૂનાગઢથી સાત સાધુઓનું મંડળ ખભે ઝોળીઓ ભેરવી, હાથમાં માળા લઈને બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજની સાથે જોડાવા અક્ષરપુરુષોત્તમ ઉપાસનાની આહ્‌લેક લઈને નીકળ્યું, ત્યારે તેમાં ૧૯ વર્ષીય જ્ઞાનજીવનદાસ સ્વામી પણ શામેલ હતા. જૂનાગઢથી છેવટની વિદાય

એકવાર સ્વામી વીરપુર પાસેથી પસાર થઈ રહ્યા હતા. ઠાકોરજીને થાળ ધરાવવાનો સમય થયો હતો. વીરપુર આવતાં સ્વામીએ સાથેના સંતોને કહ્યું: ''તમે જલા ભગતની જગ્યામાં જઈને સદાવ્રત લઈ આવો.'' એટલે બે સાધુઓ જલાભગતના સદાવ્રતમાં ગયા ત્યારે જલાભગતે તેમને સીધું તો આપ્યું, પણ ગુણાતીતાનંદ સ્વામીનાં દર્શને સાથે દોડી આવ્યા. જલા ભક્તે સ્વામીને પોતાના સદાવ્રતમાં પધારવા વિનંતી કરી. સ્વામીએ તેમને કહ્યું: ''અમારે હજી જેતપુર જવું છે એટલે અત્યારે નહીં અવાય. તમે ભૂખ્યાને અન્ન આપો છો તે તમારું મહારાજ આગળ ઉપર બહુ ચલાવશે.'' એમ આશીર્વાદ આપી, જલાભગતે આપેલા સીધામાંથી ઠાકોરજીને થાળ ધરાવીને ભોજન કર્યા બાદ સ્વામી ત્યાંથી જેતપુર જવા વિદાય થયા.[૪૧]

પ્રવાસ દરમ્યાન સ્વામી આમ તો રસ્તે રસ્તે સર્વત્ર ભગવાન સ્વામિનારાયણની સ્મૃતિઓ કરતાં જ હોય, પરંતુ પ્રાસાદિક નદીઓ, તળાવો, કૂવાઓ કે કુંડીઓમાં સ્વામી અવશ્ય સ્નાન કરે અને શ્રીહરિની સ્મૃતિઓમાં ગુલતાન થઈ જાય. એમાં વળી, ઠાકોરજી સાથે હોય, સ્વામી ઠાકોરજીને પણ સ્નાન કરાવીને થાળ વગેરે ધરાવે. ઠાકોરજીને થાળ ધરાવવામાં ચીભડાં હોય, પોંક હોય કે ઘઉંની ઘૂઘરી હોય, સ્વામી ઠાકોરજીને થાળ ધરાવીને પછી જ સ્વીકારે.

એકવાર ગુણાતીતાનંદ સ્વામી ગામડાંઓમાં વિચરણ કરતાં કરતાં કાળસરી પધાર્યા હતા. અહીંના ભીમા ભક્તે તથા પૂજા ભક્તે સ્વામીને કહ્યું: ''સ્વામી! અમે મૈયારી પાસે નવી વાડી કરી છે. ત્યાં સ્નાન કરવા માટે પધારો ને આપનાં ચરણથી અમારી વાડી પવિત્ર કરો.''

તેમની પ્રાર્થના સાંભળી સ્વામી તેમની વાડીએ ઠાકોરજીને સાથે લઈને સ્નાન કરવા પધાર્યા. સ્વામી સ્નાનવિધિથી પરવાર્યા પછી હરિભક્તોએ એક વડના વૃક્ષ નીચે કામળી પાથરી દીધી, તે ઉપર સ્વામીશ્રી વિરાજમાન થયા. તે વખતે વાડીમાં ડુંગર ભક્ત કોસ હાંકતા હતા. તેમની પાસે પૂજો ભક્ત તથા રામજીભાઈ ગયા અને કહ્યું : ''અમારા મોટા સ્વામી પધાર્યા છે તો તેમના સારુ થોડાં ચીભડાં આપશો?''

ત્યારે તેણે કોસ ઊભો રાખીને બે ચીભડાં તે બંને ભક્તને આપ્યાં. પછી પોતે પણ બે સારાં ચીભડાં લઈને સ્વામીશ્રી

૪૧. એજન, પૃ. ૧૦૮.

લેતા પહેલાં દર્શન કરી તેઓ નીકળી રહ્યા હતા ત્યારે બ્રહ્મચારી કૃષ્ણસ્વરૂપાનંદજીની સહાયથી ભંડારમાં રહેલી પોતાના પ્રાણપ્રિય શ્રી હરિકૃષ્ણ મહારાજની મૂર્તિને પણ સાથે લઈને નીકળ્યા. જે મૂર્તિને અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીએ પૂજી હતી તે મૂર્તિને જાણે પોતાની આ ગુણાતીત સંત પરંપરા દ્વારા જ પૂજાવું હતું.

અને જૂનાગઢથી નીકળ્યા બાદ, સતત ૬૦ વરસો સુધી હરિકૃષ્ણ મહારાજ, યોગીજી મહારાજના સેવામહેલમાં રહ્યા. તા. ૨૩ જાન્યુઆરી, ૧૯૭૧ સુધી યોગીજી મહારાજે હરિકૃષ્ણ મહારાજનું લાલન-પાલન કર્યું. ત્યાર પછી યોગીજી મહારાજની એક માત્ર મૂડી - હરિકૃષ્ણ મહારાજ, એમના અનુગામી બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજને મળી. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે એક અદના સેવક તરીકે એ હરિકૃષ્ણ મહારાજની આરાધના સતત ૪૬ વર્ષ સુધી કરીને લાખો લોકોને પરાભક્તિના શ્રેષ્ઠ ગુણાતીત આદર્શનું દર્શન કરાવ્યું. આજે એ જ મૂર્તિની આરાધના એવી જ બ્રાહ્મીભક્તિ સાથે પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ કરી રહ્યા છે.



પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણ અને અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીની એ શાશ્વત ભક્ત-ભગવાનની યુગલ જોડીને તેમણે એક વધુ આયામ આપ્યો છે. શ્રી હરિકૃષ્ણ મહારાજની ચલમૂર્તિ સાથે ગુણાતીતાનંદ સ્વામીની પણ ચલમૂર્તિ પ્રતિષ્ઠિત કરીને તેમણે અક્ષરરૂપ થઈને પુરુષોત્તમની ભક્તિનો સ્વામિનારાયણીય સિદ્ધાંત એક વધુ વખત સૌનાં હૈયે ઘૂંટાવ્યો છે.

ગુણાતીતાનંદ સ્વામીએ પૂજેલી શ્રી હરિકૃષ્ણ મહારાજની એ મોંઘેરી મૂર્તિ, આવનારા અનેક યુગો સુધી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાની અનોખી મૂડી બની રહેશે.

પાસે આવ્યા. તે બંને ચીભડાં સ્વામીશ્રી પાસે મૂકીને પગે લાગીને સ્વામી સામે તે બેઠા. સ્વામીએ તે ચીભડાં સુધારીને ઠાકોરજીને ધરાવ્યાં, સૌને તે ચીભડાંની પ્રસાદી આપી અને પછી પોતે અંગીકાર કરી.[૪૨]

સ્વામી માટે ભોજનની કોઈ પણ વાનગી લઈ આવે, પણ પહેલાં પોતાના ઠાકોરજીને ધરાવે અને પછી સૌને પ્રસાદ આપીને પોતે અંગીકાર કરે.

એકવાર સ્વામી મોટી કુંકાવાવ પાસે સનાળા ગામે બસો સંત-પાર્ષદો તથા હરિભક્તો સાથે ગામ બહાર એક ભાવિક કણબીની વાડીએ પધાર્યા હતા. ત્યાં પટેલના ભાવથી સંતોએ ઘઉંની ઘૂઘરી (આખા ઘઉં પાણીમાં બાફીને ભાતની જેમ બનાવવામાં આવતી વાનગી) બનાવી. ઘૂઘરી તૈયાર થઈ એટલે તે પટેલે કડબના પૂળા નીચે પાથરી દીધા. તેના ઉપર ધોયેલાં લૂગડાં પાથરી તેના પર ઘૂઘરી પાથરી દીધી. પટેલ બાજુના વાઢમાંથી ગોળનાં ભીલાં લઈ આવ્યો. તે ઘૂઘરી અને ગોળ સ્વામીને અને સંતોને જમવા કહ્યું ત્યારે સ્વામીએ પ્રથમ ઠાકોરજીને ઘૂઘરી અને ગોળ ધરાવ્યાં અને પછી સૌને પંક્તિમાં જમવા બેસાડી પોતે અંગીકાર કર્યાં.[૪૩]

એકવાર સ્વામી વિચરણ કરતાં કરતાં ઉપલેટાની સીમમાંથી પસાર થઈ રહ્યા હતા ત્યારે આહીર કરસનનું ખેતર આવ્યું. સ્વામીને પધારેલા જોઈને કરસને ભાવવિભોર થઈને દંડવત્ પ્રણામ કર્યા ને પ્રાર્થના કરી કે ‘‘સ્વામી! બાજરાનો પોંક અને ચીભડાં થયાં છે તે જમતા જાઓ. મારે આવો જોગ ક્યાંથી આવે?’’

તેનું ભાવપૂર્વકનું આમંત્રણ સ્વીકારતાં સ્વામી તેના ખેતર ભણી વળ્યા અને મંદ મંદ હસતાં બોલ્યાઃ ‘‘હા, એ તો ખરું. બીજો જોગ આવશે પણ આવા સાધુ નહીં મળે. આ તો છેવટનો જોગ છે.’’ પછી તેના દીકરા લક્ષ્મણ અને નારણ બંને ખેતરમાં ગયા અને બાજરાનાં ડૂંડાં અને ચીભડાં લઈ આવ્યા. પોંક પાડીને ચીભડાં સુધાર્યાં. સ્વામીએ તે ઠાકોરજીને ધરાવ્યાં, પછી સૌને પ્રસાદી આપીને તેમાંથી થોડું જમ્યા અને કરસનના ભાવને સાર્થક કરી દીધો.[૪૪]

ઋતુ ઋતુ પ્રમાણેનાં શાક-પાક-કંદમૂળ ઠાકોરજીને ધરાવવાનો સ્વામીને ઉમંગ રહેતો.

અમરેલીમાં સ્વામીએ મંદિરનું નિર્માણ શરૂ કરાવ્યું ત્યારે સેવા કરવા આવનારા હરિભક્તોને રસોઈ કરી દેવા માટે સ્વામીએ દાડમાથી નથુ ભટ્ટના દીકરા ઈશ્વર ભટ્ટને તેડાવ્યા હતા. એક દિવસ સ્વામીએ ઈશ્વર ભટ્ટને કહ્યુંઃ ‘‘ઈશ્વર! મૂળા હોય તો ઠાકોરજીને ધરીએ.’’

આથી ઈશ્વર ભટ્ટ રાત્રે સૌને વાળુ કરાવીને ત્યાંથી ચાલ્યા અને દાડમે પહોંચ્યા. અહીં રાણા ઠુમરની વાડીએ જઈ તેને જગાડીને મૂળા લીધા. તે લઈને ત્યાંથી તરત જ નીકળ્યા અને સવારે અમરેલી પહોંચી ગયા. આમ, સત્વરે મૂળા આવેલા જોઈને સ્વામી રાજી થઈ ગયા. પછી ઠાકોરજીને મૂળા ધરાવીને સ્વામીએ સહુને મૂળાનો પ્રસાદ વહેંચ્યો.[૪૫]

ક્યારેક તો રાત્રે કોઈક સામગ્રી લઈ આવે તો પણ સ્વામી ઠાકોરજીને ધરાવવાનું ન ચૂકે.

એકવાર ગુણાતીતાનંદ સ્વામી વિચરણ કરતાં કરતાં વરજાંગ જાળિયા પધાર્યા હતા. અહીં રાત્રે વેણુ નદીના પટમાં આચાર્યશ્રી રઘુવીરજી મહારાજ તથા સ્વામીને વચ્ચે બિરાજમાન કરીને સાધુઓએ ફરતા રાસ લઈ કીર્તનો ગાયાં. ભક્તિનો આવો માહોલ જોઈને સૌને વહેંચવા માટે હરિભક્ત ભવાનભાઈ પતાસાં તથા નારિયેળ લઈને આવ્યા. સ્વામીએ તે ઠાકોરજીને ધરાવી સૌને પ્રસાદી વહેંચી.[૪૬]

સ્વામી જ્યારે જૂનાગઢમાં વિરાજતા હોય ત્યારે હરિભક્તો સ્વામી સારુ અનેક વાનગીઓ બનાવીને લાવે. પરંતુ સ્વામી ઠાકોરજીને ધરાવી તરત તે વાનગી સભામાં વહેંચી દે. પોતાના સારુ તો ઠાકોરજીને ધરાવેલી બાજરાની ધાણી એક ડાબલીમાં ભરી રાખે અને પાસે બેઠેલા હરિભક્તોને અહોરાત્ર કથા કરતાં કરતાં ક્યારેક તકિયા પાસે પડેલી ડાબલીમાંથી બે દાણા ધાણીના જમે.[૪૭]

એકવાર ઉપલેટાથી આહીર ગોવાભાઈ તથા લાલાભાઈનો દીકરો કાનો બંને ઘઉંનો પોંક લઈને સ્વામી પાસે આવ્યા હતા. રસ્તામાં મજેવડીની સીમમાંથી ચણિયાં બોર પણ વીણીને લાવ્યા હતા. તે વખતે સ્વામી પીલપાયાને ઓઠીંગણે બેઠાં બેઠાં કથા વંચાવતા હતા. એટલામાં તો તે બંને હરિભક્તો સ્વામી પાસે આવ્યા અને પોંકની અને બોરની પોટલીઓ મૂકી દંડવત્ કરવા લાગ્યા. પછી સ્વામીને પગે લાગ્યા. ત્યારે સ્વામીએ તેમને પૂછ્યુંઃ ‘‘ક્યારે નીકળ્યા હતા?’’

એટલે તેમણે કહ્યુંઃ ‘‘મોડી રાતે ચંદરમાના અજવાળામાં ચાલતાં ચાલતાં આવ્યા છીએ. મજેવડીની સીમમાં આવ્યા ત્યારે મોંસૂઝણું થયું એટલે ચણિયાં **(અનુસંધાન પૃ. ૪૪ પર)**

૪૨. ગુણાતીતાનંદ સ્વામીનું વિસ્તૃત જીવનચરિત્ર, ભાગ-૨, પૃ. ૨૩.
૪૩. એજન, પૃ. ૨૯૭.
૪૪. એજન, પૃ. ૩૭૯.
૪૫. એજન, પૃ. ૧૪૭.
૪૬. એજન, પૃ. ૧૦૧.
૪૭. ગુણાતીતાનંદ સ્વામીનું વિસ્તૃત જીવનચરિત્ર, ભાગ-૧, પૃ. ૫૦૨.

(અનુસંધાન પૃ. ૨૯ પરથી) કરના લટકાથી પ્રતિભાવ અચૂક આપતા રહે.

એક વાર યુવકોએ સ્વામીશ્રીને પૂછ્યું: 'બાપા! આપની હૉબી શું?'

સ્વામીશ્રી કહે: 'ભજન કરવું ને કરાવવું એ હૉબી.'

૪ માર્ચ, ૨૦૦૧ના દિવસે મોડાસામાં ડિસ્ટ્રિક્ટ જજ શ્રી કે. જે. ઠાકર દર્શને આવ્યા. તેઓ કહે: 'આપ આ ઉંમરે ખૂબ પરિશ્રમ ઉઠાવો છો.'

સ્વામીશ્રી તરત જ કહે: 'અમારો ધંધો જ આ છે – ભજન કરવું ને કરાવવું.'

સારંગપુરમાં તા. ૨-૪-૨૦૦૫ના રોજ બહારના પ્રતીક્ષાખંડમાં સેવકસંતો આરતી બોલી રહ્યા હતા. સ્વામીશ્રી અંદર પત્રવાંચન કરી રહ્યા હતા. તેમણે સંતોનો આરતી ગાવાનો અવાજ સાંભળ્યો ને તરત જ પત્રવાંચન સમેટ્યું. ચશ્માં હાથમાં લીધાં અને કહ્યું: 'આ બધા બહાર આરતી ગાય છે ને આપણે તો રહી જાય છે! ચાલો, આપણે પણ આરતી બોલી લઈએ.' આટલું કહીને સ્વામીશ્રી આંખો બંધ કરીને તાળી પાડતાં આરતી ગાવા લાગ્યા.

આવો જ પ્રસંગ એડિસન-ન્યૂજર્સીમાં બન્યો. તા. ૨૫-૫-૨૦૦૪ના રોજ સ્વામીશ્રી મંચ ઉપર જઈ રહ્યા હતા. સભાસંચાલનમાં સેવા આપતા યુવાન સ્વયંસેવક જિતુભાઈ રાઠોડ સામે ઊભા હતા. સ્વામીશ્રીને કહે: 'બાપા! આપને કોઈ ભીડો કે કષ્ટ તો નથી ને?'

સ્વામીશ્રી તરત કહે: 'રોજ સંધ્યા આરતી થાય છે, પણ તું આરતીમાં મને ઊભો થવા નથી દેતો એ જ કષ્ટ છે. તું આજે મારા માટે જુદી આરતી લઈને આવજે.'

આરતી-આહ્નિક ન થાય, એ જ સ્વામીશ્રીને મન કષ્ટદાયક ઘટના!

સન ૨૦૦૧માં સ્વામીશ્રી કોલકાતામાં મંદિરે દર્શને પધાર્યા ત્યારે સાષ્ટાંગ દંડવત્ કરવાની ઈચ્છા દર્શાવી. સેવક સંતોએ સ્વામીશ્રીના કમરના દુખાવાને અનુલક્ષીને કહ્યું : 'આપને કમરે દુખાવો છે, તો આ વખતે રહેવા દો.' પણ સ્વામીશ્રીએ દંડવત્ કરીને જ રહ્યા!

સન ૨૦૦૧માં મહેસાણામાં મંદિરમાં દર્શન-આરતી કર્યા બાદ સ્વામીશ્રી સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરવા લાગ્યા ત્યારે સેવકો કહે: 'સવારે તો આપે દંડવત્ કર્યા હતા ને!'

સ્વામીશ્રી કહે: 'અત્યારે સંધ્યા આરતી-અષ્ટકના દંડવત્.' એમ કહી દંડવત્ કરવા લાગ્યા.

નડિયાદમાં સાંજની સભા બાદ સ્વામીશ્રી ઉતારે જઈ રહ્યા હતા ત્યારે સ્વામીશ્રીએ પૂછ્યું: 'મંદિર પર સંધ્યા આરતી થઈ ગઈ?'

એક સંતે સ્વામીશ્રીને તેઓના સ્વાસ્થ્યને લક્ષ્યમાં લઈને મંદિર પર ચઢવાનો શ્રમ લેવો ન પડે એ ભાવથી કહ્યું: 'બાપા! આપ નહીં આવો તો ચાલશે.' આટલું સાંભળ્યું ને સ્વામીશ્રી અકળાઈ ગયા: 'તમે લોકો ઉપર આરતીમાં જવાની ના પાડો છો, પણ દર્શન કરવાનું કહીએ ત્યારે કોઈ દિવસ ના ન પાડવી. આ તો બધી વાતમાં બંધી કરી છે, પણ ભજન-ભક્તિ કરવા તો આવ્યા છીએ. એ ના થાય તો બીજું કરવુંય શું? જીવવું કેમનું?'

સન ૨૦૦૨માં સ્વામીશ્રી સિડની(ઓસ્ટ્રેલિયા)માં મંદિરની મૂર્તિપ્રતિષ્ઠા નિમિત્તે પધાર્યા હતા. કોઈપણ મંદિરમાં પ્રતિષ્ઠા પછી સ્વામીશ્રી અવશ્ય દંડવત્ પ્રણામ કરે જ. આજે પણ તેઓને ઠાકોરજીને દંડવત્ કરવા હતા, પરંતુ પ્રતિષ્ઠા સમારોહમાં પધારેલા મહાનુભાવોને મોડું થતું હોવાથી સભા વહેલી શરૂ કરવાની ઉતાવળમાં દંડવત્ કરવાનું શક્ય બન્યું નહોતું. આથી, બીજે દિવસે સવારે સ્વામીશ્રી પ્રાતઃપૂજા પછી ઠાકોરજીનાં દર્શને પધાર્યા ત્યારે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરવા લાગ્યા. સ્વામીશ્રી કહે: 'કાલે દંડવત્ કરવાના રહી ગયા હતા.'

સ્વામીશ્રીને નવધાભક્તિનાં અંગો સાહજિક હતાં.

દેવશયની, રથયાત્રા, રક્ષાબંધન, હિંડોળા, જન્માષ્ટમી, જળઝીલણી, શરદપૂનમ, દિવાળી, અન્નકૂટ, પ્રબોધિની, મકરસંક્રાન્તિ, વસંતપંચમી, ફૂલદોલ, રામનવમી આદિ ઉત્સવો-પર્વો, યજ્ઞો, પારાયણો વગેરે હજારો હૃદયોને ભાવાર્દ્ર કરતાં ભક્તિપર્વો સ્વામીશ્રી અચૂક ઊજવતા.

પદ્મપુરાણના ઉત્તરખંડમાં શિવ-પાર્વતી સંવાદમાં ભક્તિના ૧૬ પ્રકાર કહ્યા છે. પરમપ્રેમ સ્વરૂપા ભક્તિ જેને વરે છે, તેમાં ભક્તિનાં આ સર્વે પાસાં આવી જાય છે. પ્રેમલક્ષણા ભક્તિ વિષે નારદપંચરાત્ર શાસ્ત્રમાં કહ્યું છેઃ ભગવાન પ્રત્યે પ્રેમ અને અનન્ય મમતા અને આંતર્બાહ્ય ઘનિષ્ટ પ્રીતિ. સામાન્ય ભક્તિ કરતાં પ્રેમલક્ષણા ભક્તિનું માહાત્મ્ય અધિક છે.[૭]

પ્રમુખસ્વામી મહારાજ આવી પ્રેમલક્ષણા ભક્તિનું જીવંત ઉદાહરણ તરીકે આવનારા અનેક યુગો સુધી સૌને ભક્તિની શાશ્વત પ્રેરણા આપતા રહેશે. ◆

---

૭. ''अनन्यममता विष्णौ ममता प्रेमसङ्गता। भक्तिरित्युच्यते भीष्म! प्रह्लादोद्धवनारदैः॥ प्रेमभक्तेश्च माहात्म्यं भक्तेर्माहात्म्यतः परम्। सिद्धमेव यतो भक्तेः फलं प्रेमैव निश्चितम्॥ चिह्नानि प्रेमसम्पत्तेर्बाह्यान्याभ्यन्तराणि च । कियन्त्युल्लिखितान्यस्या महिमैव विलिख्यते ॥'' (नारदपंचरात्रम्)

યુગોથી ભારતીય ભક્તિશાસ્ત્રો પરાભક્તિની
મહિમા ગાથા ગાઈ રહ્યાં છે. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનાં
દર્શન કરતાં એવું અનુભવાય કે
એ શાસ્ત્રોએ જાણે પ્રમુખસ્વામી મહારાજ માટે જ
એ પરાભક્તિની મહિમાગાથા ગાઈ હોય.



## પરાભક્તિનું મૂર્તિમંત સ્વરૂપ

# બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

### જેમના રોમ રોમમાં ફોરમતી હતી ઠાકોરજી શ્રી હરિકૃષ્ણ મહારાજ પ્રત્યેની પ્રેમલક્ષણા ભક્તિ

■ સાધુ અક્ષરજીવનદાસ



શાંડિલ્યસૂત્રમાં ભક્તિની વ્યાખ્યા આ પ્રમાણે કરી છે – 'सा परानुरक्तिरीश्वरे।' ઈષ્ટદેવ પ્રત્યે સર્વોચ્ચ અનુરાગ એટલે પરાભક્તિ.[1] શાસ્ત્રોમાં વર્ણવેલ ઉચ્ચકોટીની આ ભક્તિનાં સર્વે અંગ શ્રીહરિના અનાદિ સેવક અક્ષરબ્રહ્મમાં જોવા મળે છે. એ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી હતા. તેમની પરંપરામાં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજમાં સર્વે અંગ સહિતની પરાભક્તિનાં દર્શન થતાં.

આ સૂત્રના ભાષ્યમાં કહ્યું છે: "આ ભક્તિ જ ઉપાસના છે. પરમેશ્વરના વિષયમાં તેને પરમપ્રેમ પણ કહ્યો છે. ઉપાસ્ય ઈષ્ટદેવની સાકારમૂર્તિ આકારે ચિત્તવૃત્તિ થઈ જાય, શ્રવણ, મનન, અભ્યાસના ફળસ્વરૂપ અનુરાગ કે જેને પરિપક્વ નિદિધ્યાસ નામે પણ કહે છે. ઈષ્ટદેવથી અધિક કોઈ જ વસ્તુ ન રહે એવી બુદ્ધિપૂર્વકની ચિત્તવૃત્તિ એ જ પરાભક્તિ."

આવી પરાભક્તિને વિષ્ણુપુરાણમાં 'પરમપ્રીતિ મૂલક' કહી છે. આ વિષે ટીકાકાર શ્રીધર સ્વામી કહે છે: "હે અચ્યુત! તમારા સ્વરૂપમાં મારી ભક્તિ અચ્યુત અને એકાંતિકી બની રહો કે જે પરાપ્રીતિ સ્વરૂપ છે. જેમ વિષયાસક્ત લોકોને વિષયમાં પ્રીતિ છે, તેવી પ્રીતિ મારા હૃદયમાં આપને વિષે હંમેશાં સ્થિર રહે."[2]

ગીતા(૧૧-૫૪)માં ભક્તિમાર્ગને 'રાજવિદ્યા' શબ્દથી ઓળખાવ્યો છે. રાજ એટલે મુખ્ય, વિદ્યા એટલે માર્ગ. મોક્ષપ્રાપ્તિ માટે જ્ઞાન અને કર્મ કરતાં ભક્તિની શ્રેષ્ઠતા બતાવી છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણ શિક્ષાપત્રી-૧૦૩માં કહે છે: 'માહાત્મ્યજ્ઞાને સહિત ભગવાન પ્રત્યેનો અતિ સ્નેહ તેનું નામ ભક્તિ.'

ભાગવતમાં સપ્તમ સ્કન્ધમાં પ્રહલાદજી ભક્તિના નવ પ્રકાર વર્ણવે છે: "ભગવાનનાં ગુણ-લીલા-નામ વગેરેનું શ્રવણ, તેમનું કીર્તન, તેમનાં રૂપ-નામ વગેરેનું સ્મરણ, તેમનાં ચરણોની સેવા, પૂજા-અર્ચના, વંદન-દંડવતપ્રણામ, સખાભાવ અને આત્મનિવેદન. જો ભગવાન પ્રત્યે સમર્પણભાવથી આ નવ પ્રકારની ભક્તિ કરવામાં આવે તો હું તેને સર્વશાસ્ત્રજ્ઞ સમજું છું."[3]

પૂર્વે ભક્તિસંપ્રદાયોએ ભક્તિની પુષ્ટિ કરી, પરંતુ 'બ્રહ્મરૂપ થઈને ભક્તિ કરવી' એ સિદ્ધાંત ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્થાપ્યો છે. निजात्मानं ब्रह्मरूपम्... શિક્ષાપત્રી-૧૧૬

ગીતા(૧૮/૫૪)માં પણ કહે છે –

*'બ્રહ્મભૂતઃ પ્રસન્નાત્મા... મદ્‌ભક્તિં લભતે પરામ્ ॥'*

શ્રીહરિએ પ્રવર્તાવેલો આ એવો ભક્તિમાર્ગ છે જેમાં બ્રહ્મરૂપ થયા વગર, આત્મા-અક્ષરબ્રહ્મને ઓળખ્યા વગર યથાર્થ ભક્તિ થતી જ નથી. એવી ભક્તિને તેમણે એકાંતિકી ભક્તિ કહી છે. ધર્મ-જ્ઞાન-વૈરાગ્ય અને ભક્તિ આ ચારેયનું એક સ્વરૂપ 'એકાંતિક ધર્મ' છે. આ 'એકાંતિક ધર્મ'નું સ્થાપન કરવા તેઓ પ્રગટ થયા હતા. એકાંતિક ધર્મને જ 'ભાગવત ધર્મ' કહે છે. આ ભાગવત ધર્મ અને ભક્તિ એ બંનેનું એક સ્વરૂપ છે, જુદાં નથી. આવી એકાંતિકી ભક્તિ પામવા માટે શ્રીહરિએ એકાંતિક સંતનો પ્રસંગ દર્શાવ્યો છે, જેમના જીવનમાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય સહિત ભક્તિ હોય.

શ્રીહરિએ વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૬૦માં કહ્યું: 'આવી રીતનો જે એકાંતિક ધર્મ તે તો જે એવા નિર્વાસનિક પુરુષ હોય અને જેને ભગવાનને વિષે સ્થિતિ થઈ હોય તેને વચને કરીને જ પમાય, પણ ગ્રંથમાં લખી રાખ્યો હોય તેણે કરીને નથી પમાતો.'

વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૫માં શ્રીહરિ કહે છે: 'શુક-સનકાદિક જેવા જે મોટાપુરુષ તેની જે સેવા ને પ્રસંગ તેમાંથી માહાત્મ્યે સહવર્તમાન એવી જે ભક્તિ તે જીવના હૃદયમાં ઉદય થાય છે.'

વચનામૃત વરતાલ પ્રકરણ ૩માં શ્રીહરિ કહે છે : 'મોટાપુરુષની સેવા મન-કર્મ-વચને કરે તો તે જીવના હૃદયમાં માહાત્મ્ય સહિત ભક્તિ આવે છે.'

આમ, પરાભક્તિનું નિવાસસ્થાન પરમ એકાંતિક સંત છે. એવા ગુણાતીત સત્પુરુષ પ્રમુખસ્વામી મહારાજની પરાભક્તિ વિષે આ લેખમાં પરામર્શ કરાયો છે.

શ્રીમદ્‌ ભાગવતમાં ભગવાન કહે છે: મારી ભક્તિ કરનારનાં કેવાં લક્ષણ હોય? તો – (૧) જેનાં કર્મમાત્ર મારા સ્મરણ સાથેનાં હોય ને મારા માટે જ હોય. (૨) જેણે મન, બુદ્ધિ, ચિત્ત મને અર્પી દીધાં હોય. (૩) જેની બુદ્ધિ ને મન

---

૧. "अथातो भक्तिजिज्ञासा सा परानुरक्तिरीश्वरे।" इति शाण्डिल्यसूत्रम् ॥

૨. सा च परमप्रीत्यधीना ॥ (विष्णुपुराण – 1/20/18-19)

૩. "श्रवणं कीर्त्तनं विष्णोः स्मरणं पादसेवनम् । अर्च्चनं वन्दनं दास्यं सख्यमात्मनिवेदनम्॥ इति पुंसार्पिता विष्णौ भक्तिश्चेन्नवलक्षणा। क्रियते भगवत्यध्धा तन्मन्येऽधीतमुत्तमम्॥" (भागवत – 7/5/23)

મારા ઉપદેશેલા ધર્મમાં જ પ્રેમે રાચતાં હોય. (૪) જ્યાં મારા ભક્તો રહેતા હોય એવા સ્થાનમાં જ જેને રહેવું ગમે. (૫) દેવ-અસુર-મનુષ્ય ત્રણે વર્ગમાં જે કોઈ મારો ભક્ત છે તેનું જ અનુકરણ કરે, આચરણ અંગીકાર કરે, સંગમાં રહે. (૬) જેઓ મારા સંબંધયુક્ત પર્વો, મહોત્સવો, સત્રો યોજે. (૭) સર્વ ભૂત-પ્રાણીમાત્રમાં અંદર ને બહાર સર્વત્ર હું રહ્યો છું તે દેખે. (૮) નિર્મળ જળમાં આકાશને જુએ, તેમ પોતાના આત્મામાં મને જુએ. (૯) બ્રાહ્મણ કે શૂદ્ર, સજ્જન કે ચોર, સૂર્ય કે તણખો, શાંત કે ક્રૂર– બધાને સમાન નજરે જુએ. (૧૦) સઘળે મારો ભાવ કલ્પવાથી જેમનાં સ્પર્ધા, અસૂયા, તિરસ્કાર, અહંકાર વગેરે સમૂળાં નાશ પામી ગયાં હોય.[૪]

ઉપરોક્ત સઘળાં લક્ષણો પરમ એકાંતિક સંત પ્રમુખસ્વામી મહારાજમાં સહેજે નીરખવા મળતાં. તેમની પ્રત્યેક ક્રિયામાં અખંડ ઠાકોરજીનું – ભગવાનનું પ્રધાનપણું પરખાતું. વહેલી સવારે ‘મહારાજ-સ્વામી’ કરતાં આંખો ખોલે ત્યારથી લઈને મોડી રાત્રે ફરીથી ‘સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...’ બોલતાં આંખો મીંચે ત્યાં સુધીની પ્રત્યેક પળે, અરે! ગાઢ સુષુપ્તિમાંય એમને પરમાત્માનું સતત અનુસંધાન. તેઓ જમવા બિરાજે ત્યારે પણ તેઓ તો ભગવત્કથામગ્ન જ હોય.

પોતે સ્વયં ગુરુ હોવા છતાં કોઈ શિષ્ય પણ ભક્તિ કરતો હોય તો તેને ભક્તિપૂર્વક લળી પડવાની તેમની સહજ સ્વાભાવિકતા હતી. કોઈ તીર્થ કરીને આવે તો તેને નીચા નમી ચરણસ્પર્શ કરે. કોઈએ તપ્તકૃચ્છ્ર કે પારક જેવું તીવ્ર તપ ભગવાનની પ્રસન્નતા માટે કર્યું હોય ને તે દર્શને આવે ત્યારે સ્વામીશ્રી સામેથી તેમનો ચરણસ્પર્શ કરે ને રાજીપો દર્શાવે. સ્વામિનારાયણ સંપ્રદાય કે અન્ય કોઈપણ પરંપરાના ભક્તે પણ ભગવાનને રીઝવવા આકરાં વ્રત કર્યાં હોય, કોઈ પોતપોતાના ઇષ્ટદેવનું ભજન કરતા હોય તો તેના પ્રત્યે અહોભાવ દાખવે, કોઈ ભજન ગાય તેને પ્રેમથી સાંભળે, તેમની કથામાં પણ લીન બને. તેમાં સ્વામીશ્રીની ભક્તિનું અનોખું પ્રતિબિંબ ઝિલાતું.

ભગવાનની કથાભક્તિ કરવા-સાંભળવામાં સ્વામીશ્રીને ક્યારેય કંટાળો નહીં. દૈહિક બીમારી હોય, તાવ ચઢ્યો હોય તો પણ ધ્રૂજતા શરીરે કથારસ રેલાવે! ભગવાનની વાત કરવામાં સમય, સ્થળ, સુવિધા, શ્રોતા કે શરીરસ્થિતિ – કંઈ જ ગણકારે નહીં. એક શ્રોતા માટે પણ એવા જ ઉત્સાહથી કથા કરે, જાણે સામે લાખો શ્રોતા બેઠા છે! ૧૯૭૨ની સ્પેશિયલ ટ્રેનમાં એક વચનામૃત પર સતત પાંચ કલાક કથારસ રેલાવ્યો હતો, એકાદશીનો નિર્જળ ઉપવાસ હોવા છતાં!

ઠાકોરજી સન્મુખ કદી ઊંચા આસને ન બેસે. ૧૯૭૪માં અમેરિકામાં ન્યૂયોર્કની ધરતી પર પ્રથમ હરિમંદિરની ખાતવિધિ બાદ સભા થઈ. યુવક મંડળે સ્વામીશ્રી માટે સુંદર આસન તૈયાર કર્યું હતું. પરંતુ સ્વામીશ્રીએ એક નજરમાં માપી લીધું કે ઠાકોરજીનું આસન સામાન્ય હતું. તરત સ્વામીશ્રી સામાન્ય આસન ઉપર બિરાજી ગયા ને જ્યાં પોતાને બેસવાનું હતું તે મુખ્ય આસન પર હરિકૃષ્ણ મહારાજને વિરાજિત કર્યા.

ચિન્મય મિશનના સ્વામી ચિન્મયાનંદજી આ પ્રસંગે ટોરન્ટોથી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે સ્વામીશ્રીની આ ઇષ્ટભક્તિ નજરે નિહાળી, તેમના મુખેથી શબ્દો સરી પડ્યાઃ ‘વા... હ!’ તેઓ એટલા પ્રભાવિત થયા કે વક્તવ્યમાં બોલી ઊઠ્યા: ‘આધ્યાત્મિક પ્રગતિ તો જેની પાસે ભગવાન હોય તેવા પુરુષના સંબંધથી જ સાધી શકાય. પ્રમુખસ્વામી એવા અધ્યાત્મમાં ડૂબેલા પુરુષ છે. એમને ભગવાનમાં અતૂટ પ્રીતિ છે. આવા સત્પુરુષનો પ્રસંગ થાય તો જગત તરફ જઈ રહેલી જીવની વૃત્તિઓ ભગવાન તરફ વળે...’

ઠાકોરજીની નવધા ભક્તિ વિના સ્વામીશ્રી ક્ષણ પણ વ્યર્થ સમય જવા ન દે. પળ-પળનો સદુપયોગ કરી જ લે. મૂર્તિને ક્યારેય ધાતુ-પાષાણ કે ચિત્રામણની ન ગણે. તેમાં સાક્ષાત્ ભગવાનનો આવિર્ભાવ છે એવું દૃઢપણે માને ને એ મુજબ વર્તે. થાળ, વાઘા, શણગાર આદિ ઋતુ-ઋતુ પ્રમાણે થાય તેનો દૃઢ આગ્રહ રાખે.

પોતે શ્રીહરિના દૃઢ દાસ છે, એ ભાવ કદી ન ભૂલે. કાર્યક્રમ અને સમારંભ મોટો હોય કે નાનો, ઉદ્‌ઘાટન નાનું હોય કે મોટું - પ્રથમ ઠાકોરજીને જ આગળ કરે. ઠાકોરજી ઉદ્‌ઘાટન કરી રહ્યા છે, એ ભાવ એમની બધી ક્રિયાઓમાં પરખાય.

સુરતની મોટામાં મોટી જે. જે. એરકંડિશન્ડ માર્કેટનું ઉદ્‌ઘાટન કરવા પધાર્યા ત્યારે જાણે ઠાકોરજી જ ઉદ્‌ઘાટન કરે છે! એવો ભાવ. સમારંભ વખતે સ્ટેજ પર સ્વામીશ્રી પધાર્યા ત્યારે ખ્યાલ આવ્યો કે પોતાના માટે સુશોભિત આસન છે અને ઠાકોરજી માટે સાદું આસન છે. તરત જ પોતે ઊભા

૪. શ્રીમદ્ ભાગવત: ૧૧/૨૯/૯-૧૫.

રહી ગયા અને કહ્યું: 'ઠાકોરજીને આ (પોતાના) આસન પર પધરાવો, હું પેલા પર બેસીશ.' પછી તો હરિભક્તો ઠાકોરજી માટે ગાલીચો લઈ આવ્યા અને ઠાકોરજી માટેના આસન પર બિછાવ્યો ત્યારે જ તેઓ પોતાના આસન પર બિરાજ્યા.

સમૂહ ફોટો પડાવવામાં પણ જો હરિકૃષ્ણ મહારાજ ઢંકાઈ જાય તો સ્વામીશ્રી એ સાંખી ન શકે.

વડોદરા જિલ્લાના કુણપાડ ગામે સ્વામીશ્રી પધાર્યા હતા ત્યારે હરિભક્તોને એવી ઇચ્છા થઈ કે આપણે સ્વામીશ્રી સાથે સમૂહ ફોટો લેવડાવીએ. બધા સ્વામીશ્રીની આજુબાજુમાં હરખભેર ગોઠવાઈ ગયા. એમાં ઠાકોરજીની મૂર્તિ ઢંકાઈ ગઈ. સ્વામીશ્રી તરત અકળાઈ ગયા અને કહે: 'ઠાકોરજી આવે એવી રીતે ફોટો પાડો. આપણને બસ આપણું જ તાન છે, પણ ઠાકોરજીને લઈને આપણે છીએ.'

કોઈ સ્વામીશ્રીને એમ કહે કે 'આપના માટે જ ખાસ આ વાનગી બનાવી છે.' તો તરત, ક્ષણનાય વિલંબ વગર કહી દે: 'મારા માટે કરો છો એમ ન બોલાય. ઠાકોરજી માટે કરીએ છીએ એમ બોલો. ઠાકોરજી માટે જ કરવું, અમારા માટે ન કરવું.'


ઠાકોરજીએ જે અંગીકાર ન કર્યું હોય એ સ્વામીશ્રી ક્યારેય અંગીકાર ન કરે, એ પછી ભલે ને ફૂલની એક પાંદડી હોય! એક વખત આખા દિવસની કઠિન મુસાફરી કરીને સ્વામીશ્રી રાત્રે મહેળાવ પધાર્યા. હરિભક્તોએ ઉમંગભેર નગરયાત્રાનું આયોજન કર્યું હતું. ખૂબ થાકેલા હોવા છતાં સ્વામીશ્રી નગર-યાત્રામાં જોડાયા. ટ્રેક્ટરમાં બિરાજ્યા. હરિભક્તોની ખૂબ ભારે ભીડ હતી. એમાં એક હરિભક્તે હરખમાં આવી જઈને સ્વામીશ્રીને હાર પહેરાવવા માટે હાથ લંબાવ્યા. સ્વામીશ્રીએ એકદમ તેમનો હાથ પકડ્યો, અટકાવીને કહ્યું: 'પહેલાં ઠાકોરજીને ધરાવો, મને પછી.' આવું તો અસંખ્યવાર બન્યું છે.

૧૯૭૪માં વિદેશયાત્રામાં એક પધરામણીમાં પૂજન સમયે હરિભક્ત વિનોદભાઈ પટેલે હરિકૃષ્ણ મહારાજને પહેરાવવા માટે પોતે ઘેર તૈયાર કરેલો એક નાનો પુષ્પહાર સ્વામીશ્રીને આપ્યો. તે ભીનો હતો. સ્વામીશ્રીએ તેને ધીરેથી નિતારી લીધો, પોતાના ગાતરિયામાં થોડો સમય દબાવી, તેમાંનું પાણી સૂકવી નાખ્યું. પછી તે હાર હરિકૃષ્ણ મહારાજને પહેરાવ્યો!

૧૯૮૭માં કેદારનાથથી નીચે ઊતર્યા પછી ગૌરીકુંડમાં ગરમ પાણીના કુંડમાં સૌ સહયાત્રીઓ સ્નાન કરતા હતા. પરંતુ સ્વામીશ્રી પધાર્યા ત્યારે તેમણે પ્રથમ ઠાકોરજીને સ્નાન કરાવ્યું. કુંડનું પાણી ગરમ હતું તેમાં થોડું ઠંડું પાણી મેળવીને સમશીતોષ્ણ કર્યું. ઠાકોરજીને નિરાંતે સ્નાન કરાવ્યા પછી જ પોતે સ્નાન કર્યું!

૧૯૯૪માં વિદેશયાત્રામાં સ્વામીશ્રી રોજ સવારે પ્રાતઃપૂજામાં ઠાકોરજીને થાળ ધરાવે ત્યારે સ્વામીશ્રીને થાળનું વજન ન લાગે તે માટે સેવક અધ્યાત્મજીવનદાસ થાળનું વજન નીચે હાથ રાખી ઝીલી લે. સ્વામીશ્રી બંને હાથે થાળ ઝાલીને પ્રેમથી ધરાવે. પરંતુ સ્વામીશ્રી થાળ ઉપર વજન આપી થાળને નીચે દબાવે. સેવકને ખ્યાલ ન આવે કે આ ભાર ક્યાંથી આવે છે? કેટલાક સમય પછી એક વાર સ્વામીશ્રીએ કહ્યું: 'થાળ થોડો

**ગમે તેવી બીમારીમાંય સ્વામીશ્રીને ઠાકોરજીનું અનુસંધાન ક્યારેય ઓછું થયું નથી. ગંભીર ઓપરેશનો કે હૃદયરોગના ગંભીર હુમલાની પળોમાં, કલ્પનાય ન આવી શકે એવી ક્ષણે તેઓ ઠાકોરજીની સેવા-સરભરાની ખેવના કરે.**



નીચે રાખીએ. નીચે હોય તો ઠાકોરજીને થાળમાંથી પોતાના હાથથી વાનગી લેતાં ફાવે.' કેવી સૂક્ષ્મ ભક્તિ !

આવી સૂક્ષ્મ ભક્તિ તે જ કરી શકે, જેમને સતત ઠાકોરજી મૂર્તિમાં પ્રત્યક્ષ બિરાજે છે તેવી પ્રતીતિ હોય !

નદી-તળાવ-સરોવર કે સમુદ્રમાં સ્નાન કરવાનું હોય ત્યારેય પ્રથમ ઠાકોરજીને સ્નાન કરાવે, પછી જ સ્વામીશ્રી સ્નાન કરે. ૧૯૮૮માં મોરેશિયસના દરિયાકાંઠે ત્યાંના ભક્તોએ વનોત્સવ યોજ્યો હતો. સમુદ્રસ્નાન કરી રહેલા હરિભક્તોએ સ્વામીશ્રીને સમુદ્રસ્નાન માટે નિમંત્ર્યા. સ્વામીશ્રી પધાર્યા. પરંતુ સ્વામીશ્રીએ પ્રથમ ઠાકોરજી મંગાવ્યા. ખૂબ પ્રેમથી તેમને સ્નાન કરાવ્યું. પછી જ સમુદ્રસ્નાન કરવા માટે તૈયાર થયા!

ભગવાનના સંબંધેયુક્ત તીર્થજળનું એમને અનન્ય માહાત્મ્ય. તીર્થોમાં નદી-તળાવ-કુંડમાં કમરથી વાંકા વળી ઠાકોરજીને સ્નાન કરાવે. પછી ઠંડા, સ્થિર કે વહેતાં પ્રાસાદિક જળમાં અવશ્ય સ્નાન કરે. સ્નાન શક્ય ન હોય, સમય ન હોય તો તીર્થજળ અવશ્ય માથે ચઢાવે, અન્યના મસ્તક પર પણ ચઢાવે. ઝાઝો સમૂહ હોય તો પોતે જાતે ખોબે ખોબે જળ ઉછાળે..

ગમે તેવી બીમારીમાંય સ્વામીશ્રીને ઠાકોરજીનું અનુસંધાન ક્યારેય ઓછું થયું નથી. ગોલબ્લેડર કે ટ્યૂમરનાં ઑપરેશનોમાં, તાવ કે હૃદયરોગના ગંભીર હુમલાની પળોમાં, કોઈને કલ્પનાય ન આવી શકે એવી ક્ષણે તેઓ ઠાકોરજીની સેવા-સરભરાની ખેવના કરે.

૧૯૮૦માં બોસ્ટનમાં સ્વામીશ્રીને આંખનું ઑપરેશન કરાવવાનું હતું ત્યારે ઑપરેશન થિયેટરમાં જતાં પહેલાં ઠાકોરજીનાં દર્શન કર્યાં. આંખનાં ઑપરેશન બાદ સ્વામીશ્રીને સ્ટ્રેચર દ્વારા ઑપરેશન થિયેટરમાંથી બહાર લવાયા કે તરત સેવક સંતોને પૂછ્યું: 'ઠાકોરજીને પોઢાડ્યા?'

ઠાકોરજીની સેવામાં કંઈ અપરાધ થાય ત્યારે એમની આંખમાં અચૂક આંસુની ભીનાશ પથરાઈ જાય. ઠાકોરજીને જમાડવામાં, જગાડવામાં, જળ પાવામાં, આરતી કરવામાં વિલંબ થાય તે સ્વામીશ્રી માટે અસહ્ય હોય. આમ છતાં સ્વામીશ્રી તો એમ જ માને કે 'હું ઠાકોરજી માટે કશું જ કરતો નથી. ઠાકોરજી આપણું લાલન-પાલન કરે છે. આપણે એમની સંભાળ રાખનારા કોણ! સંભાળ તો એ આપણી રાખે છે.'

૧૯૮૦માં બીજી સપ્ટેમ્બરે સ્વામીશ્રી મોતિયાની તપાસ કરાવી બોસ્ટનથી ન્યૂયોર્ક જઈ રહ્યા હતા. રાતની મુસાફરી હતી. કેરેવાન સડસડાટ જઈ રહ્યું હતું. સ્વામીશ્રી અને સંતો આરામ કરી રહ્યા હતા. જન્માષ્ટમીનો નિર્જળા ઉપવાસ હતો. શાંતિ હતી. ઉપરની બર્થ પર ઠાકોરજીને પેટીમાં પોઢાડ્યા હતા. ઠાકોરજીની પેટી સરકતી સરકતી સીટની ધાર પર ક્યારે આવી તેનો ખ્યાલ ન રહ્યો ! જ્યારે પેટી નીચે પડતાં અવાજ થયો કે તરત જ સ્વામીશ્રી સફાળા બેઠા થઈ ગયા. નક્કી ઠાકોરજી પડ્યા! તરત ગાડી એક બાજુ લેવડાવી. સંતો પણ જાગી ગયા. સેવક સંતે માવજતપૂર્વક પેટી લઈને જોયું, અંદર ઠાકોરજી પડખાભેર થઈ ગયા હતા.

સ્વામીશ્રી પેટી નીચે પડી ત્યારથી ગમગીન થઈ ગયા હતા. ગળગળા થઈ પ્રાર્થના કરવા લાગ્યા. આંખો ભીની થઈ ગઈ. વારંવાર દંડવત્ કરવા લાગ્યા. કેરેવાનમાં જ ૨૫ દંડવત્ કરી નાખ્યા. પ્રાર્થના કરતા જાય: 'માફ કરજો મહારાજ ! અપરાધ થઈ ગયો, ક્ષમા કરજો.' હજુ મન માન્યું ન હતું. ઠાકોરજીને રીઝવવા પ્રેમથી થાળ ધર્યો. તે પછી આખે રસ્તે સૂનમૂન બેસીને ઠાકોરજી સમક્ષ સ્વામીશ્રીએ સતત માળા જ ફેરવી. જાણે મોટી કસૂરની માફી માગતાં કાકલૂદી કરી રહ્યા હતા !

આવો જ પ્રસંગ વીરસદમાં બન્યો. તા. ૨૮-૨-૧૯૯૦ના રોજ સાંજે 'શ્રીજી કોલ્ડ સ્ટોરેજ'ના ઉદ્ઘાટન નિમિત્તે સ્વામીશ્રી બોચાસણથી પધાર્યા. ભગવત્ચરણદાસ સ્વામીએ ઠાકોરજી લીધા હતા. સ્વામીશ્રીએ ઠાકોરજીને આગળ રાખી ઉદ્ઘાટનની રીબીન કાપી, કોલ્ડ સ્ટોરેજનું ઉદ્ઘાટન કર્યું. ઠાકોરજી સાથે સ્વામીશ્રી અંદર પગલાં કરવા પધાર્યા. લાકડાની પટ્ટીઓનો ફ્લોર હતો. સાવચેત ન રહે તો તેમાં પગ ભરાઈ જવાની પૂરી શક્યતા હતી.

સ્વામીશ્રી પુષ્પો છાંટતાં આગળ વધી રહ્યા હતા. ઠાકોરજી લઈને ચાલતા ભગવત્ચરણદાસ સ્વામીનો પગ લાકડાની નબળી પટ્ટી પર આવી ગયો. પટ્ટી તૂટી. તેમણે સમતુલા ગુમાવી દીધી અને પડ્યા. ઠાકોરજીને પડવા ન દેવાનો પ્રયત્ન કર્યો પણ વ્યર્થ. સ્વામીશ્રીની દૃષ્ટિ સામે જ આ બન્યું. તેમનું મુખારવિંદ મ્લાન થઈ ગયું. અંગોઅંગ વેદના ઊપડી. ચિત્રવત્ બની ગયા. તેમની આંખો ઠાકોરજી સાથેની આત્મીયતા છતી કરતી હતી. તરત પગે લાગીને સ્વામીશ્રીએ ઠાકોરજીની માફી માગી. સ્થિર દૃષ્ટિએ હાથથી પંપાળી રહ્યા, ઘડીભર સૌ આ નીરવ સંવાદ જોઈ રહ્યા.

પુષ્પો છાંટવાનાં હતાં એટલે આગળ વધ્યાં પણ સૂનમૂન. અહીંથી નીકળ્યા પછી રસ્તામાં ઠાકોરજીને પોતાની સન્મુખ ફેરવ્યા. વારંવાર પગે લાગતા જાય, વીનવતા જાય, આર્દ્રભાવે પ્રાર્થના કરતા જાય... શબ્દો ત્રુટક સંભળાતા હતા કે 'મહારાજ ! સાક્ષાત્ શ્રીજીમહારાજ ! દયાળુ ! માફ કરજો. આપને વાગ્યું હશે... ક્ષમા કરજો...'

સ્વામીશ્રીની આ પ્રાર્થનામાં સઘળું વિલોપાઈ ગયું હતું. તાદાત્મ્ય બે વચ્ચેનું જ રહ્યું હતું.

સ્વામીશ્રી બોચાસણ પધાર્યા ત્યારે ત્યાં સભા ચાલુ હતી. સૌ સ્વામીશ્રીના આવવાની રાહ જોઈ રહ્યા હતા. સ્વામીશ્રી સભામાં પધાર્યા. વિવેકસાગરદાસ સ્વામીએ પ્રવચન પૂરું કર્યું અને સ્વામીશ્રીને આશીર્વચન આપવાનો વારો આવ્યો. પણ સ્વામીશ્રી માંડ બે-ત્રણ મિનિટ બોલી શક્યા. તેમનો કંઠ રૂંધાઈ ગયો હતો. માઈકનો દાંડિયો હાથ વડે દૂર કરી દીધો. સભાજનોને ક્યાં ખબર હતી કે સ્વામીશ્રીના અંતરમાં ઊંડો જખમ થયો છે ! સભા પૂરી થઈ ! 'શામળિયો સનેહી મુને પ્રાણથી પ્યારો...' આ કીર્તન આપણે ફક્ત ગાઈએ છીએ, પણ સ્વામીશ્રીને એની સાક્ષાત્ અનુભૂતિ હતી.

૭-૭-૧૯૯૮ના રોજ સ્વામીશ્રીના હૃદયની તપાસ અમેરિકામાં ન્યૂયોર્કમાં મેનહટનમાં આવેલી 'લેનોક્સહિલ' હૉસ્પિટલમાં ડૉક્ટરોએ કરી. ડૉ. જેફરી મોસેસ અને ડૉ. શ્વોર્ટ્ઝે એન્જિયોગ્રાફી કરી. તેમણે તરત નિદાન કરી કહ્યું: 'સ્વામીશ્રીની ડાબી બાજુની મુખ્ય આર્ટરીમાં બ્લોકેજ છે. અન્ય પાંચ બ્લોકેજ છે. તત્કાળ બાયપાસ સર્જરી કરાવવી અનિવાર્ય છે. વિલંબ લેશપણ કરી શકાય તેમ નથી.' તે જ દિવસે નિષ્ણાત હાર્ટસર્જન ડૉ. સુબ્રહ્મણ્યમ્ હાજર હતા. તેમણે પણ એ જ અભિપ્રાય આપ્યો.

સ્વામીશ્રીની ભગવન્મયતાનું દર્શન આ અવસરે થયું. ઑપરેશનનો સમય ૧૧-૦૦ વાગે નિશ્ચિત થયો. સ્વામીશ્રી કહે: 'બપોરે ત્રણ વાગ્યા પછી રાખો.'

જીવન-મરણની આ ક્ષણે સ્વામીશ્રી મોડું કરવાનું કેમ કહી રહ્યા હતા? સૌને પ્રશ્ન હતો. પરંતુ પાછળથી જાણ થઈ કે સ્વામીશ્રીને પોતાના પ્રાણપ્રિય હરિકૃષ્ણ મહારાજને ઑપરેશન થિયેટરમાં સાથે લઈ જવા હતા અને ૧૧ વાગે ઑપરેશનમાં જાય તો ઠાકોરજીના બપોરના થાળ-આરામના સમય સચવાય તેમ નહોતા. આથી, ઠાકોરજીની થાળ-આરામ ઉત્થાપનની સેવા થઈ ગયા પછી સ્વામીશ્રી ઠાકોરજી સાથે ઑપરેશન થિયેટરમાં પધાર્યા! સૌ અનુભવી શક્યા કે ઠાકોરજી સ્વામીશ્રીના હૃદયના પ્રાણ છે.

૨૨મી જાન્યુઆરી, ૨૦૦૭ના રોજ સ્વામીશ્રી ગોંડલ પધાર્યા. ઉપર દર્શને જવા નવી લિફ્ટ બનાવી હતી. લિફ્ટમાં આવતાંવેંત સ્વામીશ્રી કહે: 'ઠાકોરજી ક્યાં છે?'

હરિકૃષ્ણ મહારાજ આવ્યા ત્યાં સુધી સ્વામીશ્રી ઊભા રહ્યા. પ્રથમ હરિકૃષ્ણ મહારાજને અંદર પધરાવ્યા પછી જ તેઓ લિફ્ટમાં બેઠા !

૧૯૭૭ની પાંચમી જૂને મુંબઈથી વહેલી સવારે સ્વામીશ્રીની વિદેશયાત્રા પ્રારંભાતી હતી. રાત્રે ૧-૨૫ વાગે ઍરઇન્ડિયાના 'સમ્રાટ અશોક'માં લંડન જઈ રહ્યા હતા. ઍરપૉર્ટ પર ભક્તોની મેદની ઊમટી હતી. પ્લેનનો સમય થતાં ઍરપૉર્ટ મેનેજર તથા કૅપ્ટન સ્વામીશ્રીને પ્લેનની સીડી સુધી દોરી ગયા. પગથિયાં ચઢવાને બદલે સ્વામીશ્રી ઊભા રહ્યા. મૅનેજર અને કૅપ્ટને પગથિયાં ચઢવા વિનંતી કરી. પરંતુ સ્વામીશ્રીએ જેમના હાથમાં શ્રી હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ હતી એ સેવકને પ્લેનમાં પ્રથમ ચઢવા જણાવ્યું. હરિકૃષ્ણ મહારાજ પ્લેનમાં બિરાજ્યા પછી જ પોતે બિરાજ્યા! જેઓ સ્વામીશ્રીની વી.આઈ.પી. તરીકે સેવા-શુશ્રૂષા કરી રહ્યા હતા, તેમને લાગ્યું કે આ સંતના વી.આઈ.પી. સાક્ષાત્ પરમાત્મા છે. તેઓએ ફરી સ્વામીશ્રીને વંદન કર્યાં તે કંઈક જુદાં જ હતાં.

'નૈરોબી સિટી કાઉન્સિલ' તરફથી તા. ૧૩મી મે, ૧૯૮૦ના રોજ સ્વામીશ્રીનું ભવ્ય સન્માન યોજાયું હતું. સ્વામીશ્રી 'મેયર પાર્લર' પાસે આવી ઊભા. પ્રથમ ઠાકોરજીએ પ્રવેશ કર્યો, પછી પોતે પ્રવેશ્યા.


સ્વામીશ્રીને જે ક્રેસ્ટ અર્પવાનું હતું તેના પર 'સત્યમેવ જયતે' લખ્યું હતું. 'મૅયરશ્રી સ્વામીશ્રીને ક્રેસ્ટ અર્પણ કરશે' એવી જાહેરાત થઈ કે તરત સ્વામીશ્રી મેયરને ઠાકોરજી પાસે લઈ ગયા ને ક્રેસ્ટ ઠાકોરજીનાં ચરણોમાં ધરાવ્યું. પછી જ તેને સ્વામીશ્રીએ સ્વીકાર્યું ! આ માન-સન્માન એ ભગવાનનાં છે, આપણે એમના દાસ છીએ – આ ભાવ સ્વામીશ્રીના અંતરપટ પર અંકિત થઈ ગયેલો સૌએ અનુભવ્યો.

સન ૨૦૦૭માં સ્વામીશ્રીના ૮૭મા જન્મદિને ગિનિસ બુક ઑફ વર્લ્ડ રેકોર્ડ્સ તરફથી સ્વામીશ્રીનું બહુમાન કરવાનું હતું. લાખોની જનમેદની વચ્ચે જાહેર કરવામાં આવ્યું કે ગિનિસ બુક ઑફ વર્લ્ડ રેકોર્ડ્સના સંપાદક અને મેનેજિંગ

કમિટિના સદસ્ય શ્રી માઈકલ વીટી સ્વામીશ્રીને બહુમાન અર્પશે. પરંતુ તેઓ સ્વામીશ્રીને બહુમાન આપવા આવ્યા ત્યારે પણ સ્વામીશ્રીએ એ સન્માન પોતે ન સ્વીકાર્યું. ઠાકોરજીને અર્પણ કરાવ્યું!

શ્રીમદ્ ભાગવતના તૃતીય સ્કંધમાં કપિલજી કહે છે: 'જેનું ચિત્ત એકમાત્ર ભગવાનમાં જ પરોવાયેલું છે, એવા ભક્તની ઇન્દ્રિયોની સ્વાભાવિક પ્રવૃત્તિ શ્રીહરિ પ્રત્યે રહે છે, તે જ ભગવાનની નિર્હેતુક ભક્તિ છે. મુક્તિ કરતાં પણ આવી ભક્તિ ઉત્તમ છે.'[૫]

સ્વામીશ્રી હરિકૃષ્ણ મહારાજની મૂર્તિને જીવંત માનીને સાક્ષાત્‌ભાવથી પૂજે. તેઓ ઠાકોરજીને થાળ ધરે ત્યારે આંખોની કીકીનું દર્શન કરતાં માલૂમ પડે કે તેમાં કેટકેટલી આરજૂ ઊભરી રહી છે... 'મહારાજ! અંગીકાર કરો...' વારંવાર આદરપૂર્વક મનુવાર કરે, મનાવે. અન્નકૂટમાં બધા થાળ ગવડાવે. પોતે પણ સાથે ગાય. ઠાકોરજીની સેવામાં કસૂર થાય તો તત્કાળ પ્રાયશ્ચિત્ત કરી લે... દંડવત્ કરવા લાગે. વીનવે. ગદ્‌ગદ બની જાય. આંખો ભીની થઈ જાય. મુખના ભાવ પલટાઈ જાય.




પોતાના નાનાં કે મોટાં તમામ કાર્યો અને સિદ્ધિઓનો યશ તેઓ ઠાકોરજીને જ આપે. જે કાંઈ મહાન કાર્ય થયું છે તે ઠાકોરજીએ જ કર્યું છે, એવો દાસત્વભાવ!

પોતાના થકી કોઈને કંઈ ચમત્કાર થયો હોય તોપણ કદી માથે ન લે. 'શ્રીજીમહારાજ કરી ગયા... તમારી ભક્તિ ભાવના ફળી... તમે ભજન કર્યું તેનો પ્રતાપ છે...' સ્વામીશ્રીની સમક્ષ એમની અનેક સિદ્ધિઓ અને કાર્યોની મહાનતા વિશે દેશ-વિદેશના ધુરંધરો કે સામાન્ય બાળક પણ વાતો કરે, ત્યારે તેઓ સઘળું શ્રીહરિ ચરણે ધરી દેતા અને પોતે નિત્ય-નિરંતર હળવાફૂલ બની રહેતા!

પદ્મપુરાણમાં શિવ-પાર્વતી સંવાદમાં ભક્તિનાં ૧૬ અંગો કહ્યાં છે તે પૈકી પૂજા, જપ, ધ્યાન, નામસ્મરણ, કીર્તન, કથાશ્રવણ, વંદન, પાદસેવન વગેરેમાં ''तन्निवेदितभोजनम्'' અને ''तदीयानाम् च संसेवा'' આ બે ભક્તિ-અંગો સ્વામીશ્રીમાં અધિક દૃષ્ટિગોચર થતાં, સ્વામીશ્રીને પૂછવામાં આવ્યું કે ''તમને શું ભાવે?'' સ્વામીશ્રીએ નમ્રભાવે કહ્યું: ''ઠાકોરજીના થાળમાં જે આવે તે.''

ઠાકોરજીને થાળમાં ધરાવેલું અન્ન ક્યારેક નમકના ઓછા-વત્તા પ્રમાણથી કુસ્વાદુ બન્યું હોય તોપણ સ્વામીશ્રી પ્રસાદરૂપે તેને પ્રેમથી આરોગતા જોયા છે.

વળી, ''तदीयानाम् च संसेवा'' અર્થાત્ ભગવાનના ભક્તોની સેવા-પરિચર્યા પણ પરાભક્તિનું જ એક અંગ છે. આ અંગ સ્વામીશ્રીના જીવનમાં પળે પળે અનુભવાતું. મુલાકાતો રૂપે, પત્રરૂપે, પધરામણીરૂપે, અસંખ્ય ભક્તો અને તેમના પરિવારોની યત્કિંચિત સેવા કરવા સ્વામીશ્રીએ ક્યારેય દેહની, સમયની, પોતાના સ્વાસ્થ્યની પણ દરકાર કરી નથી.

ઠાકોરજીની ભક્તિ કરવામાં સ્વામીશ્રી શાસ્ત્રોમાં કહેલાં વિધિ-વિધાનોને સંપૂર્ણપણે અનુસરે. કોઈ ઉતાવળે, અણસમજણે પૂજાવિધિમાં ગડબડગોટા કરે તો તે સાંખી ન લે. મહાપૂજા કે ચોપડાપૂજન વેળાએ નાની સરખી પણ પૂજા-પદ્ધતિમાં ચૂક ન પડવા દે. મંદિરોના પ્રતિષ્ઠા વિધિઓ કે ખાતવિધિ આદિ ક્રિયા-કલાપોમાં તેમની પરમ આસ્તિકતાનું દર્શન થાય. યજ્ઞનારાયણને આહુતિ આપતી વખતે ભગવાન પ્રત્યક્ષ આવીને ગ્રહણ કરે છે તેવો ભાવ દાખવે. દેવમંદિરોની પ્રતિષ્ઠા કરે ત્યારે સાક્ષાત્ મહારાજ બિરાજી ગયા છે તેવી પરમ આસ્તિકતા સાથે પ્રાણ-આવાહન પછી દંડવત્-પ્રદક્ષિણા અવશ્ય કરે.

૫. શ્રીમદ્ ભાગવત: ૩/૩/૩૨.

તેઓ ઠાકોરજીની સેવા-ભક્તિ કે કથામાં તન્મય બની જાય. ઠાકોરજીના જન્મોત્સવે આનંદવિભોર બને. ક્યારેક સંતો-યુવકો ઠાકોરજી સમક્ષ કીર્તનભક્તિમાં ભક્તિનૃત્ય કરવા લાગે ત્યારે તેઓ તાનમાં આવી જાય અને પોતે પણ ભક્તિભાવથી તેમાં જોડાઈ જાય. કરતાલ લઈ સંકોચરહિત થઈને હરિને દાસભાવે રીઝવે. કરતાલ કે મંજિરાંના તાલ સાથે પોતે કીર્તન-ભક્તિમાં મશગૂલ બને. અને ક્યારેક ભક્તિમય બનીને તેઓ કીર્તન ગાય ત્યારે તો અનેકનાં હૃદયને ભક્તિના તાંતણે ભીડી દે. આંખો મટકવું બંધ કરી એ માધુરી મૂર્તિમાં સ્થિર થઈ જાય!

પ્રહ્‌લાદ આવા ભક્તોની પ્રેમલક્ષણા ભક્તિ કેવી હોય તે વિષે કહે છે: ''અતિ હર્ષને લીધે રોમાંચિત અને ગદ્‌ગદ થઈ ઊંચે કંઠે ગાન કરે, નાચવા લાગે, ભગવાન સાથે આત્મૈકરૂપ બની નિર્લજ્જપણે સર્વ લૌકિક બંધનો તોડીને ભક્તિમગ્ન બની રહે.''[૬]

ભગવાન સ્વામિનારાયણ દ્વિશતાબ્દી સન ૧૯૮૧માં ઊજવાયો હતો. ચૈત્ર સુદ-૯નો નિર્જળ ઉપવાસ હતો. તોપણ શ્રીહરિપ્રાગટ્યની આરતી પછી ભક્તિમય બનીને કરતાલ લઈને સ્વામીશ્રીએ ભક્તિમુજરા કર્યા હતા. શરીર પરથી ઉપવસ્ત્ર સરી જાય તેનું પણ અનુસંધાન નહોતું રહ્યું. આવું જ ૧૯૮૫માં અક્ષરબ્રહ્મ દ્વિશતાબ્દી મહોત્સવ વખતે અક્ષરબ્રહ્મ જન્મોત્સવે બનેલું. સંગીતજ્ઞ સંતોની કીર્તનઆરાધનાઓ વચ્ચે ક્યારેક સૌની વિનંતી થાય તો

૬. શ્રીમદ્ ભાગવત: ૭/૭/૩૪-૩૬

સ્વામીશ્રીની શ્રી હરિકૃષ્ણ મહારાજ પ્રત્યેની ભક્તિનું એક અનોખું પાસું ઉત્સવોમાં નીરખવા મળતું. એમાંય જ્યારે રંગોત્સવ હોય ત્યારે ઠાકોરજીને રંગે રંગતા સ્વામીશ્રી એવા હરખાઈ ઊઠતા કે જાણે સાક્ષાત્ પરમાત્મા સાથે રંગે ખેલતા હોય એવો દિવ્ય આનંદ માણતા...



સ્વામીશ્રી જાહેર સમારંભોમાં મંજિરા કે કરતાલ લઈને સંકોચરહિત ભજન ગાવા લાગે. સ્વયં શ્રીહરિ કહે છેઃ ''ભગવાનનાં કથા-કીર્તનાદિક કરતા હોઈએ ત્યારે તો એવી મસ્તાઈ આવે છે જે. જાણીએ દીવાના થઈ જવાશે...'' (વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૧૩) સ્વામીશ્રીમાં એવી ભક્તિનું દર્શન લાખો લોકોએ કર્યું છે.

સ્વામીશ્રી આરતી-સ્તુતિ-દર્શનમાં આજુબાજુનો માહોલ વીસરી જતા. એકાગ્રતાપૂર્વક સૂક્ષ્મ નિરીક્ષણ કરે. દેહભાન ભૂલીને મૂર્તિમાં એકાકાર બને. ધૂન કરાવતી વેળાએ બંને આંખો બંધ કરી દે. લયબદ્ધ તાળી પાડે, પ્રાર્થના સાથે મૂર્તિમાં સંલગ્ન થઈ જાય. પ્રાતઃપૂજામાં જપમાળા કરતાં નિમગ્ન બને.

પ્રસાદીભૂત સ્થાનો કે તીર્થસ્થાનોમાં દર્શન કરે ત્યારે તે સ્થાનનો મહિમા, પ્રસંગ કહેતાં તત્કાલીન માહોલમાં આપણને મૂકી દે.

તીર્થસ્થળે - મંદિરે દર્શને પધારે ત્યારે ધૂન અવશ્ય કરાવે, પ્રાર્થના કરે. અમુક ચોક્કસ કાર્ય નિમિત્તે પ્રાર્થના કરી હોય, તો તે કાર્ય પૂરું થયે ફરી ઠાકોરજીનો આભાર માનવાનું ચૂકે નહીં. તે તે મંદિરોમાં ખાસ દર્શને પધારે. ઠાકોરજીનાં ચરણોમાં દંડવત્ કરી પ્રાર્થના કરે. સાથેના સંત તેમની આ અવસ્થાને લક્ષ્યમાં લઈ પરિશ્રમ ન લેવા વિનવે, તો કહેઃ 'આપણું કામ નિર્વિઘ્ને પૂરું થયું. 'થેંક યુ' કહેવું પડે ને!'

એમની ઉપસ્થિતિમાત્રે જાણે કે ભક્તિ સોળે કળાએ ખીલી ઊઠતી. આબાલવૃદ્ધનાં હૈયાં હિલોળે ચઢતાં.

આમ, સ્વામીશ્રીની પરાભક્તિમાં પોતાના ઈષ્ટદેવ પ્રત્યે દાસત્વભાવ, પ્રેમલક્ષણા, આત્મનિવેદન, કથાશ્રવણ, કીર્તન, સ્મરણ, પૂજા-અનુરાગ, સખાભાવ, અનન્ય શરણાગતિ, ઉત્સવો, પ્રાર્થના, પ્રત્યક્ષભાવ, કર્તૃત્વભાવ... વગેરે ભક્તિનાં અનેક સોપાનો સમાવિષ્ટ થઈ જતાં. આ બધાં જ સોપાનો તેઓમાં પળે પળે જોવા મળતાં.

સ્વામીશ્રીનો પ્રાણ એટલે જ ઠાકોરજી. ચકોર પક્ષી જેમ ચંદ્ર સામે જોયા જ કરે તેવો ભાવ સ્વામીશ્રીને ઠાકોરજી પ્રત્યે પરખાતો.

ભગવાન સ્વામિનારાયણના વચન મુજબ આવો સાચો ભક્ત તો એક ભગવાનના સ્વરૂપમાં લોભાઈ રહે. બીજા વિષયમાં ન લોભાય... એક ભગવાનનું જ ચિંતવન રહે. ભગવાનની મૂર્તિ વિના પિંડ-બ્રહ્માંડ કાંઈ ભાસે નહીં...એવી રીતે કેવળ ભગવાનના સ્વરૂપમાં પ્રીતિ હોય એ પતિવ્રતાની ભક્તિ છે. (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૨૬)

સન ૧૯૮૭માં સ્વામીશ્રી ઉત્તરાખંડની યાત્રામાં પધાર્યા ત્યારે સાથે ૩૫૦ જેટલા સંતો ને હરિભક્તોનો મોટો સંઘ હતો. સૌનો રાત્રિનિવાસ ઉત્તરકાશીમાં ભાગીરથી તટે આવેલા કૈલાસ આશ્રમમાં હતો. હિમાલયનાં ચઢાણ-ઉતરાણ ને અનિયમિત વિશ્રામને લીધે સૌ થાક્યા-પાક્યા નિદ્રાધીન થયા હતા, પણ એક સંતની નીંદ ઊડી ગઈ હતી – એ હતા સ્વામીશ્રી.

પથારીમાં બેઠા થઈ તેઓ ધૂન કરતા હતા. હળવે ફફડતા હોઠ ને તાળીના લગારેક થતા અવાજને લીધે થોડે દૂર સૂતેલા સેવક નારાયણચરણદાસ સ્વામી જાગી ગયા. ઘડીભર તેઓ પણ સ્વામીશ્રી સાથે ધૂન કરવા લાગ્યા. ૨૦ મિનિટ પછી પૂછ્યું: 'બાપા! પોઢવું નથી?'

સ્વામીશ્રી કહેઃ 'બસ, એમ થાય છે કે રાત બધી ભગવાનનું ભજન કરીએ. આવું સરસ સ્થાન છે તે... ઊંઘવાનું તો છે જ ને પછી...'

છેવટે સેવકના આગ્રહને લીધે આરામમાં પધાર્યા. તે વખતે રાત્રિના બે વાગ્યા હતા!

એવું જ દર્શન ૧૯૮૮માં નોર્વેથી લંડન જતાં લાધ્યું. જેવા સ્વામીશ્રી વિમાનમાં બિરાજ્યા કે તરત તેમણે માળાજપ શરૂ કર્યો. બંધ પોપચે માળા ફેરવે જ રાખી! માળા બાદ ધ્યાનસ્થ થયા. બંને હથેળી પર બેઉ લમણા ટેકવી અનામિકા - અંગૂઠા વચ્ચે ગોઠવાયેલ એ વદન જોવાની અદ્ભુત પળ સૌને સાંપડી. આગળ-પાછળ, આજુબાજુ શું ચાલે છે? કોણ આવ્યું-ગયું? પ્લેન ક્યાં ઊડે છે? સ્વામીશ્રીને જાણે કશી જ સ્પૃહા નહોતી! પરમતત્ત્વમાં તેઓ સંપૂર્ણ લીન! મુસાફરી પ્લેનની હોય, કારની હોય કે ડમણિયાની – એમની ભક્તિ-ખુમારીથી જીવનની પ્રત્યેક પળ લીંપાયેલી જ રહેતી.

ભગવાનનું ભજન કરવાનું તાન સ્વામીશ્રીને સહજ હતું. સહેજ નવરા પડ્યા કે ભજન ચાલુ. હાથમાં માળા લઈ સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... ભજન-રટણ ચાલુ થઈ જાય. વોકિંગ કરે ત્યારે કીર્તનો-પ્રવચનો સાંભળતાં થકાં પણ પોતાનો નામરટણનો દોર તો ચાલુ જ હોય. હોઠ ફફડતા રહે, ચરણ ચાલતાં રહે ને તેમ છતાં વક્તાને કે કીર્તનભક્તિ કરતા સંતો-યુવકોને મુખના હાવભાવથી કે **(અનુસંધાન પૃ. ૧૯ પર)**

હિમાલયની ગિરિકંદરાઓની વર્ચ્યુઅલ રચના વચ્ચે
ઊજવાયો અને દેશ-વિદેશના લાખો ભક્તોએ ઘરે બેઠાં માણ્યો


## વિશિષ્ટ વર્ચ્યુઅલ મહોત્સવ



## બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનો ૯૯મો

# જન્મજયંતી મહોત્સવ

**બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ,**
**જેમના જીવનમાં પ્રાચીન ભારતીય ઋષિ-મહર્ષિઓની વાણીના પડઘા સંભળાય છે,**
**અર્વાચીન સંત-પુરુષોની વાણીમાં જેમના વ્યક્તિત્વની ગાથા ગવાય છે...**



બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ એટલે એવા યુગપુરુષ, જેમને હિમાલયમાં બેસીને અધ્યાત્મની આરાધના કરતા અર્વાચીન ઋષિપુરુષોથી લઈને સામાન્ય માનવી સુધીના સૌ કોઈ હૃદયપૂર્વક વંદે છે.

તાજેતરમાં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનો ૯૯મો જન્મજયંતી મહોત્સવ એવી ભાવવંદના સાથે ઊજવાઈ ગયો, જાણે દર્શકો હિમાલયની ગિરિકંદરાઓ વચ્ચે પહોંચી ગયા હોય. જેમનું દિવ્ય જીવન, જેમનું યુગવ્યાપી કાર્ય અને

જેમનો કલ્યાણકારી સંદેશ અનેક યુગો સુધી દિશા ચીંધતું રહેશે. એવા ગુણાતીત ગુરુહરિનાં ચરણે વંદના કરવા સૌ કોઈ થનગનતા હતા. પરંતુ કોરોના મહામારીને કારણે હજારો ભક્તોની મેદની સાથે કોઈ એક નિશ્ચિત સ્થળે જન્મોત્સવ ઊજવવાનું શક્ય નહોતું. આથી ઓનલાઇન પ્રસારિત થયેલા આ મહોત્સવના કાર્યક્રમને લાખો ભક્તોએ ઘરે બેઠાં માણીને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજને વધાવ્યા હતા.

## કાર્યક્રમની ભૂમિકા અને વર્ચ્યુઅલ ટેક્નોલોજી

પ્રાચીન સમયથી ભારતીય સંસ્કૃતિના મૂર્ધન્ય ઋષિઓ આધ્યાત્મિક માર્ગદર્શન આપી રહ્યા છે. એ મહાન ઋષિઓ અને આચાર્યોનો સંદેશ આજે પણ આપણને એક દિવ્ય દૃષ્ટિ આપી રહ્યો છે. વેદવ્યાસજી હોય કે વાલ્મીકિ, યાજ્ઞવલ્કય ઋષિ હોય કે સનકાદિક ઋષિ! જેઓ પોતે સંતત્વના શિખર પર બેઠા હતા એવા એ મહાન ઋષિમુનિઓએ આપણને સાચા સંતનો મહિમા સમજાવીને સંતને ઓળખવાની એક સાચી દૃષ્ટિ આપી છે. યુગોથી ચાલી આવતી એ પરંપરામાં આધુનિક યુગના સંતોએ પણ આપણને એવું માર્ગદર્શન આપ્યું છે.

આજે એવા માર્ગદર્શનની છાયામાં જન્મજયંતી મહોત્સવનો સમગ્ર કાર્યક્રમ આયોજિત હતો. આથી, ઋષિમુનિઓની તપોભૂમિ હિમાલયમાં, એમના સાંનિધ્યમાં જ જાણે સૌ પહોંચી ગયા હોય એવો આજના કાર્યક્રમનો માહોલ હતો.

સભાના આરંભે, સ્ક્રિન પર દૃશ્ય દેખાયું - હિમાલયનાં બરફીલાં શિખરો પર ઊડતા માનસહંસોનું. હિમાલયની અનોખી શોભા વચ્ચે ઊડતા એ હંસો એવા સ્થળે જઈ પહોંચે છે, જ્યાં હિમશિખરોની વચ્ચે પથ્થરના મંદિરનાં શિખરો ધર્મની ધજા ફરકાવી રહ્યાં છે. એ શિખરની નીચે વિશાળ ઘુમ્મટની કંદરાઓ અને સ્તંભોની પંક્તિઓ છે, હિમાલયની ગિરિકંદરાઓ વચ્ચે, વહેતા જળપ્રપાત, સરોવરો, વૃક્ષોની શોભાઓ અને બરફીલાં શિખરોની વચ્ચે ધ્યાનલીન ઋષિઓના સાંનિધ્યમાં જાણે આ સભા યોજાઈ હોય તેવું અદ્‌ભુત દૃશ્ય હતું! હિમશિખરો અને મંદિરના શિખરની નીચે એક એવો નૈસર્ગિક મંચ રચાયો હતો, જ્યાં શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ, ગુણાતીત ગુરુવર્યોની મૂર્તિઓ શોભતી હતી. વચ્ચે એક ઘુમ્મટ ઘટાની નીચે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની વિશાળ કદની મૂર્તિ શોભતી હતી.

તેમની નીચેની ભૂમિકા પર પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ અને વરિષ્ઠ સંતોનાં આસનો શોભતાં હતાં.

વર્ચ્યુઅલ ટૅક્નોલૉજીના માધ્યમથી આ એક આભાસી દૃશ્ય રચાયું હતું, જેમાં જુદાં જુદાં સ્થળોએ રહેલા પૂજ્ય મહંત સ્વામી મહારાજ, પૂજ્ય વરિષ્ઠ સંતો અને વિદ્વાન વક્તા સંતો જાણે એક જ મંચ પર ઉપસ્થિત હોય તેવી અનુભૂતિ થતી હતી!

આવા અદ્વિતીય અને અપૂર્વ વાતાવરણમાં આજની સભાનો મંગલ આરંભ થયો.

સાયંકાળે ૭-૩૦ વાગ્યાથી જન્મોત્સવનો પ્રારંભ થયો બ્રહ્મસ્તવનથી. બી.એ.પી.એસ. સ્વામિનારાયણ ગુરુકુળ, ગોંડલના બાળકોએ પ્રમુખસ્વામી મહારાજના પ્રિય તીર્થધામ અક્ષરદેરીમાં બ્રહ્મસ્તવનનું ગાન કર્યું ત્યારે વૈદિક મંત્રગાનથી એક દિવ્ય વાતાવરણ ખડું થયું હતું.

યુગોયુગોથી આવું આધ્યાત્મિક વાતાવરણ ભારતીય સંસ્કૃતિની ઓળખ બની રહ્યું છે. જે વાતાવરણ મનને શાંત, હૃદયને અલંકૃત અને જીવનને સુસંસ્કૃત બનાવે છે. આવા દિવ્ય વાતાવરણની વચ્ચે પ્રગટ બ્રહ્મસ્વરૂપ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ મંચ પર પધાર્યા ત્યારે સૌએ જયનાદોથી તેમનું સ્વાગત કર્યું હતું.

ત્યાર પછી યુવાવૃંદે પ્રમુખસ્વામી મહારાજની શતાબ્દીની નૃત્યવંદના કરી. છેલ્લા પાંચ વર્ષથી વિશ્વભરમાં ગુંજી રહેલી શબ્દાવલિઓ પુનઃ ગુંજી :

*'શત શત વરસ સરે ગુરુ જીવન જ્યોત જલે*
*પ્રમુખસ્વામીની જન્મશતાબ્દી જગ જયકાર કરે...'*

સુરત યુવાવૃંદના યુવકોએ આ ભક્તિપદ પર સુંદર નૃત્ય પ્રસ્તુત કરી ગુરુહરિને વર્ષભેર વધાવ્યા હતા.

આજના કાર્યક્રમની ભૂમિકા આપતાં સભાસંચાલક આદર્શજીવનદાસ સ્વામીએ જણાવ્યું કે આપણા આ યુગના મહાન ઋષિઓ સમાન મહાપુરુષોએ આપણને સાચા સંતને ઓળખવાની એક દૃષ્ટિ આપી છે, માર્ગદર્શન આપ્યું છે. તેના દ્વારા આજે આપણે એવા જ મહાપુરુષ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનું દર્શન તેમના જન્મોત્સવે કરીશું. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના પ્રસંગમાં આવનાર એ ધર્માચાર્યોની અનુભૂતિ એકદમ સ્પષ્ટ અને સ્નેહભીની છે. તેમને થયેલો બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનો દિવ્ય અનુભવ ઊંડો અને ગૌરવશાળી છે.

અને ત્યાર પછી એ મહાપુરુષોનાં વચનોના આધારે એક પછી એક સદ્‌ગુણની શૃંખલા વહેવા લાગી.

પ્રથમ સદ્‌ગુણ આવ્યો પારદર્શિતાનો.

## પ્રમુખસ્વામી મહારાજની પારદર્શિતા

નિર્મળ જળ સમાન પારદર્શિતા જ સાચા સંતની ઓળખ છે. પારદર્શિતાની એ અનુભૂતિ કરાવતા નિર્મળ જળની સરવાણીઓ મંચના વાતાવરણમાં વહેવા લાગી.

ગોસ્વામી તુલસીદાસજી માનસમાં લખે છે: *જિનકે કપટ દંભ નહીં માયા, તિનકે હૃદય બસહુ રઘુરાયા...* જેઓ નિષ્કપટ છે, નિશ્ચલ છે, નિર્દંભ છે તેના જ હૃદયમાં ભગવાન વસે છે. સંતલક્ષણનો આ સમન્વય અનેકવાર લોકોએ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજમાં નજરે નિહાળ્યો છે. તેની પ્રભાવક પ્રસ્તુતિનું દર્શન કરાવ્યું આનંદસ્વરૂપદાસ સ્વામીએ પોતાના વક્તવ્ય દ્વારા.

તેમણે જણાવ્યું: 'જીવનના દરેક ક્ષેત્રમાં સફળતા માટે પારદર્શિતાની આવશ્યકતા છે. પ્રાચીન અને અર્વાચીન સંતોએ જીવનમાં પારદર્શિતાનો મહિમા સમજાવ્યો છે. આવા જ એક સંત હતા બ્રહ્મલીન પરમ પૂજ્ય સત્યમિત્રાનંદગિરિજી મહારાજ.'

તેમણે પૂજ્ય સત્યમિત્રાનંદગિરિજી મહારાજનો મહિમા સભર પરિચય આપ્યો એ દરમ્યાન સ્ક્રિન પર તેમની વિવિધ છબિઓ અને પ્રમુખસ્વામી મહારાજ સાથેની તેમની આત્મીયતાસભર દશ્યાવલિઓ ઊભરતી રહી.

માત્ર ૨૬ વર્ષની ઉંમરે જ્યોર્તિમઠના શંકરાચાર્ય બન્યા, પરંતુ સનાતન ધર્મની વિશેષ સેવા કરવા માટે તેમણે તે ગૌરવવંતા પદનો ત્યાગ કર્યો અને જીવનનાં ૫૦ વર્ષ સુધી સમગ્ર વિશ્વભરમાં પરિભ્રમણ કરી તેમણે સંસ્કૃતિ અને સનાતનધર્મનો પ્રચાર-પ્રસાર કર્યો હતો. હરિદ્વારમાં ભારત માતા મંદિરના સ્થાપક અને પ્રખર વક્તા તેઓશ્રી પ્રમુખસ્વામી મહારાજના પ્રસંગમાં અનેકવાર આવ્યા હતા અને પ્રમુખસ્વામી મહારાજની અનેક સદ્ગુણસભર સાધુતાથી અપાર પ્રભાવિત થયા હતા. જેમાંનો એક સદ્ગુણ હતો – પારદર્શિતા.

પારદર્શિતાનો નિર્દેશ કરતાં સત્યમિત્રાનંદગિરિજી મહારાજે પ્રમુખસ્વામી મહારાજ માટે ઉચ્ચારેલી ભાવોર્મિઓ વીડિયો દ્વારા દર્શાવાઈ.

વર્ષો પૂર્વેના એ વીડિયોમાં સત્યમિત્રાનંદગિરિજીએ જણાવ્યું હતું: 'મને અનેકવાર પ્રમુખસ્વામી મહારાજની સંનિધિમાં, વાત્સલ્યમાં આવવાનો અવસર મળ્યો છે. એક એવા મહાપુરુષ જે બુદ્ધ, મહાવીર અને શંકરાચાર્ય પછી સમગ્ર સંસારમાં પૂજનીય બન્યા હોય તો તે છે કેવળ પ્રમુખસ્વામી મહારાજ. હું તેમને એટલા માટે યુગપુરુષ, યુગાવતાર અને વિશ્વના સર્વશ્રેષ્ઠ સંત માનું છું કે તેમનું આચરણ શુદ્ધ હતું. સંત કેવળ વસ્ત્રોથી નહીં, પણ આચરણથી થવાય છે. આજકાલ લોકો પારદર્શિતાની મોટી વાતો કરે છે, પરંતુ આવું પારદર્શી જીવન જીવવાવાળા - જેમનાં એકસમાન દર્શન થતાં હોય એવા દિવ્ય મહાપુરુષ કેવળ પ્રમુખસ્વામી છે.'

વીડિયોદર્શન બાદ આનંદસ્વરૂપદાસ સ્વામીએ પ્રમુખસ્વામી મહારાજની પારદર્શિતાનાં દર્શન કરાવતા પ્રેરક પ્રસંગો વર્ણવ્યા હતા. આપણે પણ એવું સરળ, ખુલ્લું, નિષ્કપટ અને પારદર્શક જીવન જીવવું જોઈએ એવી સૌએ પ્રેરણા પ્રાપ્ત કરી. ત્યારબાદ યુવાવૃંદે સ્વામીશ્રીની પારદર્શિતાને નમન કરતાં નૃત્યાંજલિ અર્પી હતી.

## પ્રમુખસ્વામી મહારાજનું પ્રશાંત વ્યક્તિત્વ

લાખોના પ્રેરણામૂર્તિ પ્રમુખસ્વામી મહારાજ જેટલા પારદર્શી હતા એટલા જ અંતરથી પ્રશાંત હતા.

સાચા સંતના આ સદ્ગુણની ઘોષણા કરતાં વેદવ્યાસજી શ્રીમદ્ ભાગવતમાં લખે છે:

'નિરપેક્ષં મુનિં શાતં નિર્વૈરં સમદર્શનમ્.'


અર્થાત્ મહાન સંત નિરપેક્ષ, સમચિત્ત અને પ્રશાંત હોય છે. સાચા સંત શાંત રહીને અનેક લોકોને સક્રિય બનાવે છે. તેમનામાંથી અવિરત પ્રસરતી સાધુતાની સુગંધ હજારો લોકોમાં ચેતનાનો સંચાર કરે છે.

શ્રીમદ્ ભાગવતમાં વેદવ્યાસજીએ વર્ણવેલું સંતનું લક્ષણ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજમાં સહજતાથી ઝળહળતું હતું, તેનું દર્શન રામકૃષ્ણ મિશન, રાયપુર(છત્તીસગઢ)ના મહાન સંત પૂજ્ય સ્વામી શ્રી આત્માનંદજીએ કર્યું હતું.

બ્રહ્મવિહારીદાસ સ્વામીએ પૂજ્ય સ્વામી શ્રી આત્માનંદજીનો પરિચય આપ્યો એ દરમ્યાન પ્રમુખસ્વામી મહારાજ સાથેના તેઓના સ્નેહસભર આત્મીય સંબંધની છબિઓ સ્ક્રિન પર સરકતી રહી.

ત્યારબાદ પ્રમુખસ્વામી મહારાજની અનુભૂતિ અંગે પૂજ્ય સ્વામી આત્માનંદજીએ ઉચ્ચારેલાં વચનો વીડિયોના માધ્યમથી ગુંજવા લાગ્યાં:

'કેટલા નમ્ર મહાપુરુષ! કેટલા દિવ્ય! મેં આવા મહાન વિભૂતિ જોયા નથી. એક અત્યંત દુર્લભ આત્મા, જે ભારત દેશ પાસે છે. હું કેટલાય દેશોમાં ગયો છું, પણ મારા જીવનમાં મળેલા સૌથી પ્રભાવશાળી પુરુષોમાંના તેઓ એક છે. એકદમ સમર્પિત, ઉચ્ચ આધ્યાત્મિક સ્થિતિ અને સાથે



'મને અનેકવાર પ્રમુખસ્વામી મહારાજની સંનિધિમાં, વાત્સલ્યમાં આવવાનો અવસર મળ્યો છે. જે બુદ્ધ, મહાવીર અને શંકરાચાર્ય પછી સમગ્ર સંસારમાં પૂજનીય બન્યા હોય તો તે છે કેવળ પ્રમુખસ્વામી મહારાજ. હું તેમને એટલા માટે યુગપુરુષ, યુગાવતાર અને વિશ્વના સર્વશ્રેષ્ઠ સંત માનું છું કે તેમનું આચરણ શુદ્ધ હતું. સંત કેવળ વસ્ત્રોથી નહીં, પણ આચરણથી થવાય છે. આજકાલ લોકો પારદર્શિતાની મોટી વાતો કરે છે. પરંતુ આવું પારદર્શી જીવન જીવવાવાળા દિવ્ય મહાપુરુષ પ્રમુખસ્વામી છે.'

**– બ્રહ્મલીન પૂજ્ય સ્વામી શ્રી સત્યમિત્રાનંદગિરિજી**

(અધ્યક્ષ, સમન્વય પરિવાર, હરિદ્વાર)

અદ્‌ભુત આયોજન-શક્તિ. તેમણે એકદમ પ્રશાંત રહીને પણ અસંખ્ય લોકોને ક્રિયાશીલ બનાવ્યા છે. આ તેઓમાં એક આશ્ચર્યકારી ગુણ હતો.'

વીડિયો પ્રસ્તુતિ બાદ તેના પર ચિંતન વ્યક્ત કરતાં બ્રહ્મવિહારીદાસ સ્વામીએ જણાવ્યું: ''પ્રમુખસ્વામી મહારાજ એક વિરલ, અજોડ અને પ્રશાંત મહાપુરુષ હતા. તેઓની વાણીમાં મૃદુતા હતી. તેઓ ક્યારેય ઉગ્ર બન્યા નથી કે ઉગ્રતા ફેલાય એવી વાત કરી નથી. એકદમ સહજ, નિઃસ્વાર્થ અને આધ્યાત્મિક હતા. તેઓ પોતાની શાંત આધ્યાત્મિક પ્રતિભાથી વિશાળ સમુદાયનું આધ્યાત્મિક નેતૃત્વ કરતા હતા. તેમનું આધ્યાત્મિક નેતૃત્વ એટલું બધું શક્તિશાળી હતું કે તેનાથી ન કેવળ આપણને સૌને પ્રેરણા મળી, પરંતુ આવનારી પેઢીઓને તેઓની પ્રેરણા મળતી રહેશે.' એમ કહી તેમણે પ્રમુખસ્વામી મહારાજના જીવનમાં બનેલા વૈશ્વિક અને વ્યક્તિગત પ્રસંગોનું વિગતવાર વર્ણન કરી કહ્યું, 'પ્રમુખસ્વામી મહારાજની શાંત આધ્યાત્મિક પ્રતિભાએ સમગ્ર વિશ્વના લાખો લોકોને પ્રેરણા આપી છે. અને યુગો સુધી તેમની દિવ્ય આધ્યાત્મિક પ્રતિભાનું દર્શન થતું રહેશે. ભગવાન અને ગુરુની કૃપા જ તેમની શાંત આધ્યાત્મિક પ્રતિભાની પાછળ શક્તિમાન હતી. અને આવા દિવ્ય પુરુષ સ્મરણમાત્રથી અને મહંત સ્વામી મહારાજ દ્વારા હંમેશાં શાંતિની આપણને સૌને પ્રેરણા આપતા રહેશે.''


## પ્રમુખસ્વામી મહારાજની પ્રકાશમાન પ્રતિભા

લાખો લોકોને સન્માર્ગની પ્રેરણા આપનાર પ્રમુખસ્વામી મહારાજ પ્રશાંત હતા, એટલા જ પ્રતાપવાન હતા. સ્વામીશ્રી ગુરુગીતામાં વર્ણિત ગુરુનું મૂર્ત સ્વરૂપ હતા. આ ધર્મગ્રંથ એક સનાતન સત્ય સંભળાવે છે કે 'અજ્ઞાનના અંધકારને દૂર કરનાર અક્ષરબ્રહ્મ જ ગુરુ છે.' આ ગુરુગરિમાનો અનુભવ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજમાં લાખો લોકોએ અનુભવ્યો હતો. તેના જ એક આકર્ષક આયામનું નિદર્શન કરાવતાં અક્ષરવત્સલદાસ સ્વામીએ જણાવ્યું: ''અંધકાર ગમે તેટલો ગાઢ હોય, પરંતુ સૂર્યોદય થતાં તેનો નાશ થઈ જાય છે. બસ, આ રીતે જ ગુણાતીત સંતના સાંનિધ્યથી, તેમની પ્રેરણાથી કે તેમના મન-કર્મ-વચને કરેલા સત્સંગથી આપણા અંતઃકરણમાંથી અજ્ઞાનનો અંધકાર સહજતાથી દૂર થઈ જાય છે. સાચા સંત-પુરુષના સ્મરણમાત્રથી આપણા રોમેરોમમાં પવિત્ર ઊર્જા પ્રસરી જાય છે, જે આપણને નવું જીવન આપે છે, મંગલમય પ્રેરણાઓથી ભરી દે છે. સાચા સંતની પાસે એવી આધ્યાત્મિક શક્તિ-ઊર્જા હોય છે.' એમ કહીને પ્રમુખસ્વામી મહારાજના એ આયામને અનુભવનારા પૂજ્ય બ્રહ્મલીન ચિદાનંદજી મહારાજનો પરિચય આપી કહ્યું, 'મને પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ અને દિવ્ય જીવન સંઘના અધ્યક્ષ પૂજ્ય ચિદાનંદજી મહારાજના પરસ્પરના અત્યંત સ્નેહ-આદરનાં દર્શન ઘણીવાર થયાં છે. આ બે મહાપુરુષોનું મિલન થતું ત્યારે એવું લાગતું કે જાણે સ્વયં આધ્યાત્મિકતા ધરતી પર મૂર્તિમંત થઈને ઊતરી આવી છે! એકવાર પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના પ્રાકટ્યદિને પોતાની ભાવનાઓ પ્રગટ કરતાં પૂજ્ય ચિંદાનંદજી મહારાજે લખ્યું છેઃ 'In this present period of turmoil, of conflicting human passions, of wanton wickedness and aggressive agnosticism amongst increasing sections of society, Param Pujya Pramukh

'ધાંધલ-ધમાલના, લાલસાઓના, સંઘર્ષના, ભ્રષ્ટાચારના આજના સમયમાં, સમાજમાં વધતી જતી આક્રમક નાસ્તિકતાના આજના જમાનામાં, પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ એક ઝળહળતા આધ્યાત્મિક પુંજની જેમ પ્રકાશે છે. એમનું એ તેજસ્વી વ્યક્તિત્વ નકારાત્મક-નિષેધાત્મક વિચારોના અંધકારને દૂર કરે છે, નીતિમત્તાભર્યાં આદર્શ જીવનનાં દિવ્ય અજવાળાં પાથરે છે, અને આજની માનવજાતને આચરણની સજ્જનતા, ભગવન્મયતા તેમજ પૂર્ણ જીવનનો ઉજાસ પૂરો પાડે છે.'

**– બ્રહ્મલીન પૂજ્ય સ્વામી શ્રી ચિદાનંદજી**

(ડિવાઇન લાઇફ સોસાયટીના અધ્યક્ષ, ઋષિકેશ)



Swami Maharaj shines as a radiant spiritual luminary, banishing the darkness of negative trends and spreading the pure light of ethical idealism, perfect behaviours and active goodness and godliness in the daily life of modern mankind.'

અર્થાત્ 'આજના ધાંધલ-ધમાલના, લાલસાઓના, સંઘર્ષના, ભ્રષ્ટાચારના સમયમાં, સમાજમાં વધતી જતી આક્રમક નાસ્તિકતાના આ જમાનામાં, પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ એક ઝળહળતા આધ્યાત્મિક પુંજની જેમ પ્રકાશે છે. એમનું એ તેજસ્વી વ્યક્તિત્વ નકારાત્મક-નિષેધાત્મક વિચારોના અંધકારને દૂર કરે છે, નીતિમત્તાભર્યાં આદર્શ જીવનનાં દિવ્ય અજવાળાં પાથરે છે, અને આજની માનવજાતને આચરણની સજ્જનતા, ભગવન્મયતા તેમજ પૂર્ણ જીવનનો ઉજાસ પૂરો પાડે છે.'

પૂજ્ય સ્વામીશ્રી ચિદાનંદજી મહારાજની ભાવનાઓનો સારાંશ જો ટૂંકમાં કહેવો હોય તો કહી શકાય કે 'આ નકારાત્મક સમયના અંધકારમાં એક દેદીપ્યમાન આધ્યાત્મિક સૂર્યની માફક પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ અનેકોના જીવનમાંથી અંધકાર દૂર કરીને સકારાત્મક પ્રકાશ આપી રહ્યા છે. જેના કારણે અનેક લોકોને જીવનમાં પવિત્ર પ્રેરણાઓ પ્રાપ્ત થઈ છે. અને તેની સાક્ષી પૂરતાં અસંખ્ય ઉદાહરણો છે, જે આજના નકારાત્મક સમયમાં લોકોની સામે પ્રેરણાની મિશાલ બનીને ઊભાં છે.' એમ કહી તેમણે કોરોના મહામારીના નકારાત્મક સમયમાં પ્રેરણારૂપ બનેલા અમદાવાદના એક સંનિષ્ઠ હરિભક્તની પ્રામાણિકતાનો વાસ્તવિક પ્રેરણાસભર પ્રસંગ રજૂ કર્યો હતો, જે વીડિયોના માધ્યમથી સૌએ સ્ક્રિન પર નિહાળ્યો હતો.

બાદ અક્ષરવત્સલદાસ સ્વામીએ પુનઃ જણાવ્યું: 'પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની આધ્યાત્મિક પ્રેરણાથી આવાં તો અસંખ્ય જીવંત પ્રેરણાદાયી ઉદાહરણ જોવા મળે છે. જે કોરોનાના વિકટ સમયમાં બીજાનું ભલું કરવા, બીજાની નિઃસ્વાર્થ સેવા કરવા નવી ઊર્જા આપે છે.' નકારાત્મકતાના આ સમયમાં પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના પ્રભાવ-પ્રેરણાઓના કારણે લોકોને સેવાની સકારાત્મક પ્રેરણા-ઊર્જા આપતા કેટલાક સત્સંગી નિષ્ઠાવાન તબીબ-યુવકો-હરિભક્તોના પ્રસંગો ટાંક્યા હતા. સાથે સાથે હતાશા-નિરાશામાં જીવન હારી બેઠેલા અસંખ્ય લોકોએ પ્રમુખસ્વામી મહારાજના યોગમાત્રથી નવી ઊર્જા પ્રાપ્ત કરી હતી તેના દિવ્ય પ્રસંગો વર્ણવી અંતે કહ્યું, 'આવા તો અસંખ્ય પરિવારોને પ્રમુખસ્વામી મહારાજના કારણે સકારાત્મકતાની ઊર્જા મળી છે. ઉદ્વેગ, કલહ, રંજ કે હતાશાની જગ્યાએ અનેક કુટુંબોમાં ખુશીઓની વસંત પૂરબહારે ખીલી ઊઠી છે. અને આવી જ ઊર્જા વર્તમાન સમયમાં પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં સૌને અનુભવાય છે.''

## પ્રમુખસ્વામી મહારાજની દિવ્ય પ્રેમમય પ્રતિભા

એક દેદીપ્યમાન સૂર્યની જેમ પ્રકાશિત બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની દિવ્ય પ્રતિભામાં પ્રખર પ્રતાપ અનુભવાતો હતો, તેમ તેમની પ્રતિભામાં દિવ્ય પ્રેમની પણ અનુભૂતિ લાખો લોકોએ કરી છે. આવા સંતનો મહિમા ગાતાં સ્વયં ભગવાન શ્રીમદ્ ભગવદ્ગીતામાં કહે છે: *'અદ્વેષ્ટા સર્વભૂતાનાં મૈત્રઃ કારુણ એવ ચ... સ મે પ્રિયઃ...'*



'ગામડે ગામડે ઘૂમતાં ઘૂમતાં આપ મજૂરથી લઈને અતિ સાધારણ માણસોને પણ પ્રેમથી મળો છો. જન જન સાથેના સ્નેહ-સંપર્કના આપના આ કાર્યે મારા મન પર ઊંડો પ્રભાવ પાડ્યો છે. જે ભગવાનનો અવતાર હોય તેમના દ્વારા જ આવું કાર્ય થઈ શકે છે. સૌને માતાનું વાત્સલ્ય આપીને આટલા બધા લોકોને આકર્ષિત કરવા એ બહુ મોટી વાત છે. આપ જેવા સત્પુરુષનો દર્શનલાભ મળવો દુર્લભ છે. જ્યારે હું આપનાં દર્શન કરું છું, ત્યારે મને સાક્ષાત્ ભગવાનનાં દર્શન થઈ રહ્યાં હોય તેવી અનુભૂતિ થાય છે.'

**– પૂજ્ય સ્વામી શ્રી બાલગંગાધરનાથજી**

(અધ્યક્ષ, આદિ ચુનચુનગિરિ મઠ, કર્ણાટક)

અર્થાત્ એવા ભક્ત મને પ્રિય છે, જે સર્વ પ્રત્યે પ્રેમ અને કરુણા રાખે છે. વહેતો પવન પોતાના સ્પર્શથી પ્રત્યેક પર્ણને ઝંકૃત કરે છે, તેમ પ્રેમમૂર્તિ પ્રમુખસ્વામી મહારાજ સૌને પોતાના સ્નેહથી ધન્ય કરતા હતા. અસંખ્ય લોકોને વ્યક્તિગત મળી મળીને તેમના પર નિઃસ્વાર્થ સ્નેહનો અભિષેક કર્યો હતો - પ્રમુખસ્વામી મહારાજે. તેનો એક વિશિષ્ટ અનુભવ કર્યો હતો – દક્ષિણ ભારતના પ્રસિદ્ધ સંત પૂજ્ય બાલગંગાધરનાથ સ્વામીજીએ.

ધાર્મિક, સામાજિક અને શૈક્ષણિક ક્ષેત્રોમાં સીમાચિહ્નરૂપ સેવાઓ માટે પ્રસિદ્ધ પૂજ્ય બાલગંગાધરનાથ સ્વામીજીએ પ્રભુસેવા અને માનવસેવામાં પોતાનું જીવન સમર્પિત કર્યું હતું. તેઓની આવી વ્યાપક સેવાઓને ઉચિત અંજલિ આપવા માટે ભારત સરકારે સન ૨૦૧૦માં તેમને 'પદ્મભૂષણ' ઈલકાબથી સન્માનિત પણ કર્યા હતા. એવા આદરણીય શ્રી બાલગંગાધરનાથજી સન ૨૦૦૫માં અક્ષરધામનાં દર્શનથી ખૂબ જ પ્રભાવિત થયા હતા. સન ૨૦૦૬માં બેંગલુરુમાં પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ સાથેની એક વધુ મુલાકાત દરમ્યાન તેમણે સ્વામીશ્રી પ્રત્યે સ્વાનુભૂતિ પ્રગટ કરી હતી કે, 'ગામડે ગામડે ઘૂમતાં ઘૂમતાં આપ મજૂરથી લઈને અતિ સાધારણ માણસોને પણ પ્રેમથી મળો છો. જન જન સાથેના સ્નેહ-સંપર્કના આપના આ કાર્યે મારા મન પર ઊંડો પ્રભાવ પાડ્યો છે. જે ભગવાનનો અવતાર હોય તેમના દ્વારા જ આવું કાર્ય થઈ શકે છે. સૌને માતાનું વાત્સલ્ય આપીને આટલા બધા લોકોને આકર્ષિત કરવા એ બહુ મોટી વાત છે. આપ જેવા સત્પુરુષનો દર્શનલાભ મળવો દુર્લભ છે. જ્યારે હું આપનાં દર્શન કરું છું, ત્યારે મને સાક્ષાત્ ભગવાનનાં દર્શન થઈ રહ્યાં હોય તેવી અનુભૂતિ થાય છે.'

ખરેખર! પ્રમુખસ્વામી મહારાજનું જીવન સૌ માટે હતું. તેઓએ ગામડે ગામડે અને ઝૂંપડે ઝૂંપડે ઘૂમીને અનેકનાં જીવનને ધન્ય બનાવ્યાં છે. હળપતિથી લઈને ધનપતિ તેમના માટે સમાન હતા. સૌનું મન સાચવી, સૌને નિઃસ્વાર્થ પ્રેમ આપી, તેમને ઉન્નતિના પથ પર ગતિ આપવી તે તેમની આગવી વિશેષતા હતી. તેવા જ કેટલાક સત્ય પ્રસંગોને પ્રસ્તુત કરતી એક વીડિયો રજૂ થઈ.

સર્વતોગામી પવનની જેમ ઠેર ઠેર ઘૂમતા પ્રમુખસ્વામી મહારાજના વિચરણશીલ વ્યક્તિત્વને સૌએ આ પ્રેરક વીડિયો દ્વારા નિહાળ્યું. ત્યારબાદ ચાર દાયકાઓ સુધી પ્રમુખસ્વામી મહારાજના એ અજોડ વિચરણના સાક્ષી બનેલા પૂજ્ય વિવેકસાગરદાસ સ્વામીએ સ્વામીશ્રીના વિચરણના કેટલાંક સંસ્મરણો રજૂ કર્યાં હતાં.


## સંસ્કૃતિના જ્યોતિર્ધર પ્રમુખસ્વામી મહારાજ

જેમ વાદળ હંમેશાં સીમાતીત રહ્યાં છે. તેને કોઈ સરહદ કેદ કરી શકતી નથી. તેમ પ્રમુખસ્વામી મહારાજે પણ આપણી સંસ્કૃતિનાં મૂલ્યોને દેશ-વિદેશની સીમાથી પર સમગ્ર વિશ્વમાં ફેલાવ્યાં છે. સ્વામીશ્રીએ સંસ્કૃતિના સુમધુર સંદેશ પહોંચાડીને સમગ્ર વિશ્વમાં લાખો લોકોની જિંદગીમાં આનંદ વહેંચ્યો છે. સનાતન હિન્દુ સંસ્કૃતિનાં મૂલ્યોનું સ્વામીશ્રીએ સર્જેલું મેઘધનુષ્ય જોઈને અહોભાવ અનુભવ્યો હતો - મધ્વ સંપ્રદાયના પ્રખર આચાર્ય પૂજ્ય વિશ્વેશતીર્થજી મહારાજે. તેઓ માત્ર ૭ વર્ષની ઉંમરે જ સંન્યાસ લઈને અધ્યાત્મમાર્ગના યાત્રી બની ગયા હતા. ત્યારથી શરૂ થયેલા

‘આપણી આધ્યાત્મિક સંસ્કૃતિ, ભક્તિ અને જ્ઞાનની સંસ્કૃતિ
શાસ્ત્રોની પોથીઓમાં બંધાયેલી રહી છે. જેમ શંકરની જટામાં
ગંગા બંધિત હતી, તેમ આપણા શાસ્ત્રની જટાઓમાં
આપણી સંસ્કૃતિની ગંગા બંધિત થઈ હતી,
પરંતુ ભગીરથે ગંગાને ભારતના મેદાનમાં પ્રવાહિત કરી,
તેમ આપણા પ્રમુખસ્વામી મહારાજ સમગ્ર વિશ્વમાં
આ સંસ્કૃતિની ગંગાને પ્રવાહિત રાખનારા નૂતન ભગીરથ છે...’

**– પૂજ્ય સ્વામી શ્રી વિશ્વેશતીર્થજી**

(મધ્વ પરંપરાના આચાર્યશ્રી, પેજાવર મઠ, કર્ણાટક)



તેમના સાધુજીવને શૈક્ષણિક, ધાર્મિક તથા સામાજિક ક્ષેત્રોમાં સેવાનો અનુપમ પ્રકાશ ફેલાવ્યો છે. ભારત સરકારે સન ૨૦૨૦માં શ્રી પેજાવર અધોક્ષજ મઠના આ ધર્મગુરુને મરણોત્તર ‘પદ્મવિભૂષણ’નો ખિતાબ આપીને આદર પ્રગટ કર્યો છે. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ સાથે થયેલી પ્રત્યેક મુલાકાતમાં હર્ષિત થતાં આ મહાન સંતે સન ૨૦૦૫માં પોતાના હૃદયોદ્‌ગાર વ્યક્ત કર્યા હતા: ‘આપણી આધ્યાત્મિક સંસ્કૃતિ, ભક્તિ અને જ્ઞાનની સંસ્કૃતિ શાસ્ત્રોની પોથીઓમાં બંધાયેલી રહી છે. જેમ શંકરની જટામાં ગંગા બંધિત હતી, તેમ આપણા શાસ્ત્રની જટાઓમાં આપણી સંસ્કૃતિની ગંગા બંધિત થઈ હતી, પરંતુ ભગીરથે ગંગાને ભારતના મેદાનમાં પ્રવાહિત કરી, તેમ આપણા પ્રમુખસ્વામી મહારાજ સમગ્ર વિશ્વમાં આ સંસ્કૃતિની ગંગાને પ્રવાહિત રાખનારા નૂતન ભગીરથ છે...’

પૂજ્ય વિશ્વેશતીર્થજી મહારાજના આ ઉદ્‌ગારો પ્રમુખસ્વામી મહારાજના એક વિરલ વિશ્વકર્માના સ્વરૂપનો પરિચય આપી રહ્યા છે. દેશ-વિદેશમાં ૧૧૦૦ કરતાં વધુ મંદિરો તથા સ્વામિનારાયણ અક્ષરધામના નિર્માણ દ્વારા સ્વામીશ્રીએ સમગ્ર વિશ્વમાં ભારતીય સંસ્કૃતિનું ગૌરવ વધાર્યું છે. પ્રમુખસ્વામી મહારાજે રચેલી આ સમયાતીત સૃષ્ટિ તેઓની તેજસ્વી, ઓજસ્વી અને યશસ્વી નિર્માતા તરીકેની છબિને અધિક ઉજાગર કરી રહી છે. સ્વામીશ્રી દ્વારા નિર્મિત ભવ્ય મંદિર-પરંપરા અને તેના દ્વારા થતાં સંસ્કૃતિનાં મૂલ્યોના સિંચનના પ્રેરક સ્વાનુભવો પ્રસ્તુત થયા એક વીડિયોના માધ્યમથી.

એ સંસ્કાર-પ્રેરક મંદિર પરંપરાને ‘*મંદિરમ્ પ્રમુખસ્વામી કા ઉપકાર અનુપમ, સંસ્કૃતિકી જ્યોતિ યહ મંદિર...*’ નૃત્ય ગીત દ્વારા યુવાવૃંદે વંદના કરી.

## અહંશૂન્ય પ્રમુખસ્વામી મહારાજ

જન્મજયંતીના આ શાનદાર સમારોહમાં આધ્યાત્મિક જગતના મહાપુરુષોએ દર્શાવેલા પ્રમુખસ્વામી મહારાજનાં વિવિધ સ્વરૂપોનું દર્શન કરતાં કરતાં સૌએ અન્ય મહાન સંતોની વાણીને પણ માણી, જેમાંના એક હતા - પૂજ્ય બ્રહ્મલીન રામસ્વરૂપ શાસ્ત્રીજી. અખિલ ભારત સાધુ સમાજના પ્રમુખ રહી ચૂકેલા પૂજ્ય રામસ્વરૂપ શાસ્ત્રીજીને હૃદયમાં એક ઇચ્છા રહેતી હતી કે પ્રમુખસ્વામી મહારાજને હરિદ્વારમાં પધરાવીને તેમનું ભવ્ય સન્માન કરવું. તેમની આ ભાવના પૂર્ણ થઈ સન ૧૯૮૭માં. આવા કેટલાય અવસરે પ્રમુખસ્વામી મહારાજને મળેલા રામસ્વરૂપ શાસ્ત્રીજીએ સ્વામીશ્રી માટે કહ્યું હતું કે, ‘આપણી સમક્ષ સદાચારની મૂર્તિ, સેવાની મૂર્તિ અને વિનયની મૂર્તિ સમાન પ્રમુખસ્વામી મહારાજ બિરાજમાન છે. તેઓ મોટા મોટા આયોજનમાં પણ પ્રસન્નવદન જ રહે છે. અહં અને મદથી ભરેલા વિશ્વમાં નિરહંકારી અને નિર્વિકારી વિભૂતિ આપણી સામે છે. પ્રમુખસ્વામીજી! આપ ભારત સાધુ સમાજના હૃદયસમ્રાટ છો. આપે સેવાથી સર્વ સંતોનાં હૃદય જીતી લીધાં છે. પ્રમુખસ્વામીજી જેવા મહાપુરુષ સ્વયં નિર્માની થઈને સર્વને સન્માન આપે છે.’

એવા બીજા ધર્મગુરુ છે - પ્રસિદ્ધ દિવંગત જૈનાચાર્ય શ્રી સુશીલકુમારજી મહારાજ. તેમણે પ્રમુખસ્વામી મહારાજ સાથેની પોતાની સ્વાનુભૂતિઓ વર્ણવતાં કહ્યું હતું, ‘પ્રમુખસ્વામી મહારાજ ખૂબ ખૂબ સાદા દેખાય છે, પરંતુ



વાસ્તવમાં આ નાની કાયામાં આજના વૈજ્ઞાનિક વિશ્વકર્મા ઉપસ્થિત છે. આજે પ્રદર્શનમાં બધું જ જોયા બાદ હું જોતો રહ્યો કે સ્વામીજી ક્યાંય નથી! ક્યાંય નથી! તેમણે પોતાના નામ માટે કંઈ કર્યું નથી.'

પ્રમુખસ્વામી મહારાજ અહંશૂન્યતાનું મૂર્તિમાન સ્વરૂપ હતા. તેમની આ અહંશૂન્યતાનું વિશેષ દર્શન કરાવવામાં આવ્યું એક વીડિયોના માધ્યમથી, જેમાં પ્રમુખસ્વામી મહારાજના ઉદ્‌ગારોમાંથી વહેતી નિરહંકારી વાણીને સાંભળી વાતાવરણ લાગણીભીનું બની ગયું.

તુલસીદાસજી કહે છેઃ '*નહીં કોઉં જનમા અસ જગ માંહી, પ્રભુતા પાઈ જાહી મદ નાહીં...*' અર્થાત્ અપાર સામર્થ્ય હોવા છતાં કોઈપણ પ્રકારનું અભિમાન જીવનમાં ન હોય તેવા મહાપુરુષ દુર્લભ છે, પરંતુ આ દુર્લભ સંત સુલભ થયા હતા પ્રમુખસ્વામી મહારાજ સ્વરૂપે. પ્રભુતાના મદથી મુક્ત સ્વામીશ્રીના વ્યક્તિત્વને સાત દાયકાઓ કરતાં વધારે સમયથી નિહાળનાર પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ સ્વામીશ્રીની અહંશૂન્યતાના કેટલાક અદ્‌ભુત પ્રસંગો રજૂ કર્યા. વિશેષમાં તેઓએ જણાવ્યું કે, 'સ્વામિનારાયણીય સંતોના પંચ વર્તમાનમાં નિર્માની વર્તમાન સૌથી અધિક છે, કારણ કે જે નિર્માની ભક્ત છે તે જ ભગવાનને પ્રિય છે. ભગવાન સ્વામિનારાયણે કહ્યું છે કે 'દેહાભિમાનમાં દોષમાત્ર રહેલા છે, આત્મનિષ્ઠામાં ગુણમાત્ર રહેલા છે.' ભગવાન સ્વામિનારાયણે એમ પણ કહ્યું કે, 'જે નિર્માની ભક્ત છે તેની ભક્તિ જ અમે સ્વીકારીએ છીએ.' પ્રમુખસ્વામી મહારાજના જીવનમાં નિર્માનીપણાનો ગુણ સવિશેષ જોવા મળતો. કોઈ પણ કાર્યનું અહં તેમનામાં અમને ક્યારેય જોવા મળ્યું નથી. ગમે તેવી સિદ્ધિ હાંસલ કરી હોય તો પણ તેમને ક્યારેય અભિમાન આવ્યું નથી. અમે તો ૭૦ વર્ષથી પ્રમુખસ્વામી મહારાજની નિકટ રહ્યા છીએ. આટલાં વર્ષોમાં તેમના જીવનમાં ક્યારેય મનાવા-પૂજાવાની ભાવના અમને જોવા મળી જ નથી.'

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની આ અહંશૂન્યતાથી અનેક ધર્મગુરુઓ પ્રભાવિત થયા છે. એ પૈકી હરિદ્વાર સ્થિત ભારતમાતા મંદિરના પ્રણેતા પૂજ્ય સ્વામી શ્રી સત્યમિત્રાનંદગિરિજી મહારાજ, અખિલ ભારત સાધુસમાજના મહામંત્રી મહામંડલેશ્વર સ્વામી શ્રી હરિનારાયણાનંદજી, આર્ટ ઓફ લિવિંગના પ્રણેતા પૂજ્ય શ્રી શ્રી રવિશંકરજી મહારાજ, ચેન્નાઈના આર્ષ વિદ્યાગુરુકુલમ્‌ના પ્રણેતા પૂજ્ય સ્વામી શ્રી દયાનંદ સરસ્વતીજી, યોગાચાર્ય પૂજ્ય સ્વામી શ્રી રામદેવજી મહારાજ વગેરે પ્રસિદ્ધ સંતોએ વ્યક્ત કરેલી પ્રમુખસ્વામી મહારાજ પ્રત્યેની પોતાની અનુભૂતિઓ વીડિયોના માધ્યમથી રજૂ થઈ હતી.

'સબ ગુણ પુરણ પરમ વિવેકી, ગુન કો માન ન આવે...' એમ કહીને સ્વયં ભગવાને જેમને પોતાના પ્રિય માન્યા છે

એવા ગુણાતીત સત્પુરુષ હતા - પ્રમુખસ્વામી મહારાજ. એ લાખોનો અહોભાવ પણ છે અને અનુભવ પણ. એ ગુણાતીત સત્પુરુષનો વિશેષ મહિમા વર્ણવતાં પૂજ્ય ડૉક્ટર સ્વામીએ જણાવ્યું હતું, ''વ્યાસજીએ કહ્યું છે કે સર્વ શાસ્ત્રનો સાર ભગવાન છે. ભગવાનનું ભજન કરવા જેવી કોઈ મોટી વાત નથી. અને જે સંત-સમાગમ પ્રાપ્ત થયો છે, તે પરમ ચિંતામણિ અને કલ્પવૃક્ષ તુલ્ય છે. આ વાતને પુષ્ટ કરતાં શ્રી ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું છે કે 'જે કાર્ય એક કલ્પમાં થાય છે, તે ગુણાતીત સત્પુરુષના સાંનિધ્યમાં એક જ દિવસમાં થાય છે.' ઘણા મહાપુરુષોએ ગુણાતીત સંતનો આવો મહિમા કહ્યો છે. પ્રમુખસ્વામી મહારાજ એવા ગુણાતીત સત્પુરુષ હતા.'' આ વાત કરીને તેઓએ પ્રમુખસ્વામી મહારાજનો વિશેષ મહિમા સમજાવ્યો હતો અને પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના આધ્યાત્મિક અનુગામી પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના સદ્‌ગુણોની પણ વાત કરી હતી.



ત્યારબાદ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના આધ્યાત્મિક અનુગામી પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજને સમગ્ર સત્સંગ પરિવાર વતી પૂજ્ય આત્મસ્વરૂપદાસ સ્વામીએ પુષ્પહાર અર્પણ કરી વધાવ્યા હતા. ઘેર બેઠા આ કાર્યક્રમને માણી રહેલા લાખો ભક્તોએ ત્યારબાદ મંત્રપુષ્પાંજલિ દ્વારા ગુરુ અને હરિનાં ચરણે પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

અંતે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે આશીર્વચન પાઠવતાં જણાવ્યું, ''આજે પ્રમુખસ્વામી મહારાજની જયંતી ઊજવાઈ રહી છે. દેશ-પરદેશમાં લાખો હરિભક્તો ઓનલાઈન આ બધું જોઈ રહ્યા છે. આપણે તો આપણા ગુરુને વખાણીએ, કારણ કે ઘરની વાત ઘરમાં જ તો થાય. પણ, અન્ય સંતો, અન્ય સંપ્રદાયના સંતો, મઠાધીશો અને મહામંડલેશ્વરો સ્વામીશ્રીને કઈ દૃષ્ટિએ જોતા હતા તે આપણે સમજવાનું છે. પૂજ્ય સત્યમિત્રાનંદજી તો સ્વામીશ્રીના નિર્દંભપણાની વાત વારંવાર કરતા હતા. સ્વામીશ્રીની નિર્દંભતા અને નિર્માનીતા સૌને સ્પર્શી ગઈ છે. મને પણ એ જ વધારે સ્પર્શી ગઈ છે. મેં યોગીબાપામાં નિર્દંભપણું જોયું હતું, તે મને પ્રમુખસ્વામી મહારાજમાં જોવા મળ્યું. એટલે આ એકના એક જ ગુણાતીત પુરુષ છે. એટલે એમ થઈ ગયું કે આ સંતને માથું આપી દેવા જેવું છે. એટલા માટે આ ગુણ નિર્દંભતાથી જ સ્વામીશ્રીના કાર્યમાં જોડાઈ ગયા.

પૂજ્ય આત્માનંદ સ્વામી કહેતા કે, 'સ્વામીશ્રી પોતે શાંત રહે છે અને બધાને કાર્ય કરાવી શકે છે, બીજાને એક્ટિવ રાખે છે.' તેમના શાંતપણાના ગુણથી જ કેટલું બધું કાર્ય ચાલી રહ્યું છે. સ્વામીશ્રીએ કેટલકૅમ્પ કર્યા અને મોરબીમાં હોનારત દરમ્યાન બચાવકાર્ય કર્યું. તે વખતે તો તેમના માટે પહેલો જ પ્રસંગ હતો. તો પણ જેમ જૂના જાણીતા હોય તેમ સ્વામીશ્રીએ બધું સંભાળી લીધું.

સ્વામીશ્રી એકવાર પધરામણીએ જતા હતા ત્યારે તેમની મોજડી ડાબા પગની જમણામાં અને જમણા પગની ડાબામાં પહેરાઈ ગઈ હતી. ત્યારે કોઈએ કહ્યું કે 'સ્વામી, આ શું કરો છો?' ત્યારે સ્વામીશ્રી કહે, 'મને દેખાતું નથી!' આ આંખની તો બહુ જ ગંભીર તકલીફ હતી, પરંતુ, સ્વામીશ્રીએ ચલાવ્યા કર્યું. હરિભક્તો નારાજ ન થવા જોઈએ. હરિભક્તોના કાર્યક્રમ બગડવા ન જોઈએ એવું તેમના મનમાં હતું. પોતાને ગમે તેટલી તકલીફ હોય પણ તેમણે પોતાના દેહ સામે જોયું નથી. ડૉક્ટરે કહ્યું કે, તમે જો એક દિવસ મોડા આવ્યા હોત તો બહુ જ તકલીફ થઈ જાત. આંખે દેખાવાનું બંધ થઈ જાત. આવી રીતે દેહની પરવાહ ત્યજીને સ્વામીશ્રીએ સેવા કરી છે.

પૂજ્ય ચિદાનંદ સ્વામીએ વાત કરી કે, ''સ્વામીશ્રીએ નૈતિકતાથી ભરપૂર એવો સમાજ ઊભો કર્યો છે. 'ચારિત્ર્યવાન બનો અને ચારિત્ર્યવાન સમાજ તૈયાર કરો.' - એવું સૂત્ર સ્વામીશ્રીએ સૌને આપેલું. તો બધા એ રીતે વર્ત્યા છે. દિલ્હી અને ગાંધીનગરના અક્ષરધામમાં રોજના કેટલા લોકો આવે છે! એ આવનારા વ્યક્તિઓમાંથી જેમની કોઈ વસ્તુ પડી ગઈ હોય કે ખોવાઈ ગઈ હોય તે બધી જ આપણા સ્વયંસેવકો દ્વારા સુપરત કરી દેવામાં આવે છે. મુંબઈમાં તો

એકવાર પસ્તીમાં પૈસા નીકળ્યા તો એ પણ આપણા હરિભક્તે તે વ્યક્તિને પાછા આપી દીધા હતા. રીક્ષા વગેરેમાં ઘણો બધો સામાન રહી જતો હોય છે. રીક્ષાવાળાને તો પૈસાની કેટલી બધી જરૂરિયાત હોય છે! તો પણ એ રીક્ષાવાળા સત્સંગીબંધુઓ જેના પૈસા હોય તેને સોંપી દે છે. એટલે આ સત્સંગમાં સર્વત્ર નૈતિકતા જ દેખાય છે.

પૂજ્ય રામસ્વરૂપ શાસ્ત્રીજીએ સ્વામીશ્રીના નિર્માનીપણા પર વાત કરેલી. સ્વામીશ્રીની ૫૧મી જન્મજયંતી ધર્મજમાં ઊજવાઈ રહી હતી, ત્યારે હરિભક્તોની એંઠી દાતણની ચીરીઓ સ્વામીશ્રીએ ઉપાડી હતી. તેમનો પહેલો જ જન્મજયંતી મહોત્સવ હતો, તેમાંય તેમણે લોકોએ ફેંકી દીધેલાં દાતણ ઉપાડ્યાં! કેવી ઘટના કહેવાય!


આવા સદ્‌ગુણો તો પ્રમુખસ્વામી મહારાજમાં અનંત હતા, પરંતુ આપણે તો જેટલું જાણ્યું, જેટલું જોયું એમાં તૃપ્તિ ન થાય!

અત્યારે કોરોનાની મહામારી ચાલી રહી છે તે વિશ્વમાંથી સમગ્રપણે નાબૂદ થાય અને લેશ પણ રહે નહીં એ પ્રાર્થના. અને બધા જ તને-મને-ધને સુખી થાય, કારણ કે કોરોનાએ ખૂબ જ બરબાદી કરી છે. એટલે આર્થિક રીતે પણ ખોટ પડી છે, એ દૂર થાય અને સૌ ખૂબ સુખી થાય એ પ્રાર્થના.''

'સર્વેત્ર સુખિનઃ સન્તુ...'ની ભાવનાનો સૂર રેલાવતા પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં આશીર્વચનો બાદ સમગ્ર વિશ્વમાંથી કોરોના મહામારીના ઉપદ્રવના શમન માટે સ્વામિનારાયણ મહામંત્રની ધૂન સાથે પ્રાર્થના કરવામાં આવી હતી.

પ્રાર્થના બાદ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે 'અક્ષર અમૃતમ્' એપ્લિકેશનનું ઉદ્‌ઘાટન કર્યું હતું. આ એપ્લિકેશનમાં લાઈવ સ્ટ્રીમીંગના માધ્યમથી બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા પ્રકાશિત તમામ કીર્તનો, ઓડિયો બુક્સ, પ્રવચનો, ગુણાતીત ગુરુવર્યોની અમૃતવાણીનું સૌ શ્રવણ કરી શકશે.

અંતમાં, સૌએ આરતી-અર્ઘ્ય દ્વારા સ્વામીશ્રીના ચરણે ભાવવંદના અર્પણ કરી હતી.



'સ્વામીશ્રીની નિર્દંભતા અને નિર્માનીતા સૌને સ્પર્શી ગઈ છે.
મને પણ એ જ વધારે સ્પર્શી ગઈ છે.
મેં યોગીબાપામાં નિર્દંભપણું જોયું હતું, તે મને પ્રમુખસ્વામી મહારાજમાં જોવા મળ્યું.
એટલે આ એકના એક જ ગુણાતીત પુરુષ છે. એટલે એમ થઈ ગયું કે આ સંતને માથું આપી દેવા જેવું છે.'

**– મહંત સ્વામી મહારાજ**

આમ, હિમાલયની ગિરિકંદરાઓમાં વહેતાં ઝરણાં, નિર્મળ આકાશ, બરફાચ્છાદિત પર્વતો અને હરિયાળી વચ્ચે રચાયેલા વર્ચ્યુઅલ મંચ પર સતત ત્રણ કલાક સુધી ચાલેલા આ કાર્યક્રમને સફળ બનાવવા, સંતો-સ્વયંસેવકો અને સ્વામિ-નારાયણ અક્ષરપીઠના એનિમેશન સ્ટુડિયોમાં સેવા આપતા યુવાનોએ ખૂબ જહેમત ઊઠાવી હતી. વર્ચ્યુઅલ પ્લૅટફૉર્મ પર યોજાયેલા આ મહોત્સવને દેશ-પરદેશના લાખો ભક્તોએ હિન્દી અને અંગ્રેજી માધ્યમમાં માણી દિવ્યતાનો અનુભવ કર્યો હતો.

બી.એ.પી.એસ. સંસ્થાની વેબસાઈટ તેમજ આસ્થા ટી.વી. ચેનલ અને GTPL કથા ચેનલ પર પ્રસારિત થયેલા ઓનલાઈન પ્રસારણ દ્વારા આ જન્મજયંતી ઉત્સવને માણનારા લાખો ભક્તો અને ભાવિકો એક જ હૃદયોદ્‌ગાર વહાવી રહ્યા હતાઃ પ્રમુખસ્વામી મહારાજ પણ અદ્વિતીય મહાપુરુષ અને એમનો આ જન્મજયંતી મહોત્સવ પણ અદ્વિતીય!

## જન્મજયંતી પર્વ

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના જન્મજયંતી મહોત્સવ નિમિત્તે, ચતુર્દિવસીય વ્યાખ્યાન પર્વ યોજાયું હતું. તા. ૧૮ થી ૨૧ ડિસેમ્બર ૨૦૨૦, રાત્રે ૯ થી ૧૦ વાગ્યા દરમ્યાન યોજાયેલા આ પર્વમાં સંતોએ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના વિવિધ ગુણિયલ સદ્‌ગુણોને આધારે તેમની વૈશ્વિક પ્રતિભાનાં દર્શન કરાવ્યાં હતાં. જેમાં જ્ઞાનવત્સલદાસ સ્વામી, અનિર્દેશદાસ સ્વામી, અપૂર્વમુનિદાસ સ્વામી અને આત્મતૃપ્તદાસ સ્વામીએ ઓનલાઈન ઉદ્‌બોધન દ્વારા સ્વામીશ્રીના દિવ્ય પ્રસંગોનું રસપાન કરાવ્યું હતું. આ પ્રવચનો બાદ પ્રમુખસ્વામી મહારાજે પૂર્વે આપેલા આશીર્વચનનાં વીડિયો દર્શન સૌએ માણ્યા હતા. અને પંચમદિને પ્રમુખસ્વામી મહારાજનો ૯૯મો જન્મોત્સવ ભક્તિભાવપૂર્વક ઊજવી તેઓના શ્રીચરણોમાં સૌએ ભાવવંદના કરી હતી. ◆

# લંડનના વિખ્યાત બી.એ.પી.એસ. મંદિર, નિસડનને જોડતા માર્ગને અપાયું 'પ્રમુખ સ્વામી માર્ગ' તરીકે નામાભિધાન

## યુ.એ.ઈ.માં બી.એ.પી.એસ. હિન્દુ મંદિરને અપાયો 'ઈન્ટિરિયર ડિઝાઈન ઍવૉર્ડ'
## યુ.કે.માં બી.એ.પી.એસ.ને કોરોના મહામારીમાં સેવા બદલ અપાયો કોમ્યુનિટી ઍવૉર્ડ




*તાજેતરમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાની વૈશ્વિક સેવા અને સત્સંગ પ્રવૃત્તિઓમાં ત્રણ વિશેષ યશકલગીઓ ઉમેરાઈ છે. આ ત્રણેય યશકલગીઓ દ્વારા બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજને તેમના શતાબ્દી પર્વે જાણે એક વિનમ્ર અંજલિ આપવામાં આવી છે. આવો તેની એક ઝલક નિહાળીએ...*

તાજેતરમાં ઇંગ્લૅન્ડમાં બી.એ.પી.એસ. મંદિર, નિસડન, લંડનને જોડતા માર્ગને સ્થાનિક કોર્પોરેશન દ્વારા બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના પ્રદાનને અમરત્વ આપતા 'પ્રમુખસ્વામી રોડ' નામાભિધાન કરવામાં આવ્યું છે. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે સન ૧૯૯૫માં લંડનના નિસડન વિસ્તારમાં ભવ્ય બી.એ.પી.એસ. મંદિર રચ્યું ત્યારથી લઈને આજ પર્યંત આ મંદિર લંડનમાં એક અનોખા આકર્ષણનું કેન્દ્ર બન્યું છે અને અધ્યાત્મ, શિક્ષણ અને સામાજિક સંવાદિતાના કેન્દ્ર તરીકે સેવા આપી રહ્યું છે.

અત્યાર સુધીમાં ૧૨૦ દેશના ૧ કરોડ ૫૦ લાખ મુલાકાતીઓએ અહીં પધારીને મંદિરની દિવ્યતા અને ભવ્યતાની અનુભૂતિ કરી છે. બ્રિટનવાસીઓ મનની શાંતિ અને હૃદયની પ્રસન્નતા માટે વારંવાર મંદિરની મુલાકાતે પધારે છે.

લંડનના નોર્થ-ઈસ્ટમાં આ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરને જોડતા માર્ગનું નામ અત્યાર સુધી 'નિસડન મંદિર માર્ગ' હતું, પરંતુ ૧૨ ઑક્ટોબર ૨૦૨૦ના રોજ સ્થાનિક બ્રેન્ટ કેબિનેટ દ્વારા મેડો ગર્થના




દક્ષિણ વિભાગને 'પ્રમુખસ્વામી માર્ગ' નામ આપવાનો નિર્ણય લેવાયો હતો.

આ પ્રસંગે લંડનના મેયર શ્રી સાદીકખાને ટ્વિટ કરીને પોતાના ૩૨ લાખ ફોલોઅર્સને જણાવ્યું હતું કે 'વિશ્વપ્રસિદ્ધ નિસડન મંદિરની બહારના માર્ગનું નામકરણ કરવામાં આવ્યું છે. તેનું મંદિરના સર્જક પ્રમુખસ્વામી મહારાજ સાથે જોડીને તેને 'પ્રમુખસ્વામી માર્ગ' નામાભિધાન કરવામાં આવ્યું છે. લંડનના આ પાવન મંદિરની મુલાકાત લેવાની હું આતુરતાથી રાહ જોઈ રહ્યો છું. વિશ્વમાં શહેરની શાન વધારવા બદલ મંદિરનો હું હાર્દિક આભાર માનું છું.'

સમગ્ર જીવન નિઃસ્વાર્થ સેવા કરનાર પ્રમુખસ્વામી મહારાજની સેવાને સાર્થક કરવા 'પ્રમુખસ્વામી માર્ગ' નામાભિધાન કરીને બ્રેન્ટ કેબિનેટ અને શહેરની કાઉન્સિલે પ્રમુખસ્વામી મહારાજને તેમની શતાબ્દીએ એક વધુ વિનમ્ર અંજલિ અર્પણ કરી છે.

## લંડનમાં મહામારીમાં સેવા બદલ અપાયો એવોર્ડ

તાજેતરમાં કોરોના મહામારી દરમ્યાન સંક્રમિત નાગરિકોની સેવા અને જાગૃતિનું પ્રસંશનીય કાર્ય કરવા બદલ બી.એ.પી.એસ. મંદિર, લંડનને લંડનના વિખ્યાત 'ફેઈથ એન્ડ બિલીફ ફોરમ' દ્વારા કૉમ્યુનિટી ઍવૉર્ડ અર્પણ કરવામાં આવ્યો હતો.

કોરોના પ્રકોપમાં અસરગ્રસ્ત લોકોને સહાયરૂપ થવા માટે મંદિર દ્વારા 'કનેક્ટ એન્ડ કેર' કાર્યક્રમ હાથ ધરાયો હતો. જેના કારણે સંક્રમિત પ્રૌઢ અને વૃદ્ધ વ્યક્તિઓ માટે આ કાર્ય આશીર્વાદરૂપ પુરવાર થયું હતું. સંક્રમિત થવાના કારણે પરવશ થયેલા અને સામાજિક રીતે એકલવાયું જીવન જીવતા લોકોનો ટેલિફોન દ્વારા સંપર્ક સાધીને આપ્તજનની હૂંફ આપવામાં આવી હતી. સાથે સાથે તાજું ભોજન, કરિયાણું, જરૂરી દવાઓ પૂરી પાડવામાં આવી હતી. આ સેવામાં કુલ ૧,૧૦૦ કરતાં વધુ બી.એ.પી.એસ. સંસ્થાના સ્વયંસેવકો જોડાયા હતા.

કોરોનાના ભયથી પીડિત નાગરિકોમાં જાગૃતિ લાવવા માટે બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા અંગ્રેજી અને ગુજરાતી ભાષામાં વીડિયો તૈયાર કરવામાં આવ્યા હતા. સાથે સાથે પેરેન્ટિંગ ટૂલકિટ્સનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

બી.એ.પી.એસ. મંદિરની આ સેવાને બિરદાવવા માટે યોજાયેલા ઓનલાઈન સમારોહમાં ગ્રેટર લંડનના લોર્ડ લેફ્ટનન્ટ સર કેનેથ ઓલિસા, નોર્થમ્પ્ટન યુનિવર્સિટીના ચાન્સેલર રિચાર્ડ કોલેસ, નેશનલ ફિલ્મ એન્ડ ટેલિવિઝન સ્કૂલના ગવર્નર બેરોનેસ ફ્લોએલા બેન્જામિન સહિત વિવિધ ક્ષેત્રના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. બી.એ.પી.એસ.ના સ્વયંસેવક શ્રી કિરિટ વાડિયાએ જણાવ્યું કે 'સેંકડો સ્વયંસેવકોના અથાક પરિશ્રમ બદલ આ ઍવૉર્ડ મળ્યો તેનું અમને સૌને ગૌરવ છે. સેવા કરવાની આવી પ્રેરણા અમારા ગુરુ પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજ દ્વારા સતત મળી છે.'

આ ઍવોર્ડ એક સન્માન નહીં પરંતુ નિઃસ્વાર્થ સેવાની કદર સમાન છે.




લંડનના ધુરંધર મહાનુભાવોની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં બી.એ.પી.એસ. મંદિરને અપાયેલો ઍવોર્ડ



# અબુધાબી બી.એ.પી.એસ. હિન્દુ મંદિરની ડિઝાઇનને એનાયત થયો એવોર્ડ

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના સંકલ્પ અનુસાર પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની નિશ્રામાં યુનાઈટેડ આરબ અમિરાતની રાજધાની અબુધાબી ખાતે ભવ્ય બી.એ.પી.એસ. હિન્દુ મંદિરનું નિર્માણ થઈ રહ્યું છે. ૨૫ નવેમ્બર, ૨૦૨૦ના રોજ અબુધાબી ખાતે કોમર્શિયલ ઇન્ટિરિયર ડિઝાઇન (CID) દ્વારા યોજાયેલા ઍવૉર્ડ વિતરણ સમારોહમાં બી.એ.પી.એસ. હિન્દુ મંદિરને 'ઇન્ટિરિયર ડિઝાઇન કોન્સેપ્ટ ઓફ ધ યર ૨૦૨૦'નો ઍવૉર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે CIDના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, 'આ બી.એ.પી.એસ. મંદિરનું નિર્માણકાર્ય હજુ પૂર્ણ થયું નથી, પરંતુ મંદિરની ઇન્ટિરિયર ડિઝાઇન અસાધારણ વિષયવસ્તુનું પ્રદર્શન કરે છે. તેનાથી અમે અતિ પ્રભાવિત થયા છીએ. આ માટે ૧૦૦ પ્રવેશ અરજીઓમાંથી મંદિરની ઇન્ટિરિયર ડિઝાઇનને એક ઉમદા કલાકૃતિ સ્વરૂપે સ્વીકારવામાં આવી છે. મંદિર ઇન્ટિરિયરની ડિઝાઇનમાં અનુપમ પરિકલ્પના પ્રતિબિંબિત થાય છે. તેમાં પવિત્રતાની ભાવનાને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. રણદ્વીપને આધ્યાત્મિકતાનો રંગ આપીને સ્થાપત્યને અદ્વિતીય સ્વરૂપ અપાયું છે. હિન્દુ મંદિર અને રણોદ્યાનની વિશેષતાઓને ઇન્ટિરિયર ડિઝાઇનમાં ચરિતાર્થ કરવામાં આવી છે, જેમાં હિન્દુ ધર્મની સમાદરની ભાવનાનાં દર્શન થાય છે.'

મુખ્ય ડિઝાઇન કન્સલટન્ટ આર.એસ.પી.એ જણાવ્યું હતું કે 'ડિઝાઇનમાં બી.એ.પી.એસ. સંસ્થાના સંતોના માર્ગદર્શનને ધ્યાનમાં રાખીને આધુનિકતા અને પારંપારિકતાનો સમન્વય સાધવામાં આવ્યો છે અને તેના કારણે આ ડિઝાઇન દિવ્ય અને ભવ્ય બની છે.'

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના સંકલ્પ અનુસાર પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની નિશ્રામાં રચાઈ રહેલું આ બી.એ.પી.એસ. મંદિર આવનારી અનેક શતાબ્દીઓ સુધી સૌને પ્રેરણા આપતું રહેશે.



એવોર્ડ સાથે ડિઝાઇનર શ્રી માઇકલ મેકગીલ અને પૂજ્ય બ્રહ્મવિહારીદાસ સ્વામી

(અનુસંધાન પૃ. ૧૮ પરથી) બોર વીણી લીધાં.''

સ્વામીએ ચણિયાં બોર ધોવરાવ્યાં. પછી પોંક અને બોર ઠાકોરજીને ધરાવ્યાં અને સૌને પાસે બોલાવ્યા. બોરની પ્રસાદી સૌને આપતાં સ્વામીશ્રી બોલ્યાઃ ''આવો સૌ આ ભીલડીનાં બોર ખાવા.'' એમ સૌને પ્રસાદી આપી.[૪૮]

ચણિયાં બોર જેવી સાવ ક્ષુલ્લક વસ્તુ પણ ઠાકોરજીને ધરાવ્યા વિના સ્વામી ન સ્વીકારે.

ઉત્સવોમાં સ્વામી ઠાકોરજીની ભક્તિમાં વિશેષ ખીલી ઊઠે. જળઝીલણીના સમૈયાને દિવસે સ્વામી હજારો હરિભક્તો સાથે ઠાકોરજીને પાલખીમાં પધરાવીને જળ ઝિલાવે. અન્નકૂટમાં પણ સ્વામી ઠાકોરજીને ભાત-ભાતની વાનગીઓ ધરાવીને ભક્તિ અદા કરે.

આવી હતી ગુણાતીતાનંદ સ્વામીની અનોખી ભક્તિની ગાથા.

અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી શ્રી હરિકૃષ્ણ મહારાજની નિત્ય સેવા કરતા, તેમાંથી પ્રેરણા લઈને સદ્‌ગુરુ બાલમુકુંદદાસ સ્વામી જેવા તેમના સંતશિષ્યોને પણ સ્વામીની પ્રેરણાથી ભગવાન શ્રી સ્વામિનારાયણની તેવી જ મૂર્તિ રાખવાની ભક્તિ જાગી હતી. આથી, ગામડે ગામડે વિચરણ કરતા પોતાના એ મંડળધારી સંતશિષ્યો માટે ગુણાતીતાનંદ સ્વામીએ પોતાના શ્રી હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ જેવી જ અન્ય પાંચ મૂર્તિઓ પણ બનાવડાવી હતી. શ્રી હરિકૃષ્ણ મહારાજની મૂળ મૂર્તિના બીબામાંથી જ એ સર્વ મૂર્તિઓ બનાવી હોવાથી એ બધી જ મૂર્તિઓનો ભાવ-દેખાવ એક સમાન હતો. સ્વામીએ પોતાના સંત શિષ્યોને પ્રસાદીભૂત કરીને આપેલી આ પાંચેય ચલમૂર્તિઓ સંપ્રદાયમાં હાલ અલગ અલગ સ્થળે પરંપરાગત રીતે પૂજાય છે. જેમાંની ત્રણ મૂર્તિઓ હાલ જૂનાગઢના સ્વામિનારાયણ મંદિરમાં છે. ચોથી મૂર્તિ વલ્લભવિદ્યાનગરમાં જૂનાગઢના પૂર્વ કોઠારીશ્રી નારાયણચરણદાસ સ્વામી પાસે છે અને પાંચમી મૂર્તિ ગોંડલમાં જૂના સ્વામિનારાયણ મંદિરમાં હતી, એ તેમણે ગુણાતીતાનંદ સ્વામીના દેહોત્સર્ગ સ્થાન શ્રીઅક્ષરદેરી ખાતે અર્પણ કરી દીધી છે. અને અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીએ જેની ૨૨ વર્ષ સુધી પૂજા કરી હતી એ તેઓના નિત્યપૂજાના શ્રી હરિકૃષ્ણ મહારાજ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને હાલ પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની સેવા-ભક્તિ માણી રહ્યા છે.

ત્યારપછી તો ગુણાતીતાનંદ સ્વામીએ બનાવેલી એ ચલમૂર્તિઓમાંથી પ્રેરણા લઈને સંપ્રદાયમાં ભગવાન શ્રી સ્વામિનારાયણની એવી 'લાલજી' કે 'શ્રી હરિકૃષ્ણ મહારાજ', 'ઠાકોરજી' તરીકે ઓળખાતી ચલમૂર્તિઓ અન્ય સંતમંડળો પણ રાખવા લાગ્યાં. આજે ભગવાન શ્રી સ્વામિનારાયણની હજારો ચલમૂર્તિઓ અનેક મંદિરોમાં, સંતમંડળોમાં અને ઘરોઘર પૂજાય છે, તેના મૂળમાં છે અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી.

ભગવાન શ્રી સ્વામિનારાયણની એ હજારો ચલમૂર્તિઓનાં દર્શન કરતાં સહેજે એમના એ અનાદિ સેવક ગુણાતીતાનંદ સ્વામીની સ્મૃતિ થઈ આવે છે, એ ગુણાતીતના વારસ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની શ્રી હરિકૃષ્ણ મહારાજ પ્રત્યેની પરાભક્તિની સ્મૃતિ થઈ આવે છે અને હૃદયમાંથી ઉદ્‌ગાર ઊઠે છેઃ

'ગુણાતીત તો ગુણાતીત!' ◆

૪૮. ગુણાતીતાનંદ સ્વામીનું વિસ્તૃત જીવનચરિત્ર, ભાગ-૨, પૃ. ૩૦૨.

---

*(અનુસંધાન પૃ. ૫ પરથી) વિશ્વમાં ક્યાંય જોટો જડી શકે નહીં!*

*જુઓ, તેમના મતે ભક્તિની વ્યાખ્યાઃ*

*શ્રી નારદભક્તિસૂત્ર કહે છેઃ*

***'સા ત્વસ્મિન્ પરમપ્રેમરૂપા. અમૃત-સ્વરૂપા ચ.' (ભક્તિસૂત્ર, ૨-૩)***

*અર્થાત્ પરમાત્મા પ્રત્યે ભક્તિ પરમ પ્રેમરૂપ છે, અમૃતસ્વરૂપ છે.*

*ભક્તિસૂત્ર આગળ કહે છેઃ*

***'પૂજાદિષુ અનુરાગઃ ઈતિ પારાશર્યઃ'***

***'કથાદિષુ (અનુરાગઃ) ઈતિ ગર્ગઃ' (ભક્તિસૂત્ર, ૧૬-૧૭)***

*અર્થાત્ પરાશરના પુત્ર વ્યાસજીના મત અનુસાર ભગવાનની પૂજા વગેરે અનુષ્ઠાનોમાં અનુરાગ એ જ ભક્તિ છે. અને ગર્ગ ઋષિના મત અનુસાર કથામાં પ્રીતિ એ ભક્તિ છે.*

*પરંતુ આ ભક્તિનું ફળ શું?*

*જેને એવી ભક્તિ હૃદયમાં પ્રગટે તેને શું મળે?*

*નારદ ભક્તિસૂત્ર કહે છેઃ*

***'યલ્લબ્ધ્વા પુમાન્ સિદ્ધો ભવતિ, અમૃતો ભવતિ, તૃપ્તો ભવતિ.' (ભક્તિસૂત્ર, ૪)***

*અર્થાત્ જેમાં એવી ભક્તિ પ્રગટે છે, તે સિદ્ધ થાય છે, અમૃત થાય છે, પરિતૃપ્ત થાય છે.*

***'સ તરતિ સ તરતિ સ લોકાંસ્તારયતિ.' (ભક્તિસૂત્ર, ૫૦)***

*તે ભવસાગર તરી જાય છે, તરી જાય છે અને અન્ય લોકોને પણ તારે છે.*

*જેને એવી પ્રેમભક્તિનો ખરેખરો આસ્વાદ લાગી જાય છે, તેને એટલો બધો આનંદ આવે છે, તેનું તે વર્ણન*

પણ કરી શકતો નથી. મૂંગા માણસે ગોળ ખાધો હોય અને વર્ણન ન કરી શકે તેમ!

**'અનિર્વચનીયં પ્રેમસ્વરૂપમ્. મૂકાસ્વાદનવત્.'** (નારદભક્તિસૂત્ર, ૫૧-૫૨)

આવી ભક્તિ દુર્લભ છે એમ નારદભક્તિસૂત્ર કહે છે:

**'પ્રકાશ્યતે ક્વાપિ પાત્રે.'** (નારદભક્તિસૂત્ર, ૫૩)

અર્થાત્ કોઈક વિરલ સુપાત્રમાં જ એવી અમૃતમયી ભક્તિ પ્રગટ થાય છે.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનું દર્શન કરતાં અનુભવાતું કે તેઓ એવી ભક્તિનું વિરલ સુપાત્ર છે, શ્રીમદ્ ભાગવત કથિત નવધા ભક્તિનું ગૌરીશિખર છે. નવધા ભક્તિનાં નવ આદર્શ પાત્રોની ગાથાઓ આપણાં પ્રાચીન શાસ્ત્રો ઉમંગે ગાય છે. એક પ્રચલિત શ્લોકમાં એ નવ આદર્શોનું સ્મરણ કરવામાં આવ્યું છે:

**શ્રીવિષ્ણોઃ શ્રવણે પરીક્ષિદભવદ્**
**વૈયાસકિઃ કીર્તને,**
**પ્રહ્લાદઃ સ્મરણે તદ્-અંઘ્રિભજને**
**લક્ષ્મીઃ પૃથુઃ પૂજને,**
**અક્રૂરઃ તુ અભિવંદને કપિપતિઃ**
**દાસ્યેઽથ સખ્યે અર્જુનઃ,**
**સર્વસ્વ-આત્મનિવેદને બલિરભૂત્**
**કૃષ્ણ-આપ્તિરેષાં પરમ્.**

અહીં શ્રવણભક્તિમાં પરિક્ષિત, કીર્તનભક્તિમાં શુકદેવજી, સ્મરણભક્તિમાં પ્રહ્લાદ, ચરણસેવામાં લક્ષ્મીજી, અર્ચનભક્તિમાં પૃથુ, વંદનભક્તિમાં અક્રૂર, દાસત્વભક્તિમાં હનુમાનજી, સખાભક્તિમાં અર્જુન અને આત્મનિવેદન ભક્તિમાં બલિને આદર્શ ભક્ત તરીકે યાદ કરવામાં આવ્યા છે.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનું દર્શન કરીએ ત્યારે તેમના ખોળિયે ધ્રુવ, પ્રહ્લાદ, નારદજી, અંબરીષ કે ઉપરના તમામ આદર્શ ભક્તોની ભક્તિનું સાક્ષાત્ દર્શન અનુભવાતું. ભક્તિનો સાગર એમના હૈયે અહોરાત્ર લહેરાયા કરતો હતો, પરંતુ ઘુઘવાટ વિના. ભક્તિનો કોઈ દેખાવ કે આડંબર નહીં, પરંતુ સહજ ભક્તિ. શ્વાસેશ્વાસે ભક્તિ. હૈયે અને રોમરોમમાં પરમાત્માને ધારણ કરી રાખવાની ભક્તિ. તેઓ આધ્યાત્મિકતાની સર્વોચ્ચ ગુણાતીત કે બ્રાહ્મી સ્થિતિએ બિરાજતા હોવા છતાં, તેમણે એક આદર્શ ભક્ત તરીકે ભક્તિનું વૈશ્વિક આંદોલન જગાવ્યું, જેમાં લાખો આબાલવૃદ્ધ સ્ત્રી-પુરુષો ધન્ય થયાં.



બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનું દર્શન કરીએ ત્યારે તમામ આદર્શ ભક્તોની ભક્તિનું સાક્ષાત્ દર્શન અનુભવાતું. ભક્તિનો સાગર એમનાં હૈયે અહોરાત્ર લહેરાયા કરતો હતો, પરંતુ ઘુઘવાટ વિના. ભક્તિનો કોઈ દેખાવ કે આડંબર નહીં, પરંતુ સહજ ભક્તિ. શ્વાસેશ્વાસે ભક્તિ.

પ્રમુખસ્વામી મહારાજની શતાબ્દીએ એવી ભક્તિના એકાદ અંશને પણ આપણે આપણા નિત્ય જીવનમાં સાકાર કરી શકીએ તો આપણને ભૌતિક દુઃખો ક્યારેય સ્પર્શી શકશે નહીં અને પરમાનંદની અનુભૂતિ થશે. કારણ કે જ્યાં ભક્તિ છે ત્યાં આનંદ છે, સુખ છે, શાંતિ છે.

નારદભક્તિસૂત્ર કહે છે:

**'શાંતિરૂપાત્ પરમાનંદરૂપાત્ ચ.'** (નારદભક્તિસૂત્ર, ૬૦)

આવી ભક્તિ શાંતિ આપે છે. પરમાનંદ આપે છે.

જ્યારે આપણે ભક્તિની એ સીમાને સ્પર્શીશું ત્યારે ભક્ત કવિ નરસિંહ મહેતાની જેમ આપણે પણ ગાઈ ઊઠીશું:

ભૂતળ ભક્તિ પદારથ મોટું,
બ્રહ્મલોકમાં નાહીં રે...

આ અંકથી શરૂ થતી 'સ્વામિનારાયણ પ્રકાશ'ની 'શતાબ્દી પ્રકાશ-માળા'માં 'પ્રકાશ'નો આ અંક સ્વામિનારાયણીય ભક્તિના એવા આદિ ગુરુ ગુણાતીતાનંદ સ્વામીની પણ ભક્તિની ગાથા સુણાવે છે. જેઓ સ્વયં અક્ષરબ્રહ્મ હોવા છતાં ભગવાન સ્વામિનારાયણની પ્રેમલક્ષણા ભક્તિના વિરલ આદર્શ બની રહ્યા હતા. અને એ જ ગુણાતીતની આપણે નીરખેલી પ્રતિકૃતિ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની પરાભક્તિનો પણ આસ્વાદ છે.

આ અંકે ભક્તિનો આસ્વાદ માણ્યો, 'સ્વામિનારાયણ પ્રકાશ'ના હવે પછીના દરેક મણકે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના દિવ્ય જીવન-સંદેશ-કાર્યને કેન્દ્રમાં રાખીને જુદી જુદી સામગ્રી માણતા રહીશું. આવતા અંક સુધી જય સ્વામિનારાયણ.

**- સાધુ અક્ષરવત્સલદાસ** ◆



### પૂજ્ય જ્ઞાનવત્સલદાસ સ્વામી, વડોદરા : D.Litt.ની પદવી એનાયત થઈ...

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી બી.એ.પી.એસ. સંસ્થાના વિદ્વાન સંત પૂજ્ય જ્ઞાનવત્સલદાસ સ્વામીને ગોધરા સ્થિત ગોવિંદ ગુરુ યુનિવર્સિટીએ D.Litt.('ડૉક્ટર ઑફ લેટર્સ')ની પદવી એનાયત કરીને અભિવાદન કર્યું છે. આ અનુપમ સિદ્ધિ મેળવીને સંસ્થાનું ગૌરવ વધારવા બદલ સમસ્ત બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા વતી પૂજ્ય જ્ઞાનવત્સલદાસ સ્વામીને હાર્દિક અભિવંદન.



### શ્રી સંજયભાઈ કારા, લંડન, યુ.કે. : 'બ્રિટિશ એમ્પાયર મેડલ'થી બહુમાન થયું...


બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર, લંડનના યુવાન ટ્રસ્ટી શ્રી સંજયભાઈ કારાએ કરેલી વિશિષ્ટ કમ્યુનિટી સેવાઓ બદલ બ્રિટિશ મહારાણી દ્વારા તેઓને 'બ્રિટિશ એમ્પાયર મેડલ' ઘોષિત કરવામાં આવ્યો છે. બ્રિટનના લશ્કરી અધિકારીઓને તેમની સિદ્ધિઓ બદલ તેમજ બ્રિટનમાં કમ્યુનિટી સાથે સંપીને સેવા કરતા વિશિષ્ટ નાગરિકોને આ બહુમાન બ્રિટનનાં મહારાણી તરફથી અર્પણ કરવામાં આવે છે. આ મેડલ વિજેતા પોતાના નામની પાછળ 'BEM' લગાડી શકે છે. સંસ્થાના આ સંનિષ્ઠ સ્વયંસેવકને મળેલા આ સન્માનથી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું ગૌરવ ઉન્નત બન્યું છે. આ પ્રસંશનીય બહુમાન બદલ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે શ્રી સંજયભાઈ કારાને આશીર્વાદ સહ ધન્યવાદ પાઠવ્યા હતા. બી.એ.પી.એસ. પરિવાર વતી હાર્દિક અભિનંદન.

## અક્ષરવાસ | બી.એ.પી.એસ. પરિવારના અક્ષરનિવાસી સંતો-હરિભક્તોને હાર્દિક શ્રદ્ધાંજલિ...



### પૂજ્ય અક્ષરસેવાદાસ સ્વામી, સાંકરી, ઉં.વ. ૮૨, અક્ષરવાસ તા. ૨૪-૧૨-૨૦૨૦

મૂળ પૂર્વાશ્રમમાં મુંબઈ ખાતે વ્યવસાય કરી રહેલા પૂજ્ય અક્ષરસેવાદાસ સ્વામી બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની સાધુતાથી આકર્ષાઈને તેમનાં ચરણે સમર્પિત થઈ ગયા હતા. સન ૧૯૮૧માં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના હસ્તે યુગપુરુષ સ્મૃતિમંદિર પ્રતિષ્ઠા મહોત્સવે દીક્ષા ગ્રહણ કરી હતી. સન ૧૯૮૫થી સતત ૩૫ વર્ષ સુધી તેઓએ સાંકરી મંદિરમાં સેવા આપી હતી. સ્વભાવે અત્યંત સેવાભાવી. મોટેરા કે કોઈપણ નાના સંત હોય પણ દરેક સેવામાં તેમનો સહકાર મળી રહેતો. નાની-મોટી કોઈ પણ સેવામાં કે વિચરણમાં તેઓને અવસ્થાનું આવરણ નડ્યું નથી. સાદાઈ, ચોક્કસાઈ, મમત્વ અને કરકસરભરી તેઓની જીવનશૈલી દરેકને પ્રેરણારૂપ હતી. પોતાને મંદિરમાં સોંપાયેલી સેવા ઉપરાંત તેઓ વ્યસનમુક્તિનું કાર્ય વિશેષ કરતા. દર પૂનમના દિવસે મંદિરની યાત્રાએ આવતા શ્રદ્ધાળુઓને તેઓ ધીરજથી સમજાવી વ્યસનમુક્ત કરતા. તેઓએ લગભગ ૧૦,૦૦૦થી વધુ લોકોને વ્યસન છોડવાની પ્રેરણા વ્યક્તિગત રીતે આપી હતી. મોટી ઉંમરે પણ સેવા, ભજન, કથા, આરતી વગેરે આહ્નિકની દૃઢતા સાથે તેઓ ૮૨ વર્ષે હૃદયરોગના હુમલાથી અક્ષરનિવાસી થયા છે. કર્મઠ, સેવાભાવી અને ભક્તિમય ઉચ્ચ જીવનની પ્રેરણા આપનાર પૂજ્ય અક્ષરસેવાદાસ સ્વામીને હાર્દિક ભાવાંજલિ.




### પૂજ્ય ચૈતન્યવિવેકદાસ સ્વામી, સારંગપુર, ઉં.વ. ૨૫, અક્ષરવાસ તા. ૧૭-૧-૨૦૨૧

પૂજ્ય ચૈતન્યવિવેક સ્વામી પૂર્વાશ્રમમાં ડેમોલના નિવાસી હતા. તેઓના પૂર્વાશ્રમના દાદા શ્રી ડાહ્યાભાઈ પટેલ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજના સમયથી અત્યંત સંનિષ્ઠ અને સમર્પિત હરિભક્ત છે. પૂજ્ય ચૈતન્યવિવેક સ્વામીએ પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના હસ્તે સન ૨૦૧૮માં અક્ષરદેરી સાર્ધ શતાબ્દી મહોત્સવ ઉપક્રમે ગોંડલ ખાતે દીક્ષા ગ્રહણ કરી હતી. સંત તાલીમ કેન્દ્રમાં અભ્યાસ કરતા તેઓના અનેક ગુણોનાં દર્શન સંતોએ કર્યાં છે. સ્વભાવે નમ્ર, શાંત અને સહનશીલ તેઓએ દરેકનો આદર પ્રાપ્ત કરેલો. પોતાની સેવા દરમ્યાન તેઓએ ક્યારેય કષ્ટોની ચિંતા કરી નથી. પોતે હંમેશાં નિષ્ઠાના બળથી અન્યને પણ સત્સંગ અને સેવામાં જોડતા. સંતોની સાથે સેવા કરતાં કરતાં અચાનક જ આવેલ હૃદયરોગના હુમલાથી તેઓ ૨૫ વર્ષની ઉંમરે અક્ષરનિવાસી થયા છે. તપ, સંયમ અને અંતર્દૃષ્ટિ સાથેનું જીવન જીવનાર યુવાન સંતને હાર્દિક શ્રદ્ધાંજલિ.

## અક્ષરવાસ

**ભક્તરાજ શ્રી હરીશભાઈ સત્યનારાયણ દવે, અમદાવાદ, ઉં.વ. ૭૫, અક્ષરવાસ તા. ૨૧-૧૨-૨૦૨૦**




નિષ્ઠા, વફાદારી, પ્રામાણિકતા, સમર્પણભાવથી વર્ષો સુધી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાની સેવા કરનાર સંસ્થાના પૂર્વ જનરલ સેક્રેટરી શ્રી હરીશભાઈ દવેના અક્ષરવાસથી સંસ્થાને એક સંનિષ્ઠ ભક્તરાજની ખોટ પડી છે. તેઓએ C.S.(કંપની સેક્રેટરી), ICWA (ઇન્સ્ટિટ્યૂટ ઓફ કોસ્ટ એન્ડ વર્ક્સ એકાઉન્ટન્ટ - ઈન્ટરનલ ઓડિટર), LLB, LLM, DLP (ડિપ્લોમા ઈન લેબર પ્રૅક્ટિસ), DTP (ડિપ્લોમા ઈન ટેક્સેશન પ્રૅક્ટિસ) જેવી ઉચ્ચ શૈક્ષણિક ડિગ્રીઓ પ્રાપ્ત કરી હતી. કારકીર્દિની શરૂઆતમાં મોર્ડર્ન બેકરીઝ લિમિટેડમાં ઈન્ટરનલ ઓડિટર તરીકેની સેવાઓ બજાવી તેઓ સન ૧૯૮૩ પછી પ્રતિષ્ઠિત નોકરીને ઠોકર મારીને ૩૭ વર્ષની યુવાન વયે બી.એ.પી.એસ. સંસ્થામાં સમર્પિત થઈ ગયા હતા. સતત ૩૦ વર્ષથી વધુ સંસ્થાની જનરલ સેક્રેટરી અને ચીફ એકાઉન્ટન્ટ તરીકે સેવા કરીને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનો ખૂબ જ રાજીપો પ્રાપ્ત કર્યો હતો.

બી.એ.પી.એસ. સંસ્થાની વિશિષ્ટ સેવાપ્રવૃત્તિઓના સુનિયોજિત અહેવાલો અને હિસાબકિતાબ ચૅરિટી કમિશનરમાં રજૂ કરીને તેમણે ગુજરાત રાજ્યનાં સેંકડો જાહેર ટ્રસ્ટોની યાદીમાં બી.એ.પી.એસ. ટ્રસ્ટને પ્રથમ સ્થાનનું ગૌરવ અપાવ્યું હતું. ચૅરિટી કમિશનર પણ સંસ્થાની પારદર્શકતા માટે અભિનંદન પાઠવતા હતા, તેમાં હરીશભાઈની સેવા નોંધપાત્ર હતી.

વર્ષો સુધી સંસ્થાની વહીવટી અને કાનૂની કાર્યવાહીઓ, સરકારી સંકલન વગેરેમાં તેમની સેવાઓ સદા અવિસ્મરણીય રહેશે. સંસ્થાની અનેક જાહેર સેવાપ્રવૃત્તિઓ વગેરેમાં તેઓની વહીવટી દક્ષતાનો સતત લાભ મળતો રહ્યો. તેઓને સંપ્રદાયનાં શાસ્ત્રોનો પણ સારો અભ્યાસ હતો. મમત્વ, ભક્તિ અને સમર્પિત ભાવે સંસ્થાની સેવા કરીને તેઓએ સંસ્થાના એક અદના સેવક તરીકે સદા સ્મરણીય યોગદાન આપ્યું છે. સંસ્થાની વહીવટી બાબતોમાં ઉચ્ચ પદ પર હોવા છતાં તેઓ સરળ પણ એટલા જ હતા. નિયમ, ધર્મ, સત્સંગ, સેવાનું એક ઉત્તમ હરિભક્તનું ઉદાહરણ તેમણે પૂરું પાડ્યું છે. તેઓએ ઉંમર થતાં સંસ્થાની યુવાન પેઢીને આ સેવા સોંપીને નિષ્ઠા ભક્તિ અદા કરી હતી. સેવાનિવૃત્ત થયા પછી પણ તેઓ સોલા ભાગવત વિદ્યાપીઠમાં બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજની દેરીમાં થાળ-સેવા કરીને ભક્તિ અદા કરતા રહ્યા હતા.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની તેમના પર સવિશેષ કૃપા હતી. તેમના સુપુત્ર શ્રી ચિંતનભાઈના જનોઈ પ્રસંગે આશીર્વાદ આપવા માટે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ સામેથી નાજુક તબિયતે પણ અટલાદરાથી આણંદ પધાર્યા હતા.

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે તેઓની સેવાને બિરદાવતાં કહ્યું: 'તેમને સંસ્થાનું ખૂબ મમત્વ. સારામાં સારા નિષ્ણાતોને મળે, પૂછીને એપ્લાય કરે. ખૂબ ખટકાવાળા, મમત્વવાળા. સત્સંગનું વાંચન ઘણું કરતા. એવા આદર્શ હરિભક્ત હતા. એટલે એમના ગયાથી ખોટ પડી છે. ખૂબ હેતાળ હતા. હળીમળીને બધું કામ કરતા. શ્રીજીમહારાજના ચરણમાં બેસી જ ગયા છે, એમાં કોઈ શંકા વિનાની વાત છે.' આમ, ભક્તિ, સત્સંગ, સેવા, નિષ્ઠા અને સમર્પણના રંગે રંગાયેલા શ્રી હરીશભાઈના અક્ષરવાસથી બી.એ.પી.એસ. સંસ્થાને એક અપૂરણીય ખોટ પડી છે. તેઓશ્રીને હાર્દિક શ્રદ્ધાંજલિ.



**ભક્તરાજ શ્રી અરવિંદભાઈ ભાવસાર, અમદાવાદ, ઉં.વ. ૮૦, અક્ષરવાસ તા. ૬-૮-૨૦૨૦**

સન ૧૯૯૩થી સત્સંગના યોગમાં આવેલા શ્રી અરવિંદભાઈ પૂર્વના સંસ્કારથી સેવામાં જોડાઈ ગયા. સન ૧૯૯૮થી તેઓ મમત્વપૂર્વક બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના પ્લાનિંગ સેલ વિભાગમાં સેવા આપતા રહ્યા. નિ:સ્વાર્થ ભાવ, ખંત અને ચીવટ, સત્સંગનું ઊંડું મમત્વ, નિયમિતતા વગેરે ગુણોથી તેઓ સ્વામીશ્રી અને સંતોના કૃપાપાત્ર બની રહ્યા. અકસ્માતમાં તેઓનો અક્ષરવાસ થતાં સતત ૨૨ વર્ષ સુધી સેવા આપનાર એક ખંતીલા સેવક સંસ્થાએ ગુમાવ્યા છે. તેઓશ્રીને હાર્દિક શ્રદ્ધાંજલિ.



**ભક્તરાજ શ્રી સુભાષભાઈ શાહ, નાગપુર, ઉં.વ. ૮૧, અક્ષરવાસ તા. ૧૫-૦૪-૨૦૨૦**

નાગપુર બી.એ.પી.એસ. સત્સંગના પાયાના સત્સંગી શ્રી સુભાષભાઈ શાહે પોતાનું જીવન સત્સંગની અભિવૃદ્ધિ માટે સમર્પિત કરી દીધું હતું. શરૂઆતનાં વર્ષોમાં મુંબઈથી સંતો સત્સંગ અર્થે નાગપુર પધારતા ત્યારે સુભાષભાઈ તેમની સેવામાં જોડાઈ જતા હતા. મંદિર અને સત્સંગના સંવર્ધન માટે શહેરમાં વસતા ગુજરાતી પરિવારોના ઘરે ઘરે જઈને સત્સંગલક્ષી સેવાઓ વર્ષો સુધી કરતા રહ્યા હતા. જીવનના છેલ્લા શ્વાસ સુધી બી.એ.પી.એસ. પરિવારને પોતાનું કુટુંબ સમજીને તેમણે સંતો, ભક્તો અને સત્સંગની મહિમાપૂર્વક સેવા કરી હતી. ગુરુહરિની અપાર પ્રસન્નતા પ્રાપ્ત કરનાર સમર્પિત ભક્તને હાર્દિક શ્રદ્ધાંજલિ.

## ભક્તરાજ શ્રી રોહિતભાઈ પુરુષોત્તમભાઈ પટેલ, દુબઈ, ઉં.વ. ૭૬ , અક્ષરવાસ તા. ૨૧-૧-૨૦૨૧



યુ.એ.ઈ. તેમજ અખાતી દેશોના બી.એ.પી.એસ. સત્સંગમાં વિકાસમાં નોંધપાત્ર યોગદાન આપનાર સ્તંભ સમાન ભક્તરાજ શ્રી રોહિતભાઈ પટેલના અક્ષરવાસથી બી.એ.પી.એસ. સંસ્થાને ખૂબ મોટી ખોટ પડી છે.

શ્રી રોહિતભાઈને આમ તો દાદા ડાહ્યાભાઈ પટેલ તરફથી, શાસ્ત્રીજી મહારાજના સમયથી સત્સંગ વારસામાં મળ્યો હતો. શાસ્ત્રીજી મહારાજના આશીર્વાદ એ કુટુંબ પર ઊતર્યા હતા. આથી રોહિતભાઈના પિતા શ્રી પુરુષોત્તમદાસભાઈએ (પી.ડી. પટેલ) પોતાની સાહસિક વૃત્તિથી દેશ-વિદેશમાં ધંધા-વ્યાપારનું સામ્રાજ્ય જમાવ્યું હતું. રોહિતભાઈનો જન્મ તો એક સામાન્ય ગામમાં અને ઉછેર મુંબઈમાં થયો હતો. પરંતુ દુબઈ જઈને ખૂબ મહેનત કરીને તેમણે પિતાના માર્ગદર્શન મુજબ ધંધા-વ્યવસાયને અનેકગણો વિસ્તાર્યો અને એક સફળ ઉદ્યોગપતિ તરીકે નામના મેળવી હતી.

શ્રી પુરુષોત્તમભાઈ પટેલને પ્રમુખસ્વામી મહારાજ પ્રત્યે ખૂબ સ્નેહ હતો. પ્રમુખસ્વામી મહારાજની નાનીમોટી દરેક આજ્ઞાનું ખૂબ ઉત્સાહથી પાલન કરીને તેઓએ ખૂબ સેવા કરી હતી. સંસ્થાનો ખૂબ ઉત્કર્ષ થાય એવી તેમની હૃદયની ભાવના. તેમના પગલે પગલે શ્રી રોહિતભાઈને પણ સત્સંગનો એવો જ રંગ લાગ્યો. પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદથી ધંધાનો વિકાસ તો થયો, પરંતુ સન ૧૯૮૨, ૧૯૮૫ અને ૧૯૯૭માં પ્રમુખસ્વામી મહારાજ યુ.એ.ઈ. પધાર્યા ત્યારે તેઓનો નિવાસ રોહિતભાઈ અને પુરુષોત્તમભાઈના ઘરે હોય. સ્વામીશ્રી પધારે એટલે રોહિતભાઈ તેઓની સેવામાં જોડાઈ જાય. અને સ્વામીશ્રીના એ દિવ્ય સહવાસથી રોહિતભાઈ પ્રમુખસ્વામી મહારાજના રંગે પૂર્ણપણે રંગાઈ ગયા, એટલું જ નહીં, પોતાનું ધન-ધામ-કુટુંબપરિવાર બધું જ સત્સંગની સેવા માટે સમર્પિત કરી રાખ્યું. શ્રી રોહિતભાઈની સેવા-ભક્તિને કારણે યુ.એ.ઈ., ઓમાન, બાહરિન, કુવૈત, કતાર અને સાઉદી અરેબિયામાં બી.એ.પી.એસ. સત્સંગ વિશેષ અભિવૃદ્ધિ પામ્યો.

સન ૧૯૯૭માં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે સંકલ્પ કર્યો હતો કે યુ.એ.ઈ.માં સુંદર મંદિર રચવું છે, ત્યારથી રોહિતભાઈ ગુરુહરિના એ સંકલ્પને પૂર્ણ કરવા માટે થનગનતા રહ્યા હતા. યુ.એ.ઈ.માં અદ્‌ભુત બી.એ.પી.એસ. મંદિર બને તે માટે પૂજ્ય બ્રહ્મવિહારીદાસ સ્વામીની સાથે રહીને તેઓએ ખૂબ પુરુષાર્થ કર્યો. મંદિરના નકશા, ફાઉન્ડેશન વગેરે કાર્યમાં પણ રોહિતભાઈએ મોખરે રહીને સેવા કરી.

તેઓનું નિવાસસ્થાન વર્ષોથી સત્સંગ અર્થે અહીં પધારતા સંતો માટે ઉતારાસ્થાન બની ગયું હતું. અમેરિકા, આફ્રિકા, લંડનથી ભારત આવતા-જતાં સંતો જ્યારે દુબઈમાં તેમના નિવાસસ્થાને રોકાણ કરતા ત્યારે તેમની સેવાભાવના સૌને સ્પર્શી જતી. યુ.એ.ઈ.માં યોજાતા દરેક સત્સંગ-ઉત્સવમાં સંતો સાથે ખભેખભા મિલાવીને તેઓ સેવા કરતા.

પ્રમુખસ્વામી મહારાજ પ્રત્યેની અનોખી પ્રેમભક્તિને કારણે તેઓ સ્વામીશ્રીની ઉપસ્થિતિમાં દરેક ઉત્સવનો લાભ લેવા સપરિવાર ભારત પધારે. મંદિરો-તીર્થોમાં અગવડ-સગવડોનો વિચાર કર્યા વિના દર્શનયાત્રા કરીને સત્સંગલાભ પ્રાપ્ત કરે. પરિણામે તેમના સંતાનોમાં પણ સત્સંગની વિશેષ દૃઢતા થતી રહી અને સત્સંગ સૌના લોહીમાં વણાઈ ગયો.

સફળ ઉદ્યોગપતિ અને સંપત્તિવાન હોવા છતાં તેઓની નમ્રતા પણ સૌને સ્પર્શી જાય તેવી હતી. નાનામાં નાના હરિભક્તોને મદદ કરીને તેમને આગળ ધપવાની પ્રેરણા અને પ્રોત્સાહન આપે, ઉદારભાવે સહાય કરે. બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થામાં શાળાઓ, હૉસ્પિટલો, મંદિરો, ઉત્સવો વગેરેમાં તો તેઓએ નોંધપાત્ર આર્થિક સેવાઓ કરી જ, પરંતુ પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞાથી અન્ય સામાજિક સેવાઓમાં પણ તેઓ અગ્રેસર રહ્યા. ચાંગામાં ચારુસેટ યુનિવર્સિટીમાં પણ તેઓએ નોંધપાત્ર સેવાદાન કર્યું હતું. ભૂકંપ, અતિવૃષ્ટિ, ત્સુનામી વગેરે રાહતકાર્યો માટે પણ તેઓએ ખૂબ સેવા કરી હતી.

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે તેઓને શ્રદ્ધાંજલિ અર્પતાં જણાવ્યું હતું કે 'રોહિતભાઈ ખરેખર દિલના રાજા માણસ હતા. દિલના રાજા એટલે કોઈના અભાવ અવગુણની વાત જ નહીં, ઉપરથી મદદ કરે. તેઓ સ્વયં એક મંદિર બની ગયા હતા. તેમના સમગ્ર પરિવારમાં રોહિતભાઈ, મનુભાઈ, પુરુષોત્તમદાસ વગેરે અખંડ સત્સંગ માટે જ જીવ્યા છે. તેમના સુપુત્ર ચિરાગભાઈ અને ચિરાયુભાઈ સૌની સત્સંગ સમજણ દૃઢ થઈ ગઈ છે.'

આમ, ગુણાતીત ગુરુવર્યોનો અઢળક રાજીપો પ્રાપ્ત કરનાર ભક્તરાજ રોહિતભાઈના અક્ષરવાસથી સમગ્ર સંસ્થાને એક અપૂરણીય ખોટ પડી છે. તેઓશ્રીને હાર્દિક શ્રદ્ધાંજલિ...

**શ્રી જયંતીભાઈ સી. ખત્રાણી, નાગપુર, ઉં.વ. ૪૫, અ. તા. ૧૭-૮-૨૦૨૦**



નાગપુરના બી.એ.પી.એસ. મંદિર નિર્માણના આરંભથી લઈને જીવનના છેલ્લા શ્વાસ સુધી મંદિરની ખંતપૂર્વક સેવા કરનારા આ સમર્પિત હરિભક્તની સેવા મંદિરના તમામ પ્રકલ્પોમાં હંમેશાં યાદ રહેશે. મહારાજ સ્વામી તેમના કુટુંબીજનોને દુઃખ સહન કરવાનું બળ આપે એ જ પ્રાર્થના સહ હાર્દિક શ્રદ્ધાંજલિ...

**શ્રી કરશનભાઈ કે. ટાંક, રાજુલા, ઉં.વ. ૯૧, અ. તા. ૧૧-૮-૨૦૨૦**



સમગ્ર જીવન સત્સંગમય વીતાવીને પોતાના સુપુત્ર(સાધુ આત્મદર્શનદાસ સ્વામી)ને સ્વામીશ્રીના ચરણે સમર્પિત કરીને સત્સંગની વિશેષ સેવા કરનાર તેઓ એક સંનિષ્ઠ ભક્તરાજ હતા. અંતિમ શ્વાસ સુધી સેવા-ભક્તિમય જીવન જીવીને સ્વામીશ્રીનો ખૂબ રાજીપો પ્રાપ્ત કરનાર આ ભક્તરાજને હાર્દિક શ્રદ્ધાંજલિ...

---

**સ્વામિનારાયણ અક્ષરપીઠની તમામ સામગ્રી ખરીદો હવે ઓનલાઈન...**

# બી.એ.પી.એસ. સ્ટોર

## સ્વામિનારાયણ અક્ષરપીઠ

**BAPS.STORE**
**SWAMINARAYAN AKSHARPITH**

સ્વામિનારાયણ અક્ષરપીઠનું નૂતન સોપાન એટલે BAPS.STORE વેબસાઇટ. આ વેબસાઇટમાં ૭૦૦ કરતાં વધારે સામગ્રીઓ આપણે ઘરે બેઠાં પ્રાપ્ત કરી શકીએ છીએ. જેમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ અને ગુણાતીત ગુરુવર્યોનાં જીવનચરિત્રો, ઉત્તમ જીવનની પ્રેરણા આપતાં પ્રકાશનો તેમજ કેલેન્ડર્સ, ડાયરીઝ, માળા, કંઠી, નિત્યપૂજા સામગ્રી, વિવિધ પ્રકારની અગરબત્તીઓ, ઘરમંદિરો, લેમિનેટેડ મૂર્તિઓ, ગિફ્ટ આર્ટિકલ્સ, ટી-શર્ટ અને અન્ય સામગ્રીઓ પણ તમે ઓનલાઇન નિહાળીને પ્રાપ્ત કરી શકશો.

**(નોંધ : આ વ્યવસ્થા હાલ માત્ર ભારત પૂરતી ઉપલબ્ધ છે.)**



# પદ્માસન



**યોગ, વ્યક્તિને ભગવાનમાં જોડવાની એક પ્રક્રિયા છે. જેનું એક મહત્ત્વનું પગથિયું છે - આસન, જે શરીરને સ્થિરતા આપે, મનને શાંતિ આપે, સ્વાસ્થ્યની વૃદ્ધિ અને તન-મનની સ્ફૂર્તિ આપે. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ પણ નિયમિત યોગ-પ્રાણાયામ કરીને પ્રેરણા આપતા. સાધુ અક્ષરજીવનદાસ દ્વારા લિખિત 'યોગ અને અધ્યાત્મ' પુસ્તકના આધારે 'પ્રકાશ'માં હવેથી માણીશું યોગની કેટલીક રજૂઆતો.**

● યોગાસનથી શરીરનાં આંતરિક અંગોને પૂરતી કસરત મળી રહે છે.

● શરીર લચીલું અને સ્ફૂર્તિમય બને છે. જેથી કામ કરવાની શક્તિ વધે છે. વ્યક્તિ યુવાન લાગે છે, તેનું આયુષ્ય વધે છે અને નીરોગી રહે છે.

● આસનો ખાલી પેટ કરવાં અથવા ભોજન બાદ ૫/૬ કલાક પછી કરી શકાય. આસનો કર્યાં પછી અડધા કલાક બાદ જ કંઈક ખાવું-પીવું જોઈએ.

● યોગાસન બને ત્યાં સુધી પ્રાતઃકાલે શૌચક્રિયા કર્યા પછી કરવા જોઈએ.

● એકાગ્રતાથી આસન કરવામાં આવે તો શારીરિક અને માનસિક લાભ વધુ થાય છે. આસન કરતી વખતે વાતચીત કરવી નહીં.

● આસનો કરતાં કરતાં વચ્ચે અને છેલ્લે શવાસન કરીને શરીરનાં તંગ થયેલાં સ્નાયુઓને ઢીલાં કરી આરામ આપવો.

આટલી પ્રાથમિક માહિતી બાદ હવે પ્રથમ આસન - પદ્માસનની વિગત મેળવીએઃ

યોગાસનોનું સૌથી પ્રાથમિક આસન છે – પદ્માસન. સરળ, ઉપયોગી અને આધ્યાત્મિક ઉન્નતિ આપે તેવું આસન.

પદ્માસનના નિયમિત અભ્યાસથી મન સ્થિર થાય છે. સ્મરણશક્તિ વધે છે. અંતઃસ્રાવી ગ્રંથિઓ કાર્યક્ષમ બને છે. પાચનશક્તિ વધે છે. વાયુના રોગ મટે છે.

અન્ય અનેક દર્દો આ આસનના નિયમિત અભ્યાસથી નાશ પામે છે. શારીરિક અને માનસિક આરોગ્યની રક્ષા થાય છે.

ધ્યાન, પ્રાતઃપૂજા, પ્રાણયામ વગેરેમાં આ આસન સાથે કરવામાં આવે તો તેમાં વધુ લાભ થાય છે. આ આસનમાં બેસીને પ્રાણાયામ કે ઊંડા શ્વાસોશ્વાસની પ્રક્રિયા કરવાથી મનનો તણાવ ઘટે છે. વ્યાકુળ મન શાંત થાય છે.

પદ્માસનની શારીરિક અવસ્થા સત્ત્વગુણને જન્માવનારી છે. આ આસનમાં એક કલાક સુધી કષ્ટ રહિત બેસી શકનાર વ્યક્તિનું મનોબળ અને એકાગ્રતા વૃદ્ધિ પામે છે.

**પ્રયોગ :**

બન્ને પગ લાંબા કરી બેસો. બંને પગ ઢીંચણમાંથી વાળી, જમણા પગનો પંજો બન્ને હાથથી પકડી ડાબી સાથળ પર મૂકો. ડાબા પગનો પંજો બન્ને હાથ વડે પકડી જમણી સાથળ પર ગોઠવો. આમ થવાથી બન્ને પગની એડીઓ નાભિની સમરેખામાં આવશે. બંને પગનાં તળિયાં ઉપર તરફ રહેશે. હવે મેરુદંડ સીધો કરી ટટ્ટાર બેસો. આંખો બંધ કરી નાસિકાગ્ર વૃત્તિ સાંધો. બન્ને હાથને જ્ઞાનમુદ્રામાં કે ધ્યાનમુદ્રામાં રાખી શકાય.

છાતી ઉપર હડપચીને દૃઢપણે લગાવી સ્થિર કરવી. પરબ્રહ્મનું ચિંતન કરતાં કરતાં મનમાં ધારણા કરો કે ભગવાન અને ગુરુની કૃપા મારા પર વરસી રહી છે, હું ધન્ય થયો છું, હું કૃતાર્થ થયો છું.

**નોંધ :** આ આસન શરૂમાં બે મિનિટ રાખવું. પછી ધીમે ધીમે સમય વધારી શકાય. પગ બદલાવીને પણ બેસી શકાય.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ સુખાસનમાં નિયમિત પ્રાણાયામ કરતા ત્યારે જે સંગીત વગાડવામાં આવતું હતું તેની સાથે આપ યોગાસન કરશો તો વિશેષ આનંદ આવશે. 'અક્ષરઅમૃતમ્ એપ'માં આપ એ સંગીત 'પ્રાણાયામ વિથ પ્રમુખ સ્વામી મહારાજ' આલ્બમ દ્વારા માણી શકશો. ◆




૧



૪




૨




૩

## યુ.કે.ના બર્મિંગહામ અને માન્ચેસ્ટર મંદિરની મૂર્તિપ્રતિષ્ઠા તથા મહુવાના સ્મૃતિમંદિરના કળશ-ધજાદંડનો પૂજનવિધિ

(૧-૩) તા. ૩૧-૧૨-૨૦૨૦ના રોજ નેનપુર ખાતે બિરાજતા સ્વામીશ્રીનાં કરકમળો દ્વારા યુ.કે.ના બર્મિંગહામ અને માન્ચેસ્ટર ખાતે રચાયેલા બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓનાં વેદોક્ત વિધિપૂર્વક પૂજન-પ્રતિષ્ઠાવિધિ થયાં હતાં. સાથે સાથે તીર્થધામ મહુવા ખાતે નિર્માણાધીન ભગતજી મહારાજના સ્મૃતિમંદિરના કળશ તથા ધજાદંડનો પૂજનવિધિ પણ કર્યો હતો.

(૪) ઑસ્ટ્રેલિયા, ન્યૂઝીલેન્ડના હરિભક્તોનાં ઘરમંદિરોમાં પ્રતિષ્ઠિત થનારી શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજની ધાતુ-મૂર્તિઓને સ્થાપિત કરવા માટે યોજાયેલ વેદોક્ત પૂજન-પ્રતિષ્ઠા વિધિમાં રત સ્વામીશ્રી, તા. ૨૮-૧૨-૨૦૨૦, નેનપુર.

Swaminarayan Prakash Gujarati, February-2021, Published on 1-2-2021. Posted at Ahmedabad, P.S.O. 1st to 4th on Every Month. Licenced to post without prepayment No. PMG/NG/009/2021-23, Valid upto 31-12-2023. Regd No. GAMC-274/2021-2023, Valid upto 31-12-2023, RNI 33506/79.





ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજના ૯૯મા જન્મજયંતી મહોત્સવે દેશ-વિદેશના લાખો ભક્તોની ભાવના નેનપુર ખાતે રંગબેરંગી પુષ્પોની એક કલાત્મક રંગોળી રૂપે સાકાર થઈ હતી. આ રંગોળી વચ્ચે પ્રમુખસ્વામી મહારાજની મૂર્તિ સાથે બિરાજીને મહંત સ્વામી મહારાજે ગુરુવંદના કરી હતી. જન્મજયંતીના પર્વે શ્રીહરિકૃષ્ણ મહારાજ, શ્રી ગુણાતીતાનંદ સ્વામી સાથે પ્રમુખસ્વામી મહારાજની આરતી કરી રહેલા સ્વામીશ્રી. (તા. ૨૨-૧૨-૨૦)



Printed and Published by Sadhu Keshavjivandas on behalf of Swaminarayan Aksharpith. Printed at Swaminarayan Mudran Mandir, Shahibaug Rd., Ahmedabad - 4 and published from Swaminarayan Aksharpith, Shahibaug Rd., Ahmedabad-4. Editor - Sadhu Swayamprakashdas